દૈનિક
મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 253 ■ વિક્રમ સંવત ૨૦૮૨
કાર્તિક સુદ - ૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 27 October 2025, Monday ■ REGD.No. MCS/058/2024-26
સોમવાર, ૨૭ ઑક્ટોબર ૨૦૨૫ (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રમાં કમોસમી વરસાદ

નવસારીમાં ૩૪ કલાકમાં ૧૫૭ મિ.મી. વરસાદ નોંધાયોઃ ૭૨ તાલુકામાં માવઠું

SCAN FOR TODAY'S GOLD RATE
ANTARA GOLD RATE
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પૂર્વ-મધ્ય અરબી સમુદ્ર પર ડિપ્રેશનને કારણે રવિવારે ગુજરાતના અનેક ભાગોમાં કમોસમી વરસાદ પડ્યો હતો, હવામાન વિભાગે આગામી ચાર દિવસમાં વધુ વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે, ડિપ્રેશનને કારણે, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર ક્ષેત્રમાં છેલ્લા ૩૪ કલાકમાં ભારેથી અતિ ભારે વરસાદ પડ્યો છે, જેમાં નવસારીમાં ૧૫૭ મિ.મીનો સમાવેશ થાય છે. ગુજરાતના ૭૨ તાલુકામાં માવઠું થયું હતું અને ૩૦મી ઑક્ટોબર સુધી કમોસમી વરસાદની આગાહી કરાઈ છે.

ભારતીય હવામાન વિભાગે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ડિપ્રેશન શરૂઆતમાં લગભગ દક્ષિણપશ્ચિમ તરફ અને પછી આગામી ૨૪ કલાક દરમિયાન પૂર્વ-મધ્ય અરબી સમુદ્રમાં દક્ષિણ-દક્ષિણપશ્ચિમ તરફ આગળ વધશે.

આગામી ચાર દિવસમાં હવામાન સિસ્ટમ ગુજરાતના અનેક ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદ લાવશે. નવસારી, વલસાડ, અમરેલી, જૂનાગઢ, ભાવનગર અને ગીર સોમનાથ જેવા જિલ્લાઓમાં આ સમયગાળા દરમિયાન ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે.

રાજ્ય ઇમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, નવસારી જિલ્લાના નવસારી તાલુકામાં છેલ્લા ૩૪ કલાક દરમિયાન - શનિવારે સવારે ૬ વાગ્યાથી રવિવારે સાંજે ૪ વાગ્યા સુધી - ૧૫૭ મીમી વરસાદ પડ્યો હતો, જે રાજ્યમાં સૌથી વધુ હતો.

ત્યારબાદ ગીર સોમનાથના સુત્રાપાડા તાલુકો (૧૨૮ મિમી), વલસાડના ઉમરગામ (૯૬ મિમી), નવસારીનો ખેરગામ (૮૫ મિમી), ગીર સોમનાથના વેરાવળ (૭૯ મિમી), ડાંગ જિલ્લાના આહવા (૭૧ મિમી), નવસારીનો જલાલપોર (૬૯ મિમી) અને વલસાડ જિલ્લાના વલસાડ તાલુકામાં ૫૬ મિમી કમોસમી વરસાદ ખાબક્યો હતો.

ગિરનારમાં ભારે પવનના કારણે રોપ-વે બંધ

જૂનાગઢ સ્થિત સુપ્રસિદ્ધ ગિરનાર પર્વત પર રવિવારે (૨૬ ઓક્ટોબર) પવનની ગતિ અસામાન્ય રીતે વધી

(જુઓ પાનું ૨) ▶▶

મુંબઈમાં ૩૦મી સુધી વરસાદની આગાહી ૧૦

સ્વદેશી વસ્તુઓની ખરીદીમાં વધારાથી તહેવારોની રોનક વધીઃ મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે તેમના ''મન કી બાત'' કાર્યક્રમ મારફતે દેશને સંબોધન કર્યું હતું. તેમણે ઓલ ઈન્ડિયા રેડિયો પર 'મન કી બાત' કાર્યક્રમના ૧૨૭માં એપિસોડમાં દેશ અને વિદેશના લોકો સાથે વિવિધ વિષયો પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. તેમણે તહેવારોની સીઝનમાં સ્વદેશી વસ્તુઓની ખરીદીમાં થયેલા જંગી વધારા અને સ્વચ્છતાની પહેલની પ્રશંસા કરી હતી. તેમણે દેશવાસીઓને ઉત્સવની શુભેચ્છાઓ પાઠવી હતી. છઠનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે છઠનો ભવ્ય તહેવાર સંસ્કૃતિ, પ્રકૃતિ અને સમાજ વચ્ચેની ઊંડી એકતાનું પ્રતિબિંબ છે. સમાજનો દરેક વર્ગ છઠ ઘાટ પર એકસાથે ઊભો છે. આ દ્રશ્ય ભારતની સામાજિક એકતાનું સૌથી સુંદર ઉદાહરણ છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, 'આ વર્ષે સ્વદેશી વસ્તુઓની ખરીદીમાં ભારે ઉછાળો આવ્યો છે. લોકો જીએસટી બચત મહોત્સવને લઈને ખૂબ જ ઉત્સાહિત છે. તહેવારો દરમિયાન બજારોમાં સ્વદેશી વસ્તુઓની ખરીદીમાં જબરદસ્ત વધારો થયો છે.' વધુમાં તેમણે ખાદ્ય તેલના વપરાશમાં ૧૦ ટકા ઘટાડો કરવાના પોતાના આગ્રહનો પણ ઉલ્લેખ કર્યો, જેના પર

(જુઓ પાનું ૨) ▶▶

'વંદે માતરમ્'ના ૧૫૦ વર્ષની ઉજવણીની કરી અપીલ

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે કહ્યું હતું કે દેશભક્તિનું ગીત 'વંદે માતરમ્' ભારતના જીવંત અને ભવ્ય સ્વરૂપને દર્શાવે છે. તેમણે નાગરિકોને આગ્રહ કર્યો હતો કે તેઓ ભવિષ્યની પેઢીઓ માટે તેના મૂલ્યોને આગળ ધપાવતા દેશભક્તિના ગીતના ૧૫૦મા વર્ષને યાદગાર બનાવે. 'મન કી બાત' કાર્યક્રમના ૧૨૭માં એપિસોડમાં વડા પ્રધાન મોદીએ કહ્યું હતું કે બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય દ્વારા રચિત અને રવીન્દ્રનાથ ટાગોર દ્વારા ૧૮૯૬માં સૌ પ્રથમવાર ગાવામાં આવેલા રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ્' ની ૧૫૦મી વર્ષગાંઠની ઉજવણીના ઉપલક્ષ્યમાં આખા દેશમાં તેના સંબંધિત

(જુઓ પાનું ૨) ▶▶

ઓડિશા, આંધ્ર, તમિળનાડુ અને બંગાળમાં વાવાઝોડાં સાથે ભારે વરસાદની આગાહી

ભુવનેશ્વરઃ ઓડિશા. આંધ્ર પ્રદેશ, તમિળનાડુ અને બંગાળમાં વાવાઝોડાં સાથે ભારે વરસાદની હવામાન ખાતાએ આગાહી કરી છે.

બંગાળના અખાતમાં સર્જાયેલો હવાના દબાણનો પટ્ટો તીવ્ર ગતીએ વાવાઝોડાંમાં પરિવર્તિત થઈ આગળ વધી રહ્યો હોવાને કારણે ૨૮થી ૩૧ ઑક્ટોબર દરમિયાન પશ્ચિમ બંગાળના અનેક જિલ્લામાં ભારે વરસાદ થશે, એમ હવામાન ખાતાએ રવિવારે કહ્યું હતું.

હવાના દબાણનો પટ્ટો પૂર્વ કિનારા વિસ્તાર તરફ આગળ વધી રહ્યો હોવાનું અધિકારીઓએ કહ્યું હતું.

૨૮ અને ૨૯ ઑક્ટોબરે ઓડિશામાં ભારેથી અતિભારે વરસાદ થશે, એમ તેમણે કહ્યું હતું.

હવામાન ખાતાએ ઓડિશાના મલકાનગિરિ, કારાપૂત, રાયાગાડા, ગજાપતિ અને ગંજામ જિલ્લામાં રેડ અલર્ટ તો અન્ય અનેક જિલ્લાઓમાં ઑરેન્જ અને યલો અલર્ટ જારી કર્યું છે.

ઓડિશાના તમામ બંદરો પર ડિસ્ટન્ટ કૉશનરી સિગ્નલ નં-૧ (ડીસી-વન) લગાડી દેવામાં આવ્યું છે અને માછીમારોને ૨૯ ઑક્ટોબર સુધી દરિયામાં ન જવાની સલાહ આપવામાં આવી છે. માછીમારોને સાવધ કરવા લાઉડસ્પીકર અને મેગાફોનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

દરિયામાં ગયેલા તમામ માછીમારો સુરક્ષિત રીતે

(જુઓ પાનું ૨) ▶▶

પાકિસ્તાને સલમાન ખાનને આતંકવાદી જાહેર કર્યો

નવી દિલ્હીઃ બોલિવૂડ અભિનેતા સલમાન ખાને તાજેતરમાં સાઉદી અરેબિયામાં એક શો દરમિયાન બલૂચિસ્તાનને પાકિસ્તાનથી અલગ દેશ ગણાવ્યો હતો. આ નિવેદનને લઇને પાડોશી દેશ ભારે નારાજ છે. તો વળી શાહબાઝ સરકારે સલમાનને ખાનને આતંકવાદી જાહેર કરી દીધો છે. આ અંગે પાકિસ્તાનના ગૃહ મંત્રાલયે એક નોટિફિકેશન પણ જારી કર્યું છે.

પાકિસ્તાનના ગૃહ મંત્રાલયે સલમાન ખાનને ફોર્થ શેડ્યૂલમાં મૂકી દીધો છે એટલે કે તેને આતંકવાદી જાહેર કરી દીધો છે. આ યાદી આતંકવાદ-વિરોધી કાયદા (એન્ટિ-ટેરરિઝમ એક્ટ) હેઠળ આવે છે. જેમાં સામેલ વ્યક્તિઓ પર પાકિસ્તાનમાં કાનૂની કાર્યવાહી કરવામાં આવે છે. આ સંદર્ભમાં એક સત્તાવાર સૂચના પણ જારી કરવામાં આવી છે. જો કે સલમાન ખાન કે તેના પ્રતિનિધિઓ તરફથી તાત્કાલિક કોઇ પ્રતિક્રિયા આવી નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે સાઉદી અરેબિયામાં યોજાયેલા જોય ફોરમ ૨૦૨૫ કાર્યક્રમમાં બોલતા અભિનેતા સલમાન ખાનનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઇ રહ્યો છે. આ વીડિયોમાં

(જુઓ પાનું ૨) ▶▶

ભારત રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરશેઃ ટ્રમ્પ

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ફરી એકવાર દાવો કર્યો છે કે ભારત રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરશે.

તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે ભારત રશિયા પાસેથી તેલની ખરીદીમાં કાપ મૂકી રહ્યું છે અને ધીમે ધીમે તેલ ખરીદવાનું સંપૂર્ણપણે બંધ કરી દેશે.

ચીન પણ રશિયા પાસેથી તેલની ખરીદીમાં મોટા પ્રમાણમાં ઘટાડો કરશે, એમ તેમણે કહ્યું હતું.

મલયેશિયા જતાં વિમાનમાં પત્રકારોને આપેલી મુલાકાતમાં ટ્રમ્પે કહ્યું હતું કે ભારત રશિયા પાસેથી તેલની ખરીદી કરવાનું સંપૂર્ણપણે બંધ કરી દેશે.

દક્ષિણ કોરિયામાં યોજાનારી એશિયા પેસિફિક ઈકોનોમિક કોઓપરેશન (ઍપેક) સમિટમાં ટ્રમ્પ ચીનના પ્રમુખ શી જિનપિંગને મળશે અને રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરવાને મુદ્દે વાતચીત કરશે. અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ અને તેમનું વહીવટીતંત્ર છેલ્લાં કેટલાક દિવસથી દાવો કરી રહ્યા છે કે રશિયા પાસેથી તેલની ખરીદી સંપૂર્ણપણે બંધ કરવાની ભારતે બાંયધરી આપી છે. અમેરિકાનું માનવું છે કે ભારત રશિયા પાસેથી તેલ ખરીદીને યુક્રેન યુદ્ધ માટે પુતિનને નાણાં પૂરા પાડી મદદ કરી રહ્યું છે. (એજન્સી)■

રશિયા દ્વારા ન્યૂક્લિઅર એન્જિન સાથેના મિસાઈલનું પરીક્ષણ

મોસ્કો : રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિને રવિવારે અણુ ઊર્જાથી ચાલતા અમર્યાદિત રેન્જના 'બુરેવેસ્ત્નિક' ક્રૂઝ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું હતું. પુતિને સશસ્ત્ર દળોને આને દાખલ કરવાનું માળખું તૈયાર કરવાનો આદેશ આપ્યો હતો. પુતિને ડિફેન્સ સ્ટાફના વડા અને બીજા મિલિટરી કમાન્ડર સાથેની પ્રસારિત બેઠકમાં પુતિને કહ્યું હતું કે તાજેતરમાં ન્યક્લિયર ફોર્સીસની કવાયતમાં 'બુરેવેસ્ત્નિક' ક્રૂઝ મિસાઈલ ૧૫ કલાક હવામાં રહ્યું હતું અને તેણે ૧૪,૦૦૦ કિલોમીટરનું અંતર કાપ્યું હતું.

રશિયન લશ્કરી દળોના સર્વોચ્ચ સેનાપતિ તરીકે પુતિને યુક્રેનમાંના મિલિટરી ઓપરેશન્સના જોઈન્ટ સ્ટાફની મુલાકાત લીધી હતી અને ચીફ જનરલ સ્ટાફ જનરલ વેલેરી જેરાસિમોવની આગેવાની હેઠળના ફોર્સ કમાન્ડર સાથે વાતચીત કરી હતી. જેરાસિમોવે પુતિનને બે મહત્ત્વની દિશામાં યુક્રેનના ૧૦,૦૦૦થી વધારે દળોને કઈ રીતે ઘેરવામાં આવ્યા છે એનો ખ્યાલ આપ્યો હતો. ૩૧ બટાલિયન ધરાવતા લશ્કરી દળના મોટા જૂથને અટકાવી દેવામાં આવ્યો છે. (એજન્સી)■

પાંચ બાળકને એચઆઈવી સંક્રમિત લોહી ચઢાવાયું

રાંચીઃ ઝારખંડના પશ્ચિમ સિંહભૂમ જિલ્લામાં તબીબી બેદરકારીનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અહીં ચાઇબાસા સરકારી હૉસ્પિટલમાં બ્લડ ટ્રાન્સફ્યૂઝન(લોહી ચઢાવવું) બાદ ઓછામાં ઓછા પાંચ બાળક એચઆઇવી પોઝિટિવ હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટનાથી રાજ્યના આરોગ્ય વિભાગમાં ખળભળાટ મચી ગયો છે.

ઝારખંડના મુખ્ય પ્રધાન હેમંત સોરેને રવિવારે થેલેસેમિયાગ્રસ્ત પાંચ બાળક બ્લડ ટ્રાન્સફ્યૂઝન બાદ એચઆઇવી પોઝિટિવ હોવાનું જાણવા મળ્યા બાદ પશ્ચિમ સિંહભૂમ જિલ્લાના સિવિલ સર્જન અને અન્ય સંબંધિત અધિકારીઓને સસ્પેન્ડ કરવાનો આદેશ આપ્યો હતો.

પશ્ચિમ સિંહભૂમ જિલ્લા મુખ્યાલય ચાઇબાસામાં સ્થાનિક બ્લડ બૅંક પર સાત વર્ષીય થેલેસેમિયા દર્દીના પરિવાર દ્વારા એચઆઇવી સંક્રમિત લોહી ચઢાવ્યું હોવાના આરોપના એક દિવસ પછી રવિવારે રાંચીની પાંચ સભ્યોની મેડિકલ ટીમ દ્વારા કરવામાં આવેલી તપાસમાં વધુ ચાર બાળક એચઆઇવી પોઝિટિવ મળી આવ્યા હતા.

સોરેને એક્સ પર જણાવ્યું કે ચાઇબાસામાં થેલેસેમિયાથી પીડિત બાળકોને એચઆઇવી સંક્રમિત લોહી ચઢાવવામાં આવ્યું હોવાના અહેવાલો

(જુઓ પાનું ૨) ▶▶

સ્વાસ્થ્ય સેવા રાષ્ટ્રીય વિકાસનું અભિન્ન અંગઃ રાષ્ટ્રપતિ

ગાજિયાબાદ (ઉત્તર પ્રદેશ): રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ રવિવારે ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદના ઇન્દિરાપુરમમાં યશોદા મેડિસિટીનું ઉદઘાટન કર્યું હતું. આ પ્રસંગે તેમણે સંસ્થાના આધુનિક આરોગ્ય સંભાળ માળખા અને જાહેર સેવાની ભાવનાની પ્રશંસા કરી હતી. રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે દેશવાસીઓને સમર્પણ સાથે આરોગ્ય સેવાઓ પૂરી પાડતી સંસ્થાની મુલાકાત લઈને તેઓ ગર્વ અને આનંદ બંને અનુભવે છે. તેમણે કહ્યું હતું કે યશોદા મેડિસિટીએ સંપૂર્ણ સમર્પણ સાથે રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ અપનાવી છે. કૉવિડ મહામારી દરમિયાન આ સંસ્થાએ મોટી સંખ્યામાં લોકોની સારવાર કરી છે અને ટીબી નાબૂદી કાર્યક્રમ હેઠળ ઉત્તમ કાર્ય પણ કર્યું છે. તેમણે માહિતી આપી કે યશોદા મેડિસિટી 'સિસ્ટમ ફોર ટીબી એલિમિનેશન ઇન પ્રાઇવેટ સેક્ટર' હેઠળ ઉત્તર ભારતમાં પ્રથમ કેન્દ્ર તરીકે સ્થાપિત કરવામાં આવી છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ રવિવારે જણાવ્યું હતું કે સ્વાસ્થ્ય સેવાઓ રાષ્ટ્રીય વિકાસનો અભિન્ન ભાગ છે અને કોઈપણ નાગરિકને અસરકારક તબીબી સેવાઓથી વંચિત ન રાખવો જોઈએ. ગાઝિયાબાદના ઇન્દિરાપુરમમાં એક ખાનગી હાસ્પિટલ યશોદા મેડિસિટીનું ઉદઘાટન કર્યા પછી સભાને સંબોધતા રાષ્ટ્રપતિએ કહ્યું કે સ્વાસ્થ્ય સેવાના ક્ષેત્રમાં સેવા આપીને તબીબી વ્યવસાયમાં રહેલા લોકો પણ રાષ્ટ્રની સેવા કરી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે, ''હું તમારા બધાની પ્રતિબદ્ધતાની પ્રશંસા કરું છું. મને એ જાણીને આનંદ થયો કે યશોદા હૉસ્પિટલ રાષ્ટ્રીય આરોગ્ય પ્રાથમિકતાઓ અનુસાર ઈમાનદારીથી કાર્ય કરી રહી છે.''

આ કાર્યક્રમમાં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ અને કેન્દ્રીય આરોગ્ય રાજ્યમંત્રી અનુપ્રિયા પટેલ પણ હાજર રહ્યા હતા. રાષ્ટ્ર નિર્માણમાં સ્વાસ્થ્ય સેવાની ભૂમિકા પર ભાર મૂકતા રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે, ''આરોગ્ય સંભાળ રાષ્ટ્રીય વિકાસનો અભિન્ન ભાગ છે.'' લોકોને રોગોથી બચાવવા અને તેમના આરોગ્ય ધોરણોમાં સુધારો કરવો એ સરકારની ટોચની પ્રાથમિકતાઓમાંની એક છે, જે દેશભરમાં આરોગ્ય માળખાગત સુવિધાઓ અને તબીબી સેવાઓનો સતત વિસ્તાર કરી રહી છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, ''આ પ્રયાસો સ્વસ્થ અને

(જુઓ પાનું ૨) ▶▶

લખનઊમાં એસી બસમાં લાગી આગ

લખનઊઃ ઉત્તર પ્રદેશની રાજધાની લખનઊના કાકોરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આગ્રા-લખનઊ એક્સપ્રેસ વે પર રેવડી ટોલ પ્લાઝા નજીક રવિવારે એક ખાનગી એસી સ્લીપર બસમાં આગ લાગી હતી. જોકે, આ અકસ્માતમાં કોઈને ઈજા થઈ નથી, એમ પોલીસે જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના સવારે ૪:૪૫ વાગ્યાની આસપાસ બની હતી' જ્યારે દિલ્હીથી લખનઊ થઇને ગોંડા જઈ રહેલી બસમાં ટોલ પ્લાઝાથી લગભગ ૫૦૦ મીટર પહેલા અચાનક આગ લાગી હતી.

માહિતી મળતાં પોલીસ અને ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર વિભાગની મદદથી બસમાં સવાર તમામ ૩૯ મુસાફરને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. આગને એક કલાકમાં કાબૂમાં લેવામાં આવી હતી. બસ ડ્રાઇવર

(જુઓ પાનું ૨) ▶▶

થાઈલૅન્ડ-કંબોડિયા વચ્ચે શસ્ત્રવિરામ

કુઆલાલમ્પુરઃ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની હાજરીમાં થાઈલૅન્ડ અને કંબોડિયાએ રવિવારે વધુ વ્યાપક શસ્ત્રવિરામ કરાર પર સહી કરી હતી. મલયેશિયાના પ્રવાસ દરમિયાન ટ્રમ્પે થાઈલૅન્ડ અને કંબોડિયાની મુલાકાત પણ લીધી હતી.

ટ્રમ્પે મલેશિયા, થાઈલૅન્ડ અને કંબોડિયા સાથે આર્થિક કરાર પર સહી કરી હતી. મલયેશિયાના વડા પ્રધાન અનવર ઈબ્રાહિમે પણ આ કરારની પ્રશંસા કરી હતી.

આર્થિક પ્રતિબંધો મૂકવાના ટ્રમ્પે આણેલા દબાણે બંને દેશને સરહદી વિવાદનો અંત આણવા પ્રેર્યા હતા.

કરારના પ્રથમ તબક્કાના ભાગરૂપ થાઈલૅન્ડ કંબોડિયાના કેદીઓને મુક્ત કરશે અને કંબોડિયા ભારે તોપો ખસેડવાની કામગીરીનો આરંભ કરશે. બંને દેશ વચ્ચે ફરી યુદ્ધ ન ભડકી ઊઠે તેની ખાતરી કરવા પ્રાદેશિક નિરીક્ષકો પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખશે.

કંબોડિયાના વડા પ્રધાન હન માનેતે આને ઐતિહાસિક દિવસ લેખાવ્યો હતો તો થાઈલૅન્ડના વડા પ્રધાન અનુટિન ચાર્નવિરાકુલે કહ્યું હતું કે આ કરાર લાંબાગાલાની શાંતિનું નિર્માણ કરશે. (એજન્સી)■

ઉત્તરાખંડના ચમોલીનું દેવતાલ તળાવ થીજ્યું

ચમોલીઃ ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં ભારત-ચીન સરહદ પર માણા ગામ નજીક આવેલી દેવતાલ ઝીલ હાલ સંપૂર્ણપણે થીજી ગઇ છે. આ તળાવ દરિયાની સપાટીથી ૧૮,૦૦૦ ફૂટ ઊંચાઇ પર સ્થિત છે. ઓક્ટોબરમાં થયેલી અસામાન્ય હિમવર્ષા અને તાપમાનમાં ભારે ઘટાડાને કારણે તળાવનું સ્વચ્છ પાણી હવે ચળકતાં બરફમાં ફેરવાઇ ગયું છે. આ દ્રશ્ય માત્ર પ્રકૃતિની કરામતને જ પ્રતિબિંબિત કરતું નથી પરંતુ હિમાલય ક્ષેત્રમાં આબોહવા પરિવર્તનનો સંકેત પણ આપે છે.

આ વર્ષે પર્વતો પર ઠંડીનો પ્રકોપ એટલો તીવ્ર છે કે સામાન્ય કરતાં વધુ હિમવર્ષાએ સમગ્ર વિસ્તારને સફેદ ચાદર ઓઢાડી દીધી છે. માણા ગામથી થોડા કિલોમીટર દૂર આવેલું દેવતાલ તળાવ હિન્દુ પૌરાણિક કથાઓ સાથે સંકળાયેલું છે. એવી માન્યતા છે કે મહાભારત કાળ દરમિયાન અહીં પાંડવોએ દેવતાઓ પાસેથી આશીર્વાદ માંગ્યા હતા, તેથી આ તળાવનું દેવતાલ નામ પડ્યું હતું. તળાવનું પાણી એટલું શુદ્ધ અને પારદર્શક છે કે ઉનાળામાં આકાશ અને આસપાસના શિખરો તેમાં પ્રતિબિંબિત થાય છે.

ઓક્ટોબરના મધ્યમાં તળાવનું થીજી જવું અસામાન્ય ઘટના છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આ પ્રદેશમાં તાપમાન માઇનસ ૧૦ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે, જે ગત વર્ષોની સરખામણીએ ઘણું ઓછું છે. ભારે હિમવર્ષા અને સતત ઠંડીને કારણે તળાવની સપાટી પર બરફનું જાડું પડ બની ગયું છે. આ બરફ એટલો મજબૂત છે કે પ્રવાસીઓ તેના પર ચાલીને ફોટોગ્રાફી કરી રહ્યા છે. દેવતાલ તળાવને પ્રવાસીઓ માટે સપ્ટેમ્બર ૨૦૨૧માં ફરી ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. ભારત-ચીન યુદ્ધ પછી અહીં પ્રવાસીઓને જવાની મનાઇ હતી.

દેવતાલ તળાવનું ઓક્ટોબરમાં થીજી જવું હિમાલયન પર્યાવરણની નાજુકતાને ઉજાગર કરે છે. વૈજ્ઞાનિકોનું માનવું છે કે ગ્લોબલ વોર્મિંગના લીધે પ્રાદેશિક સ્તર પર મોસમી ઉતાર-ચઢાવ વધી રહ્યા છે. જેના કારણે અચાનક ઠંડી અને હિમવર્ષા થઇ રહી છે. દેવતાલ જેવા ઊંચાઇવાળા તળાવો આબોહવા પરિવર્તનના સંવેદનશીલ સૂચક છે. ■

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

સતીશ શાહ ટીવી જગતના ઓરિજિનલ કૉમેડી કિંગ

હિન્દી ફિલ્મોમાં મોટા ભાગે નાના નાના રોલ છતાં અમીટ છાપ છોડનારા ગોવર્ધન અસરાનીની કાયમી વિદાયનો શોક પતે એ પહેલાં સતીશ શાહ પણ વિદાય થઈ ગયા. 'જાને ભી દો યારો', 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે', 'હમ આપકે હૈ કૌન', 'હમ સાથ સાથ હૈ', 'મૈં હૂં ના', 'બીવી હો તો ઐસી', 'ફના' સહિતની ફિલ્મો અને 'યે જો હૈ ઝિંદગી', 'ફિલ્મી ચક્કર' અને 'સારાભાઈ વર્સિસ સારાભાઈ' જેવી સુપરહિટ કોમેડી ટીવી સિરિયલોમાં યાદગાર ભૂમિકાઓ ભજવનાર સતીશ શાહનું કિડની કામ કરતી બંધ થવાથી ૭૪ વર્ષની વયે નિધન થઈ ગયું.

સતીશ શાહે થોડા સમય પહેલાં કોલકાતામાં કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવેલી અને દોઢ મહિના સુધી કોલકાતા રહ્યા હતા. કિડની સરખી કામ કરતી હતી અને સતીશ શાહ સામાન્ય જિંદગી જીવતા થઈ ગયેલા પણ શનિવારે ખાધા પછી અચાનક પડી ગયા હતા. હૉસ્પિટલમાં પહોંચ્યા એ પહેલાં જ ગુજરી ગયા.

સતીશ શાહના નિધન સાથે ભારતીય મનોરંજન જગતે એક સારો અભિનેતા ગુમાવ્યો છે. સતીશ શાહની ઓળખ એક કોમેડિયન તરીકે સ્થાપિત થઈ કેમ કે તેમણે ફિલ્મો અને ટીવી સિરિયલોમાં યાદગાર કોમેડી રોલ કર્યા, સતીશ શાહે પોતાની કોમેડીથી લોકોનાં દિલમાં સ્થાન મેળવ્યું હતું પણ વાસ્તવમાં તક મળી ત્યારે ગંભીર ભૂમિકાઓ પણ તેમણે સહજ રીતે ભજવી હતી એ જોતાં તેમને માત્ર કોમેડિયનના દાયરામાં સીમિત કરી દેવા તેમની પ્રતિભા સાથે અન્યાય ગણાશે.

સતીશ શાહે તેમની અભિનય કારકિર્દીની શરૂઆત પણ અત્યંત ગંભીર પ્રકારની ફિલ્મો બનાવતા ડિરેક્ટર્સની ફિલ્મોથી કરી હતી. સતીશ શાહનો પરિવાર મૂળ કચ્છના માંડવીનો હતો પણ સતીશ શાહનો જન્મ મુંબઈમાં થયો હતો. સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં અભ્યાસ કર્યા બાદ પુણેની ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડિયા (FTII)માં એક્ટિંગની તાલીમ લીધી હતી. ૧૯૭૦ના દાયકામાં હિન્દીમાં કોમર્શિયલ અને આર્ટ ફિલ્મો એમ બે ફાંટા હતા ને ફિલ્મ ઈન્સ્ટિટ્યૂટ માંથી બહાર આવ્યા સતીશ શાહ આર્ટ ફિલ્મો બનાવતા ડિરેક્ટર્સના લાડકા હતા.

સતીશ શાહે શરૂઆતમાં કુંદન શાહ, મુઝફ્ફર અલી, અરવિંદ દેસાઈ, સઈદ મિર્ઝા, અઝીઝ મિર્ઝા જેવા ધુરંધર આર્ટ ફિલ્મ ડિરેક્ટર્સની ફિલ્મોમાં કામ કરેલું. સઈદ મિર્ઝાની 'અરવિંદ દેસાઈ કી અજીબ દાસ્તાન' (૧૯૭૮), મુઝફ્ફર અલીની ડિરેક્ટર તરીકે પહેલી ફિલ્મ 'ગમન' (૧૯૭૯) અને પછી આવેલી યાદગાર ફિલ્મ ઉમરાવ જાન (૧૯૮૧), સઈદ મિર્ઝાની 'આલ્બર્ટ પિંટો કો ગુસ્સા ક્યોં આતા હૈ' (૧૯૮૧) સતીશ શાહની શરૂઆતની ફિલ્મો હતી. ગોવિંદ નિહલાનીની 'અર્ધસત્ય', 'મોહન જોશીની હાઝિર હો'માં પણ શાહે કામ કરેલું.

સતીશ શાહે આ ફિલ્મોમાં નાના નાના રોલ કરેલા પણ ડિરેક્ટર્સને પ્રભાવિત કરેલા તેથી કુંદન શાહે તેમને 'જાને ભી દો યારો' (૧૯૮૨)માં તેમને મ્યુનિસિપલ કમિશનર ડીમેલોનો રોલ આપ્યો હતો. આ ફિલ્મ ડીમેલોના મર્ડર પછીની ઘટનાઓની આસપાસ ફરે છે. નસીરુદ્દીન શાહ અને રવિ બાસવાણી ડીમેલોની લાશને લઈને ફર્યા કરે છે તેમાંથી સર્જાતી ધૂંઆધાર કોમેડીમાં સતીશ શાહે મૃતદેહ તરીકેની એક્ટિંગ કરી હતી.

'જાને ભી દો યારો' સિસ્ટમના ભ્રષ્ટાચાર પર કટાક્ષ કરતી અદ્‌ભુત ફિલ્મ છે. આ ફિલ્મે નસીરુદ્દીન શાહ, ઓમપુરી, પંકજ કપૂર, નીના ગુપ્તા, સતીશ કૌશિક સહિત સંખ્યાબંધ એક્ટર્સને ઓળખ આપી અને કોમર્શિયલ હિન્દી ફિલ્મોના દરવાજા ખોલી નાખ્યા. સતીશ શાહને પણ રમેશ સિપ્પીની દિલીપ કુમાર-અમિતાભ બચ્ચન સ્ટારર 'શક્તિ' (૧૯૮૨)માં નાનો પણ યાદ રહી જાય એવો રોલ મળ્યો અને મેઈન સ્ટ્રીમમાં આવી ગયા પછી કદી પાછું વળીને ના જોયું. 'દિલવાલે દુલ્યનિયા લે જાયેંગે', 'હમ આપકે હૈ કૌન', 'હમ સાથ સાથ હૈ', 'મૈં હૂં ના', 'બીવી હો તો ઐસી', 'ફના' જેવી સંખ્યાબંધ બ્લોકબસ્ટર ફિલ્મોમાં તેમણે ચરિત્ર અભિનેતા કરીકે લાંબા અને મહત્ત્વના રોલ કર્યા.

૧૯૯૦ના દાયકામાં તો સતીશ શાહ દરેક મોટા સ્ટારની ફિલ્મમાં હોય જ. શાહરૂખ ખાનની સૌથી સફળ ફિલ્મ 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે'માં પરમિત શેઠી-મંદિરા બેદીના પિતાની ભૂમિકાએ તેમને જાણીતા કર્યા પણ એ સિવાય આમિર ખાન સાથે 'અકેલે હમ અકેલે તુમ', ગોવિંદા સાથે 'સાજન ચલે સસુરાલ', 'હીરો નંબર-૧', સલમાન ખાન સાથે 'જુડવા', 'હમ સાથ સાથ હૈ' વગેરે ફિલ્મોમાં પણ હતા.

રીતિક રોશનની પહેલી ફિલ્મ 'કહો ના પ્યાર હૈ'માં પણ સતીશ શાહ હતા. ૨૦૦૦ના દાયકામાં 'મુઝસે દોસ્તી કરોગે', 'સાથિયા', 'ઇશ્ક વિશ્ક', 'ચલતે ચલતે', 'કલ હો ના હો', 'મૈં હૂં ના', 'મસ્તી', 'ફના', 'ઓમ શાંતિ ઓમ', 'રા.વન' સહિતની સફળ ફિલ્મોમાં સતીશ શાહે કામ કર્યું. શાહરુખ ખાન સાથેની 'ફિર ભી દિલ હૈ હિન્દુસ્તાની' બહુ ચાલી નહોતી પણ કેરેક્ટર એક્ટર તરીકે સતીશ શાહે સૌથી યાદગાર રોલ આ ફિલ્મમાં કરેલો.

નવી પેઢી સતીશ શાહને 'સારાભાઈ વર્સિસ સારાભાઈ'ના ઈન્દ્રવદન ઉર્ફે ઈન્દુ સારાભાઈ તરીકે ઓળખે છે પણ સતિષ શાહ 'સારાભાઈ વર્સિસ સારાભાઈ' પ્રસારિત થઈ તેના લગભગ બે દાયકા પહેલાં ટીવીના કોમેડી કિંગ તરીકે સ્થાપિત થઈ ચૂક્યા હતા અને ટીવી જગતના ઓરિજીનલ કોમેડી કિંગ હતા. ભારતમાં દૂરદર્શન સિવાય બીજું કશું નહોતું એ જમાનામાં આવી 'યે જો હૈ ઝિંદગી'માં સતીશ શાહે છાકો પાડી દીધેલો. દૂરદર્શનની સિરિયલો જોઈને મોટી થયેલી પેઢી સતીશ પર ફિદા ફિદા થઈ જાય એવું કામ સતીશ શાહે 'યે જો હૈ ઝિંદગી'માં કરેલું.

શાહરૂખ ખાનને તક આપનારા કુંદન શાહ એકદમ સ્વચ્છ પારિવારિક કોમેડી સિરિયલ 'યે જો હૈ ઝિંદગી'ના ડિરેક્ટર હતા અને હિન્દીના મહાન હાસ્યલેખક શરદ જોશી સિરિયલના લેખક હતા. ભારતની પ્રથમ સિચ્યુએશનલ કોમેડી એટલે કે સિટકોમ એવી 'યે જો હૈ ઝિંદગી'માં શફી ઈનામદાર (રણજિત વર્મા), સ્વરૂપ સંપત (રણજિતની પત્ની રેણુ), રાકેશ બેદી (રણજિતનો સાળો), સુલભા આર્ય (બંગાળી પાડોશણ મંદિરા ભટ્ટાચાર્ય) અને વિજય કશ્યપ (મંદિરાના પતિ તરુણ ભટ્ટાચાર્ય) એટલાં પાત્રો કાયમી હતાં કે જે દરેક એપિસોડમાં આવતાં.

બીજાં કેટલાંક પાત્રોની આવનજાવન થતી રહેતી જ્યારે સતીશ શાહ દરેક એપિસોડમાં આવતા પણ અલગ અલગ પાત્રો ભજવતા. આ દરેક પાત્રમાં સતીશ શાહ જમાવટ કરી જતા તેથી 'યે જો હૈ ઝિંદગી'માં સતીશ શાહની વર્સેટાઈલ એક્ટિંગ સ્કીલ અને રેન્જનો પહેલી વાર સૌને મળેલો. કુંદન શાહે 'જાને ભી દો યારો'માં મૃતદેહનો રોલ કરાવીને સતીશ શાહની એક્ટિંગ વેડફી નાખી તેનું પ્રાયશ્ચિત કરતા હોય એમ આ સિરિયલમાં સતીશભાઈ પાસે દરેક એપિસોડમાં નવી જ ભૂમિકા કરાવીને તેમની અભિયન પ્રતિભાને બહાર આવવા મોકળું મેદાન આપ્યું ને સતીશભાઈ તકનો પૂરેપૂરો લાભ ઉઠાવીને છવાઈ ગયેલા.

હવે સતીશ શાહ આપણી વચ્ચે નથી પણ વરસો સુધી કરોડો લોકોનું મનોરંજન કરીને તેમણે લોકોના હૃદયમાં જે સ્થાન મેળવ્યું એ બીજું કોઈ ના લઈ શકે.

પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે. ■

આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન-સૌર હેમંતઋતુ, સોમવાર, તા. ૨૭-૧૦-૨૦૨૫

- ભારતીય દિનાંક ૫, માહે કાર્તિક, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, કાર્તિક સુદ-૬
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે કાર્તિક, તિથિ સુદ-૬
- પારસી શહેનશાહી રોજ ૧૪મો ગોશ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૪મો ગોશ, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૨મો મોહોર, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૪થો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૬ઠ્ઠો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર મૂળ બપોરે ક. ૧૩-૨૭ સુધી, પછી પૂર્વાષાઢા
- ચંદ્ર ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૩, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૭, અમદાવાદ ક. ૧૮ મિ.૦૪, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ બપોરે ક. ૧૪-૧૯, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૩૮ (તા. ૨૮)
- ઓટઃ સવારે ક. ૦૮-૪૨, રાત્રે ક. ૨૦-૨૫
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, કાર્તિક શુક્લ - ષષ્ઠી. ષષ્ઠી વૃદ્ધિતિથિ છે. મંગળ વૃશ્ચિકમાં ક. ૧૫-૪૩. સૂર્ય મહાનક્ષત્ર સ્વાતિમાં, વાહન દેડકો.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ આંબળાના ઔષધીય પ્રયોગો, ચંદ્રગ્રહદેવતાનું પૂજન, શિવપરિવાર પૂજા, માલ વેંચવો, નિત્ય લેવડદેવડના કામકાજ, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, પશુ લે-વેંચના કામકાજ, આચમનઃ ચંદ્ર-મંગળ અર્ધચતુષ્કોણ અવિચારી.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ અર્ધચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય, તુલા, મંગળ-તુલા/ વૃશ્ચિક, માર્ગી બુધ-વૃશ્ચિક, ગુરુ-કર્ક, શુક્ર-કન્યા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

પહેલા પાનાનું ચાલુ

'વંદે માતરમ્'

અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

તેમના ૩૦ મિનિટના સંબોધનમાં વડા પ્રધાન મોદીએ દેશના વિવિધ ભાગોમાં નાગરિકો દ્વારા લેવામાં આવેલી અનેક અનોખી પહેલોનો ઉલ્લેખ કર્યો હતો, જેમાં ગુજરાતમાં મેનગ્રોવ્સનું વાવેતર, છત્તીસગઢમાં 'ગાર્બેજ કાફે' શરૂ કરવા અને બેંગલૂરુમાં તળાવોને પુનર્જિવિત કરવાના પ્રયાસોનો સમાવેશ થાય છે.

વડા પ્રધાને અર્ધલશ્કરી દળો - બોર્ડર સિક્યુરિટી ફોર્સ (બીએસએફ) અને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ)માં ભારતીય પ્રજાતિના શ્વાનને સામેલ કરવા માટેના પ્રયાસોની પણ પ્રશંસા કરી અને યાદ અપાવ્યું હતું કે એક મુધોલ હાઉન્ડે એક સ્પર્ધામાં વિદેશી પ્રજાતિના શ્વાનોને હરાવીને ઇનામ જીત્યું હતું.

મોદીએ કહ્યું હતું કે, ''આપણા સ્વદેશી શ્વાનોએ પણ નોંધપાત્ર હિંમત દર્શાવી છે. ગયા વર્ષે છત્તીસગઢમાં માઓવાદી પ્રભાવિત વિસ્તારમાં પેટ્રોલિંગ કરતી વખતે સીઆરપીએફના એક સ્વદેશી શ્વાને ૮ કિલોગ્રામ વિસ્ફોટકો શોધી કાઢ્યા હતા.''

તેમણે કહ્યું કે બીએસએફ અને સીઆરપીએફ એ રામપુર શિકારી શ્વાનો, મુધોલ શ્વાન, મોંગરેલ્સ, કોમ્બાઈ અને પાંડિકોના જેવા ભારતીય પ્રજાતિના શ્વાનોએ તેમના ડોગ સ્કવોડમાં સામેલ કર્યા છે અને આમાંથી કેટલાક સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી માટે ૩૧ ઓક્ટોબરે ગુજરાતના એકતા નગરમાં યોજાનારી પરેડમાં ભાગ લેશે.

મોદીએ ઓડિશાના કોરાપુટમાં કોફીની ખેતીના પ્રયાસોની પણ પ્રશંસા કરી હતી જેનાથી આ પ્રદેશના લોકોને ફાયદો થઈ રહ્યો છે. તેમણે કહ્યું કે ભારતીય કોફી વિશ્વભરમાં વધુને વધુ લોકપ્રિય થઈ રહી છે. સંસ્કૃતિ અને સોશિયલ મીડિયાની દુનિયાએ સંસ્કૃતને એક નવું જીવન આપ્યું છે, અને ઘણા યુવાનો રીલ્સ દ્વારા સંસ્કૃત વિશે વાત કરતા જોઈ શકાય છે.

તેમણે કહ્યું હતું કે, ''ઘણા લોકો તેમના સોશિયલ મીડિયા ચેનલો દ્વારા સંસ્કૃત પણ શીખવે છે. આવા જ એક યુવાન કન્ટેન્ટ ક્રિએટર યશ સાલુન્ડકે છે. યશ વિશે ખાસ વાત એ છે કે તે કન્ટેન્ટ ક્રિએટર અને ક્રિકેટર બંને છે. સંસ્કૃતમાં વાત કરતા ક્રિકેટ રમવાની તેમની રીલને લોકોએ ખૂબ જ પસંદ કરી છે.''

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે છઠ પૂજાની શુભેચ્છા પાઠવી હતી અને કહ્યું હતું કે ''ઓપરેશન સિંદૂર''ની સફળતા અને નક્સલવાદની સમસ્યાને નાબૂદ કરવા માટે લેવામાં આવેલા પગલાંએ આ વર્ષે તહેવારોને વધુ જીવંત બનાવ્યા છે. ''મન કી બાત'' ના ૧૨૭મા એપિસોડમાં વડા પ્રધાન મોદીએ કહ્યું હતું કે છઠ પૂજા ભક્તિ, સ્નેહ અને પરંપરાનો સંગમ છે અને ભારતની સામાજિક એકતાનું સૌથી સુંદર ઉદાહરણ છે. મોદીએ કહ્યું, ''છઠનો મહાન તહેવાર સંસ્કૃતિ, પ્રકૃતિ અને સમાજ વચ્ચેની ઊંડી એકતાનું પ્રતિબિંબ છે. સમાજનો દરેક વર્ગ છઠ ઘાટ પર એકસાથે ઊભો છે.''

તેમણે કહ્યું હતું કે, ''આ દશ્ય ભારતની સામાજિક એકતાનું સૌથી સુંદર ઉદાહરણ છે. તમે દેશમાં કે દુનિયામાં ગમે ત્યાં હોવ જો તમને તક મળે તો છઠ ઉત્સવમાં ભાગ લો.'' આ ઉત્સવના પ્રસંગે નાગરિકોને લખેલા પત્રને યાદ કરતા તેમણે કહ્યું હતું કે દેશની સિદ્ધિઓએ આ વર્ષે તહેવારોને વધુ જીવંત બનાવ્યા છે. તેમણે કહ્યું હતું કે , ''ઓપરેશન સિંદૂરે દરેક ભારતીયને ગર્વથી ભરી દીધો છે.'' આ વખતે નક્સલવાદના અંધકારમાં ઘેરાયેલા વિસ્તારોમાં પણ ખુશીના દીવા પ્રગટાવવામાં આવ્યા હતા. ■

સ્વદેશી વસ્તુઓની

લોકોએ ખૂબ જ સકારાત્મક પ્રતિસાદ આપ્યો છે.

પીએમ મોદીએ છત્તીસગઢ અને કર્ણાટકનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે છત્તીસગઢના અંબિકાપુરમાં પ્લાસ્ટિક કચરાને સાફ કરવા માટે એક અભિયાન 'ગાર્બેજ કાફે' વિશે વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, ''આ એવા કાફે છે જ્યાં પ્લાસ્ટિક કચરો લાવનારા લોકોને ભોજન આપવામાં આવે છે. જો કોઈ એક કિલોગ્રામ પ્લાસ્ટિક લાવે છે, તો તેમને લંચ કે ડિનર મળે છે અને જો કોઈ અડધો કિલોગ્રામ લાવે છે તો તેમને નાસ્તો મળે છે. આ કાફે અંબિકાપુર નગરપાલિકા દ્વારા ચલાવવામાં આવે છે.''

તેમજ પીએમએ બેંગલૂરુમાં એક ખાસ અભિયાનનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, ''બેંગલૂરુ તળાવોના શહેર તરીકે જાણીતું છે અને એન્જિનિયર કપિલ શર્માએ અહીં તળાવોને પુનર્જિવિત કરવા માટે એક ઝુંબેશ શરૂ કરી છે. કપિલની ટીમે બેંગલૂરુ અને આસપાસના વિસ્તારોમાં ૪૦ કૂવાઓ અને તળાવોને પુનજીવિત કર્યા છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે તેમણે પોતાના મિશનમાં કોર્પોરેટ અને સ્થાનિક લોકોને પણ સામેલ કર્યા છે.''

વડા પ્રધાન મોદીએ વન્યજીવનના મહત્વ પર વધુ ભાર મુકતા કહ્યું હતું કે, ''ગુજરાતના વન વિભાગે મેનગ્રોવના મહત્વને ઓળખીને એક ખાસ ઝૂંબેશ શરૂ કરી છે. પાંચ વર્ષ પહેલાં વન વિભાગની ટીમોએ અમદાવાદ નજીક ધોલેરામાં મેનગ્રોવના વૃક્ષો વાવવાનું શરૂ કર્યું હતું અને આજે ધોલેરા કિનારે ૩,૫૦૦ હેક્ટરમાં મેનગ્રોવના વૃક્ષો ફેલાયેલાં છે. તેમની અસર સમગ્ર પ્રદેશમાં દેખાય છે. ઇકોસિસ્ટમમાં ડોલ્ફિનની સંખ્યા વધી છે. કરચલા અને અન્ય જળચર પ્રાણીઓમાં પણ વધારો થયો છે. વધુમાં સ્થળાંતર કરનારા પક્ષીઓ હવે મોટી સંખ્યામાં આવી રહ્યા છે. આનાથી પર્યાવરણ પર હકારાત્મક અસર પડી છે અને ધોલેરાના માછીમારોને પણ ફાયદો થઈ રહ્યો છે.''

વડા પ્રધાને કહ્યું હતું કે સરદાર પટેલ આધુનિક સમયમાં રાષ્ટ્રના મહાન વ્યક્તિઓમાંના એક હતા. તેમના ઉત્કૃષ્ટ વ્યક્તિત્વમાં અનેક ગુણો સમાયેલા હતા. ગાંધીજીથી પ્રેરિત થઈને સરદાર પટેલે પોતાને સંપૂર્ણપણે સ્વતંત્રતા ચળવળમાં સમર્પિત કરી દીધા. ખેડા સત્યાગ્રહથી લઈને બોરસદ સત્યાગ્રહ સુધીના અનેક આંદોલનોમાં તેમનું યોગદાન હજુ પણ યાદ છે. અમદાવાદ નગરપાલિકાના વડા તરીકેનો તેમનો કાર્યકાળ પણ ઐતિહાસિક હતો. તેમણે સ્વચ્છતા અને સુશાસનને પ્રાથમિકતા આપી હતી. નાયબ વડા પ્રધાન અને ગૃહ પ્રધાન તરીકેના તેમના યોગદાન માટે આપણે હંમેશા તેમના ઋણી રહીશું.

પીએમ મોદીએ કહ્યું હતું કે, ''સરદાર પટેલે ભારતના અમલદારશાહી માળખા માટે પણ મજબૂત પાયો નાખ્યો. તેમણે દેશની એકતા અને અખંડિતતા માટે અભૂતપૂર્વ પ્રયાસો કર્યા હતા. હું તમને બધાને ૩૧ ઓક્ટોબરે સરદાર સાહેબની જન્મજયંતી પર દેશભરમાં યોજાઈ રહેલી રન ફોર યુનિટીમાં ભાગ લેવા વિનંતી કરું છું.

'ભારતની કૉફી દુનિયામાં લોકપ્રિય'

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે જણાવ્યું હતું કે કર્ણાટક, તમિળનાડુ અને કેરળ સહિત દેશના વિવિધ રાજ્યોમાં ઉગાડવામાં આવતી કોફી વૈશ્વિક સ્તરે લોકપ્રિયતા મેળવી રહી છે. ઓલ ઈન્ડિયા રેડિયો પર 'મન કી બાત' કાર્યક્રમના ૧૨૭માં એપિસોડમાં વડા પ્રધાને કહ્યું હતું કે પૂર્વોત્તર પણ કોફીની ખેતીમાં પ્રગતિ કરી રહ્યું છે, જે વિશ્વભરમાં ભારતીય કોફીની ઓળખને વધુ મજબૂત બનાવે છે.

તેમણે કહ્યું હતું કે, ''ભારતીય કોફી વિશ્વભરમાં ખૂબ જ લોકપ્રિય બની રહી છે. પછી તે કર્ણાટકમાં ચિકમંગલુરુ, કુર્ગ અને હાસન હોય અથવા તમિળનાડુમાં પુલની, શેવરોય, નીલગિરિ અને અન્નામલાઈ પ્રદેશો હોય. પછી તે કર્ણાટક-તમિળનાડુ સરહદ પરનો નીલગિરિ પ્રદેશ હોય અથવા કેરળમાં વાયનાડ, ત્રાવણકોર અને માલબાર પ્રદેશો હોય. ભારતની કોફીની વિવિધતા નોંધપાત્ર છે.''

મોદીએ વધુમાં કહ્યું હતું કે કોરાપુટ (ઓડિશા) ની કોફી પણ લોકપ્રિયતા મેળવી રહી છે. કેટલાક લોકોએ કોફીની ખેતી માટેના તેમના જુસ્સાને આગળ વધારવા માટે આકર્ષક કોર્પોરેટ નોકરીઓ છોડી દીધી છે. તેમને કોફી ખૂબ જ ગમતી હતી કે તેઓ આ ક્ષેત્રમાં આવ્યા અને હવે તેઓ સફળતાપૂર્વક તેમાં કામ કરી રહ્યા છે. એવી ઘણી સ્ત્રીઓ પણ છે જેમના જીવનમાં કોફીના કારણે ખૂબ ફેરફાર થયો છે. કોરાપુટ પ્રદેશ તેની અનોખી કૃષિ-આબોહવા પરિસ્થિતિઓ માટે જાણીતો છે, જે ઉચ્ચ ગુણવત્તાની અરેબિકા કોફી માટે યોગ્ય છે. રાજ્યમાં આશરે ૫,૦૦૦ હેક્ટર જમીન પર કોફીની ખેતી થાય છે.

ભારત-આસિઆન સમિટ

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે કહ્યું હતું કે ભારત-આસિઆન વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી વૈશ્વિક સ્થિરતા અને વિકાસનો મજબૂત પાયો બનશે.

ભારત-આસિઆન (એસોસિયેશન ઑફ સાઉથઈસ્ટ એશિયન નેશન) વાર્ષિક સમિટને વર્ચ્યુઅલી સંબોધન કરતાં મોદીએ કહ્યું હતું કે ગ્રૂપિંગ એ ભારતની ઍક્ટ ઈસ્ટ પૉલિસીનો ચાવીરૂપ સ્તંભ છે.

ભારતે આસિઆન સેન્ટ્રાલિટી અને ઈન્ડો-પેસિફિક સંબંધિત આસિઆનના વિચારોને સંપૂર્ણ ટેકો આપ્યો છે, એમ મોદીએ કહ્યું હતું. (એજન્સી)■

સ્વાસ્થ્ય સેવા

વિકસિત ભારતનું નિર્માણ કરવામાં ફાળો આપશે.

રાષ્ટ્રપતિએ દેશના દરેક ખૂણામાં ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે ખાનગી ક્ષેત્ર સહિત તમામ હિસ્સેદારોની સક્રિય ભાગીદારી માટે પણ હાંકલ કરી હતી. તેમણે કહ્યું હતું કે, ''કોઈપણ નાગરિકને અસરકારક તબીબી સેવાઓથી વંચિત ન રાખવો જોઈએ. સારી ખાનગી સંસ્થાઓ આ લક્ષ્યને પ્રાપ્ત કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.''

રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે ''આર્થિક રીતે નબળા વર્ગો પણ દેશના વિકાસમાં ફાળો આપે છે અને તેથી તેમના જીવન કિંમતી છે અને તેમને સંપૂર્ણ સમર્થન અને આરોગ્ય સેવાઓ મળવી જોઈએ. મારું માનવું છે કે, આરોગ્ય સંબંધિત જવાબદારીઓ સાથે તબીબી સંસ્થાઓએ સામાજિક જવાબદારીઓને પણ પ્રાથમિકતા આપવી જોઈએ.'' તેમણે કહ્યું કે યશોદા મેડિસિટીને ખાનગી ક્ષેત્રમાં ટીબી નાબૂદી સિસ્ટમ હેઠળ ઉત્તર ભારતમાં પ્રથમ કેન્દ્ર તરીકે સ્થાપિત કરવામાં આવી છે. ■

પાંચ બાળકને

બાદ પશ્ચિમ સિંહભૂમના સિવિલ સર્જન સહિત અન્ય સંબંધિત અધિકારીઓને સસ્પેન્ડ કરવાના આદેશ આપ્યા છે. રાજ્ય સરકાર અસરગ્રસ્ત બાળકોના પરિવારોને બે-બે લાખ રૂપિયાની આર્થિક સહાય કરશે અને સંક્રમિત બાળકોની સારવારનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવશે.

સાત વર્ષના બાળકના પરિવારના આરોપો બાદ રાજ્ય સરકારે બાળકને દૂષિત લોહી કેવી રીતે મળ્યું તેની ભાળ મેળવવા માટે એક મેડિકલ ટીમની રચના કરી હતી. ડિરેક્ટર(આરોગ્ય સેવાઓ) ડૉ. દિનેશ કુમારના નેતૃત્વમાં પાંચ સભ્યની ટીમે સદર હૉસ્પિટલ સ્થિત બ્લડ બૅંક અને પીડિયાટ્રિક ઇન્ટેન્સિવ કેર યુનિટ વોર્ડનું નિરીક્ષણ કર્યું હતું. તેમજ સારવાર લઇ રહેલા બાળકો પાસેથી માહિતી એકત્રિત કરી હતી. કુમારે કહ્યું કે પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે એક થેલેસેમિયાના દર્દીને દૂષિત લોહી ચઢાવવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન બ્લડ બૅંકમાં કેટલીક વિસંગતતાઓ મળી આવી હતી અને સંબંધિત અધિકારીઓને તેને સુધારવા માટે નિર્દેશ આપવામાં આવ્યા છે. ■

દક્ષિણ ગુજરાત

જતાં રોપ-વે સેવા અનિશ્ચિત સમય સુધી બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. રોપ-વે સંચાલક કંપનીએ યાત્રાળુઓની સલામતીને ધ્યાનમાં રાખીને આ નિર્ણય કર્યો હતો.

રોપ-વેની કેબિનનું સંચાલન ભારે પવનની સ્થિતિમાં અત્યંત જોખમી બની શકે છે. એવામાં કોઈ મોટી દુર્ઘટના ન સર્જાય તેથી તેને ટાળવા માટે વહીવટી તંત્રના સમર્થનથી રોપ-વે બંધ રાખવાનો નિર્ણય લેવાયો હતો. પવનની ગતિમાં ઘટાડો થયા બાદ અને વાતાવરણ સામાન્ય બન્યા પછી જ સેવા ફરી શરૂ કરવામાં આવશે.

જો કે, રોપ-વે સેવા બંધ થવાને કારણે મોટી સંખ્યામાં આવેલા યાત્રાળુઓને અસુવિધાનો સામનો કરવો પડ્યો હતો. તંત્ર તરફથી પ્રવાસીઓને અપીલ કરવામાં આવી હતી કે તેઓ સુરક્ષાની બાબતમાં બાંધછોડ ન કરે અને પરિસ્થિતિ સામાન્ય થવાની રાહ જુએ. રોપ-વે ઓથોરિટી સમયાંતરે પવનની ગતિ પર નજર રાખી રહી છે અને સ્થિતિ સુધરતાં જ સેવા ફરી શરૂ કરવામાં આવશે.

સુરતમાં કમોસમી વરસાદથી ડાંગરને ભારે નુકસાન

સુરત જિલ્લામાં કમોસમી વરસાદ પડતાં ખેડૂતોમાં ચિંતા વ્યાપી છે. ઓલપાડ, માંગરોળ, માંડવી, ઉમરપાડા અને કામરેજ સહિતના તાલુકાઓમાં વરસેલા વરસાદને કારણે જગતનો તાત મુશ્કેલીમાં મુકાયો હતો.

ઓલપાડ તાલુકામાં ચોમાસુ ડાંગરની કાપણી પૂરજોશમાં ચાલી રહી છે. ખેડૂતોએ કાપણી કરેલ ડાંગર સૂકવવા માટે ખુલ્લી જગ્યામાં રાખ્યું હતું, પરંતુ અચાનક વરસેલા વરસાદથી આ ડાંગરનો પાક પલળી ગયો હતો. ખેડૂતો પોતાના પાકને બચાવવા માટે ભરચક પ્રયાસ કર્યો હતો તેમ છતા તેમને ભારે નુકસાન થયું હતું.

હવામાન વિભાગે રાજ્ય સહિત દક્ષિણ ગુજરાતમાં હજી પાંચ દિવસ સુધી ભારે વરસાદની આગાહી કરી છે, જેને પગલે ખેડૂતોની ચિંતા વધી છે. આ સમય શેરડી રોપણી અને ડાંગરની કાપણીનો હોવાથી ખેતીના કામો અટકી પડ્યા છે.

વરસાદથી ડાંગરનો પાક પલળી જતાં ખેડૂતોએ રાજ્ય સરકાર સમક્ષ તાત્કાલિક રાહત પેકેજ જાહેર કરવાની માંગ કરી હતી. તેમણે અપીલ કરતાં કહ્યું હતું કે, ડાંગર પકવતા ખેડૂતો માટે સરકારે રાહત પેકેજ જાહેર કરવું જોઈએ જેથી ઓછામાં ઓછો ખેતી ખર્ચ વળતર રૂપે મળી શકે. વળી ડાંગર પલળી ગયું હોવાથી મંડળીઓ અને ખાનગી વેપારીઓ ધારાધોરણ બતાવીને સસ્તા ભાવે ડાંગરની ખરીદી કરશે.

આ

યુટિલિટીઝ સર્વિસ માટે ખોદી મૂકેલા રસ્તાને સમથળ કરવા ₹ ૨૫૭ કરોડનો ખર્ચ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગેસ લાઈન, ઈન્ટરનેટ, ટેલિફોન સહિતની જુદી જુદી યુટિલિટીઝ સર્વિસ માટે રસ્તાની એક તરફ ખોદી મૂકેલા ખાડાને પૂરવા માટે આગામી બે વર્ષ દરમ્યાન સુધરાઈ ૨૫૭ કરોડ રૂપિયાનો ખર્ચ કરવાની છે. સાત ઝોન માટે કૉન્ટ્રેક્ટર નીમવામાં આવવાના છે અને દરેક ઝોન દીઠ આશરે ૪૫ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે.

સુધરાઈની સ્થાયી સમિતિએ ફેબ્રુઆરી ૨૦૨૨માં મુંબઈમાં જુદી જુદી યુટિલિટિઝ માટે ખોદવામાં આવેલા રસ્તાઓને સમથળ કરવા માટે ૩૮૩ કરોડ રૂપિયાના કામને મંજૂરી આપી હતી.

આ કામ ત્રણ વર્ષ સુધી એટલે કે ૨૦૨૫ સુધીના સમયગાળા માટે નીમવામાં આવેલા સાત ઝોન મુજબ કૉન્ટ્રેક્ટર દ્વારા કરવામાં આવી રહ્યા હતા.

જોકે ફાળવવામાં આવેલું ભંડોળ અપેક્ષા કરતા વહેલું પૂરું થઈ ગયું છે.

ભંડોળના અભાવે કૉન્ટ્રોકટરોએ વધારાના ૫૭૩ કરોડ રૂપિયાનો પ્રસ્તાવ મૂકયો હતો, જેને કારણે પ્રોજેક્ટનો કુલ ખર્ચ ૯૪૧ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયો હોત. જોકે પાલિકાના અધિકારીઓ એમ નહીં કરતા નવા ટેન્ડર મંગાવવાનો નિર્ણય લીધો હતો. અંદાજિત ખર્ચના ૧૫ ટકા સુધી નવી ટેન્ડરિંગ પ્રક્રિયા શરૂ કરવા માટે મંજૂરી આપવામાં આવી હતી.

તે મુજબ પાલિકાએ નવા કામ માટે ટેન્ડર આમંત્રિત કર્યા. કૉન્ટ્રેક્ટરોએ કામ માટે અંદાજિત ખર્ચ કરતા ૩૦-૩૨ ટકા ઓછી બોલી લગાવી હતી. તેથી સાત ઝોનમાં અંદાજિત ૩૦૦ કરોડની કિંમત સામે ૨૫૭ કરોડ રૂપિયાની બોલી પ્રાપ્ત થઈ હતી.

રસ્તા પર યુટિલિટિઝ સર્વિસ માટે ખોદવામાં આવેલા ખાડાઓને પૂરવા માટે સાત ઝોન માટે કૉન્ટ્રેક્ટરને કામ સોંપવામાં આવ્યું છે, જેમાં ઝોન-એક (ફોર્ટ, ચર્ચગેટ, મરીન લાઈન્સ, ગ્રાન્ટ રોડ અને ભાયખલા)માં ૩૮.૮૫ કરોડ રૂપિયા,. ઝોન-બે (દાદર, માટુંગા, સાયન, પરેલ)માં ૩૭.૦૮ કરોડ, ઝોન-૩ (જોગેશ્વરી, અંધેરીથી બાન્દ્રા)માં ૩૧.૦૫ કરોડ રૂપિયા, ઝોન-ચાર (મલાડ-માલવણી)માં ૩૮ કરોડ રૂપિયા, ઝોન-પાંચમાં (કુર્લા, ચેમ્બુર, ગોવંડી)માં ૪૪.૬૫ કરોડ રૂપિયા, ઝોન-છ (ઘાટકોપર, ભાંડુપ, મુલુંડ)માં ૨૮.૧૦ કરોડ રૂપિયા), ઝોન-સાત (કાંદિવલી, બોરીવલી, દહિસર)માં ૩૯.૩૭ કરોડો રૂપિયા ફાળવવામાં આવ્યા છે. ■

બ્લોકની મગજમારી... મધ્ય રેલવેમાં રવિવારે બ્લોક હોવાને કારણે ટ્રેનોની અનિયમિતતાને લીધે સ્ટેશનો પર પ્રવાસીઓની ભીડ જામી હતી. (અમય ખરાડે)

ડિસેમ્બર સુધીમાં થાણે મેટ્રોના દસને બદલે ફક્ત ચાર સ્ટેશન કાર્યરત રહેશે

થાણેઃ થાણે મેટ્રો તેના પ્રથમ તબક્કાની શરૂઆત દસને બદલે ફક્ત ચાર સ્ટેશનોથી કરશે. રાજ્ય સરકારની મહાપારેષણ (એમએસઇટીસીએલ) કંપની તરફથી વીજળીની લાઇનો માટેની પરવાનગી મળવામાં વિલંબ થઈ રહ્યો હોવા છતાં, રાજ્ય સરકારે સેવા શરૂ કરવા માટે ડિસેમ્બરની તારીખ જાહેર કરી છે. તેથી, લાઇનનો પ્રથમ તબક્કો હાલમાં પૂર્ણ થયેલાં ચાર સ્ટેશનો વચ્ચે પેસેન્જર સેવા શરૂ કરશે. એમએમઆરડીએ એ આ હાંસલ કરવા માટે સઘન પ્રયાસો શરૂ કર્યા છે.

થાણેને મેટ્રો દ્વારા મુંબઈ સાથે જોડવા માટે, ગાયમુખ-કાસરવડવલીથી મુલુંડ-ઘાટકોપર વાયા વડાલા સુધીના એલિવેટેડ મેટ્રો-૪એ અને મેટ્રો-૪નું બાંધકામ ઘોડબંદર રોડ પર ચાલી રહ્યું છે. આ સંયુક્ત લાઇનના પ્રથમ તબક્કામાં ગાયમુખથી કેડબરી જંકશન સુધીના દસ સ્ટેશનનો પ્રસ્તાવ છે. ટ્રાફિક જામને કારણે, આ લાઇન પર રોડ દ્વારા મુસાફરી કરવામાં ઓછામાં ઓછો એક કલાક લાગે છે.

જો પ્રથમ તબક્કામાં આ લાઇન બધા દસ સ્ટેશનો માટે ખુલ્લા મૂકવામાં આવ્યા હોત, તો મુલુંડ જનારાઓને ઘણો ફાયદો થયો હોત.

એમએમઆરડીએનાં સૂત્રો કહે છે કે ચેનલ સંબંધિત કામને કારણે હાલમાં ફક્ત ચાર સ્ટેશનો કાર્યરત થઈ રહ્યા છે. થાણેમાં, પડઘા-કલવા-કોલશેતથી બોરીવલી સુધી મહાપારેષણ કંપનીની ૨૦૦ કેવી પાવર લાઇન ઘોડબંદર રોડ પર ગાયમુખ અને કપૂરબાવડી સ્ટેશનો વચ્ચેના પાટલીપાડા જંકશન પરથી પસાર થાય છે. આ એલિવેટેડ મેટ્રો લાઇનના નિર્માણ માટે પાવર લાઇનને વધુ ઊંચી કરવાની જરૂર હતી. આ નિર્ણય લેવામાં વિલંબ થવાને કારણે કામ શરૂ થવામાં વિલંબ થયો.

હકીકતમાં, પ્રથમ તબક્કામાં ખોલવામાં આવનારાં ચાર સ્ટેશનો વચ્ચેનું અંતર રોડ માર્ગે મહત્તમ ૨૦ મિનિટનું છે. વિવિધ સરકારી વિભાગો માટે બસ સેવાઓ પણ તે રૂટ પર નિયમિતપણે દોડે છે. તેથી, સ્થાનિક લોકો કહે છે કે જો મેટ્રો ફક્ત ચાર સ્ટેશનો પર જ ખોલવામાં આવે તો તેનો કોઈ ખાસ ફાયદો થશે નહીં.

રૂ. ૧૬,૦૦૦ કરોડના ખર્ચે બનેલો આ પ્રોજેક્ટ શરૂઆતમાં આશરે ૧.૩ મિલિયન મુસાફરોને સેવા આપશે. કામ પૂર્ણ થાય ત્યાં સુધીમાં આ સંખ્યા ૨.૧ મિલિયન સુધી પહોંચી શકે છે. આ વિસ્તરણ ટ્રાફિક ભીડ હળવી કરશે અને થાણે અને મુંબઈના રહેવાસીઓ માટે મુસાફરીનો સમય આશરે ૭૫ ટકા ઘટાડશે. ટ્રાયલ રન દરમિયાન, મુખ્ય પ્રધાન ફડણવીસે ખાતરી આપી હતી કે કેડબરી જંકશનથી આગળનો ભાગ એપ્રિલ ૨૦૨૬ સુધીમાં અને સમગ્ર ભાગ ઓક્ટોબર ૨૦૨૭ સુધીમાં કાર્યરત થઈ જશે.■

એમએમઆરડીએ ત્રીજી મુંબઈ માટે નવી મુંબઈના જમીન સંપાદનના મોડેલને અનુસરશે

મુંબઈઃ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી કર્નાલા-સાઈ-ચિરનેર (કેએસસી) ન્યુ ટાઉન તરીકે ઓળખાતા ત્રીજા મુંબઈને વિકસાવી રહી છે, ત્યારે સ્થાનિક રહેવાસીઓના વધતા વિરોધ વચ્ચે ૩૨૩.૪૪ ચોરસ કિલોમીટર જમીન સંપાદન કરવાનો સૌથી મોટો પડકાર છે. રાયગડ જિલ્લાના ઉરણ, પનવેલ અને પેણ તાલુકાના ૧૨૪ ગામોને અસર કરનાર આ પ્રોજેક્ટના કદને ધ્યાનમાં રાખીને, અધિકારીઓએ નવું માળખું બનાવવાને બદલે પડોશના - નવી મુંબઈના હાલના અને સફળ જમીન સંપાદન મોડેલને અપનાવવાનું પસંદ કર્યું છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ ગામડાઓનું શહેરીકરણ કેએસસી ન્યૂ ટાઉન બનવા માટે કરવામાં આવશે.

સિડકો પાસે હાલમાં પ્રોજેક્ટ અસરગ્રસ્ત વ્યક્તિઓ માટે બે પુનર્વસન માળખા છે. આ બે માળખા સૂચિત કેએસસી ન્યુ ટાઉનના રહેવાસીઓને રહેણાક હેતુઓ માટે ઓફર કરવામાં આવે તેવી શક્યતા છે. વાણિજ્યિક અને ઔદ્યોગિક વિકાસ માટે, એમએમઆરડીએ એમઆઈડીસીની નીતિઓને અનુસરવાની યોજના ધરાવે છે.

એમઆઈડીસી સામાન્ય રીતે ઔદ્યોગિક અને વાણિજ્યિક પ્રોજેક્ટ્સ માટે વળતર પેકેજ દ્વારા જમીન સંપાદિત કરે છે જેમાં વિકસિત પ્લોટનો હિસ્સો શામેલ હોય છે. પ્રોજેક્ટ અસરગ્રસ્ત વ્યક્તિઓને ઔદ્યોગિક વિસ્તારોમાં સંપાદિત જમીનના ૧૫ ટકા અને વાણિજ્યિક ઝોનમાં પાંચ ટકા ફાળવવામાં આવે છે. ''જો કોઈ સફળ રસ્તો મળે, તો પ્રયોગ કરવાની જરૂર ન હોવી જોઈએ,'' એમ અધિકારીએ જણાવ્યું હતું કે, આ માળખાને અપનાવવા માટે ઔપચારિક મંજૂરીની રાહ જોવાઈ રહી છે.

આગામી અઠવાડિયામાં, મહારાષ્ટ્ર સરકાર અને એમએમઆરડીએ કેએસસી ન્યૂ ટાઉન વિકસાવવા માટે સમર્પિત એક નવી એન્ટિટી સ્થાપે તેવી અપેક્ષા છે. તેનું માળખું એમએમઆરડીએ અને તેની પેટાકંપની, મહા મુંબઈ મેટ્રો ઓપરેશન કોર્પોરેશન લિમિટેડ જેવું જ હશે. ■

મેટ્રો-ટૂબીનો પ્રથમ તબક્કો ઑક્ટોબરના અંત સુધી શરૂ થશે

મંડલાથી ચેમ્બુર સુધીની મુસાફરી સરળ બનશે

મુંબઈ : મુંબઈમાં મેટ્રોનું જાળું વિસ્તરતું જાય છે. એમાં વધુ એકનો ઉમેરો થવા જઈ રહ્યો છે. મેટ્રો-ટૂબી ના પ્રથમ તબક્કાના રૂપમાં નાગરિકોને વધુ એક મેટ્રોની ભેટ મળવાની છે. મેટ્રો-થ્રી કોરિડોર પછી મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) એ મેટ્રો ૨૬ ના પ્રથમ તબક્કો શરૂ કરવા માટે તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. મેટ્રો-ટૂબીને સીએનઆરઆઇ તરફથી મંડલા (માનખુર્દ) થી ડાયમંડ ગાર્ડન (ચેમ્બુર) સુધી સેવા શરૂ કરવા માટે લીલી ઝંડી મળી ગઈ છે.

એમએમઆરડીએ એ ૫.૬ કિમી લાંબા ફેઝ ૧ પર સેવા શરૂ કરવા માટે મેટ્રો રેલ્વે સેફ્ટી બોર્ડ સીએમઆરએસ પાસેથી ફરજિયાત પ્રમાણપત્ર પણ મેળવ્યું છે. હાલમાં કોરિડોર પર સફાઈ અને રંગકામ ચાલી રહ્યું છે. ઓક્ટોબરના અંત સુધીમાં મેટ્રોના દરવાજા સામાન્ય મુસાફરો માટે ખોલવામાં આવશે. શનિવારે એમએમઆરડીએના કમિશનર ડો. સંજય મુખર્જીએ સેવા શરૂ થાય તે પહેલાં તૈયારીઓની સમીક્ષા કરવા માટે મેટ્રો સ્ટેશનની મુલાકાત લીધી હતી. એપ્રિલથી આ રૂટ પર ટ્રાયલ રન ચાલી રહ્યા છે. ■

આ પાંચ સ્ટેશનો વચ્ચે મેટ્રો દોડશે

ડીએન નગર અને મંડલા વચ્ચે ૨૩.૬ કિમી લાંબો મેટ્રો રૂટ બનાવવામાં આવી રહ્યો છે. સમગ્ર રૂટનું સિવિલ વર્ક પૂર્ણ ન થવાને કારણે, પ્રથમ તબક્કામાં ફક્ત ૫.૬ કિમીના રૂટ પર સેવા શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ૫.૬ કિમી લાંબા આ રૂટમાં મંડલા, માનખુર્દ, બીએસએનએલ, છત્રપતિ શિવાજી મહારાજ ચોક અને ડાયમંડ ગાર્ડન સ્ટેશનો હશે.

મેટ્રો-ટૂબી, એલિવેટેડ રૂટ

'મેટ્રો-ટૂબી', જે મંડલા-ચેમ્બુર રૂટ છે. આ એલિવેટેડ રૂટ મંડલાથી ઇએસઆઇસી નગર (અંધેરી પશ્ચિમ) સુધી દોડશે. આ રૂટનો પ્રથમ તબક્કો મંડલાથી ડાયમંડ ગાર્ડન, ચેમ્બુર સુધીનો છે. આ પ્રથમ તબક્કા માટે સલામતી પ્રમાણપત્ર, વિવિધ પરીક્ષણો અને નિરીક્ષણો પૂર્ણ થઈ ગયા છે. નિરીક્ષણ પૂર્ણ થયાના પંદર દિવસ પછી, મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી એમએમઆરડીએ ને સલામતી પ્રમાણપત્ર મળ્યું. ■

પૂર્વતૈયારી... છઠ પૂજા ખાસ કરીને ઉત્તર ભારતનો પર્વ છે, પણ હાલમાં મુંબઈમાં પણ તેની જોરદાર ઉજવણી કરવામાં આવે છે. થાણેના ઉપવન ખાતે છઠ પૂજા માટેની તૈયાર કરાઈ હતી. (અમય ખરાડે)

મહારાષ્ટ્રમાં આરોગ્ય યોજનાઓના સંકલન માટે 'વૉર રૂમ'

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકાર દ્વારા વિવિધ આરોગ્ય યોજનાઓનું સંકલન કરવા, લાભ ખોટી રીતે મળતા રોકવા અને આરોગ્ય સંબંધિત તમામ કાર્યક્રમોને એક છત હેઠળ અસરકારક રીતે અમલમાં મૂકવા માટે 'વોર રૂમ' જેવી વિશેષ વ્યવસ્થાનું આયોજન કરવામાં આવી રહ્યું હોવાની જાણકારી અધિકારીઓએ સોમવારે આપી હતી.

આ સુવિધા મુખ્ય પ્રધાન રાહત ભંડોળ અને ચેરિટેબલ હોસ્પિટલ સહાય વિભાગની દેખરેખ હેઠળ કાર્ય કરશે. મુખ્ય પ્રધાન રાહત ભંડોળ અને ચેરિટેબલ હોસ્પિટલ સહાય વિભાગના અધ્યક્ષ રામેશ્વર નાઇકે જણાવ્યું હતું કે 'દરેક નાગરિકને લાયકાત અનુસાર લાભ મળે અને નાણાકીય સહાય પાત્ર લાભાર્થીઓ સુધી પહોંચે એની તકેદારી આ પહેલમાં રાખવામાં આવશે.' ભૂતપૂર્વ આઈએએસ અધિકારી અને મહારાષ્ટ્ર ઈન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશનના સીઈઓ પ્રવીણ પરદેશીની આ પહેલના નેતૃત્વ માટે નિમણૂક કરવામાં આવી છે. વિવિધ વિભાગના અધિક મુખ્ય સચિવો, મુખ્ય સચિવો અને સચિવો તેના સભ્યો હશે. 'વોર રૂમ'નો મુખ્ય ઉદ્દેશ્ય બહુવિધ આરોગ્ય યોજનાઓને સુવ્યવસ્થિત કરવી, પારદર્શિતા જાળવવાનો અને દર્દીઓને સમયસર સહાય પૂરી પાડવાનો છે એમ સત્તાવાર યાદીમાં જણાવવામાં આવ્યું છે. હાલમાં લોકો મુખ્ય પ્રધાન રાહત ભંડોળ, મહાત્મા ફૂલે જન આરોગ્ય યોજના અને આયુષ્માન ભારત સહિતની અનેક યોજનાઓ દ્વારા વિનામૂલ્યે અથવા રાહતના દરે સારવાર મેળવે છે. જોકે એક જ લાભાર્થીએ વિવિધ યોજનાઓ હેઠળ લાભ મેળવ્યો હોવાના કિસ્સા જાણવા મળ્યા છે. સરકારી ભંડોળના દુરુપયોગને રોકવા અને સહાયનો વધુ સારી રીતે અમલ થાય એ માટે નવી વ્યવસ્થા રજૂ કરવામાં આવી રહી છે. (પીટીઆઈ)■

પનવેલમાં મૃતદેહોની અદલાબદલી

પનવેલઃ પનવેલના ડો. નાનાસાહેબ ધર્માધિકારી ઉપજિલ્લા હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ પછી મૃતદેહની અદલાબદલીનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ખારઘરમાં ફાંસી લગાવીને આત્મહત્યા કરનાર ૨૬ વર્ષીય સુશાંત મલ્લાનો મૃતદેહ ભૂલથી બીજા નેપાળી પરિવારને સોંપવામાં આવ્યો હતો અને તેમણે અજાણતા તેના અંતિમ સંસ્કાર પણ કરી દીધા હતા. બંને મૃતકો સમાન વયના અને મૂળ નેપાળના હોવાથી આ મૂંઝવણ સર્જાઈ હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. પમૃતદેહની જવાબદારી ઘટનાની તપાસ કરનારા પોલીસ અધિકારીની હોય છે, પરંતુ આ મામલામાં આ પ્રક્રિયા ખોરવાઈ ગઈ. તેમજ હોસ્પિટલ વ્યવસ્થાપને મૃતદેહ સોંપતી વખતે ખાતરી કરવી જરૂરી હતી. ■

આયુષ્યમાન યોજના અંતર્ગત ૪૯ ટકા મહિલાનો ઉપચાર

મુંબઈઃ દેશમાં સંસ્થાકીય આરોગ્ય સંભાળમાં મહિલાઓનો વધી રહેલો સહભાગ હવે આંકડાઓમાં દેખાઈ રહ્યો છે. નેશનલ હેલ્થ ઓથોરિટીના ૨૦૨૪-૨૫ ના વાર્ષિક અહેવાલ મુજબ કેન્દ્ર સરકારની આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ હોસ્પિટલમાં દાખલ થયેલા કુલ કેસોમાં મહિલાઓની હિસ્સો ૪૯ ટકા છે. અહેવાલમાં જણાવાયું છે કે યોજનામાં મહિલાઓની વધતી ભાગીદારી યોજનાની સફળતાની સૂચક છે. અહેવાલમાં જણાવ્યા અનુસાર ૧૪ ટકા મહિલાઓએ હિમોડાયલિસિસની સારવાર લીધી છે, જે સૌથી વધુ છે. આ પછી બહુવિધ સારવાર પેકેજો (૭ ટકા), એક્યુટ ફેબ્રાઇલ બીમારી (૪ ટકા) અને ગેસ્ટ્રોએન્ટેરાઇટિસ અને મોતિયો સંબંધિત સર્જરી (૩ ટકા) કરવામાં આવી હતી. ૨૦૧૮માં શરૂ થયેલી પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના દેશભરની ૩૧ હજાર હોસ્પિટલ આવરી લે છે. આ યોજના હેઠળ દરેક પરિવારને દર વર્ષે ૫ લાખ રૂપિયા સુધીનું વિનામૂલ્યે સારવાર કવચ મળે છે. પશ્ચિમ બંગાળ સિવાય દેશના ૩૫ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આ યોજનામાં સામેલ કરવામાં આવ્યા છે. યોજનાના પ્રારંભથી ૩૧ માર્ચ, ૨૦૨૫ સુધી ૧૫ કરોડ ૧૪ લાખ પાત્ર પરિવારોને આ યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે, જેમાંથી ૯ કરોડ ૧૯ લાખ કરોડ હોસ્પિટલના પ્રવેશ પૂર્ણ થઈ ગયા છે. આ માટે કુલ ૧.૨૯ લાખ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા છે. હાલમાં દેશભરમાં ૩૧ હજાર પાંચ હોસ્પિટલો છે, જેમાંથી ૫૫ ટકા સરકારી અને ૪૫ ટકા પ્રાઈવેટ છે. દેશવ્યાપી આયુષ્માન કાર્ડ વિતરણ અભિયાનમાં અત્યાર સુધીમાં ૪૦ કરોડ ૪૫ લાખ કાર્ડ આપવામાં આવ્યા છે.

સ્વ-નોંધણી અને જાગૃતિ ઝુંબેશ પણ આ યોજનાને ટેકનોલોજી-સંચાલિત 'આપકે દ્વાર આયુષ્માન' દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં પહોંચી ગઈ છે. વચગાળાના બજેટ ૨૦૨૩માં સરકારે આશા કાર્યકરો, આંગણવાડી કાર્યકરો અને હેલ્પર્સ સહિત ૩૭ લાખ ફ્રન્ટલાઈન હેલ્થ વર્કર્સના પરિવારોને આવરી લીધા છે. ઉપરાંત, ઑક્ટોબર ૨૦૨૪માં, કેન્દ્રએ ૭૦ વર્ષથી વધુ ઉંમરના તમામ નાગરિકોને, તેમની આવકને ધ્યાનમાં લીધા વિના, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ સામેલ કર્યા છે. માર્ચ ૨૦૨૫ સુધીમાં, ૬૧ કરોડ ૮ લાખ લોકોના આયુષ્માન ભારત હેલ્થ એકાઉન્ટ બનાવવામાં આવ્યા છે, ૩.૪ લાખ આરોગ્યસંભાળ સુવિધાઓ અને ૧.૭ લાખ વ્યાવસાયિકોને આ ડિજિટલ નેટવર્ક સાથે જોડવામાં આવ્યા છે. ■

ઔરંગાબાદ રેલવે સ્ટેશનનું નામ બદલીને છત્રપતિ સંભાજીનગર કરાયું

નાંદેડ : મહારાષ્ટ્રમાં આવેલા ઓરંગાબાદ રેલવે સ્ટેશનનું નામ હવે છત્રપતિ સંભાજીનગર રેલવે સ્ટેશન કરવામાં આવ્યું છે. આ અંગે દક્ષિણ મધ્ય રેલવેએ જાહેરાત કરી છે. આ સ્ટેશનનું નામ બદલી દેવામાં આવ્યું છે. જેથી હવે સ્ટેશનના તમામ સાઈનબોર્ડ, ટિકિટ, જાહેરાત અને ડિજિટલ સિસ્ટમમાં નવું નામ અપડેટ કરી દેવામાં આવ્યું છે.

આ અંગે દક્ષિણ મધ્ય રેલવેએ સત્તાવાર સૂચનામાં જણાવ્યું છે કે દક્ષિણ મધ્ય રેલ્વેના નાંદેડ ડિવિઝનના ઔરંગાબાદ રેલવે સ્ટેશનનું નામ બદલીને છત્રપતિ સંભાજીનગર રેલ્વે સ્ટેશન કરવાની મંજૂરી આપી છે. આ સ્ટેશનનો નવો સ્ટેશન કોડ સીપીએસએન હશે.

આ અંગે રેલવેના જણાવ્યા મુજબ મહારાષ્ટ્ર સરકારની ભલામણ અને ગૃહ મંત્રાલયની મંજૂરી બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. સ્ટેશનનું નવું નામ છત્રપતિ સંભાજીનગર, મરાઠા યોદ્ધા છત્રપતિ સંભાજી મહારાજની બહાદુરી અને ઐતિહાસિક યોગદાનને માન આપવા માટે રાખવામાં આવ્યું છે. રેલવે અધિકારીઓએ જણાવ્યું હતું કે બદલાવ બાદ સ્ટેશન સંબંધિત બધી માહિતી અને ટિકિટ મુસાફરોને નવા નામ હેઠળ આપવામાં આવશે. જેની માટે રેલ્વેએ બધી જરૂરી વહીવટી પ્રક્રિયાઓ પૂર્ણ કરી લીધી છે. સ્ટેશનનું નામ હવે બધા પ્લેટફોર્મ પર અને ટ્રેનની જાહેરાતોમાં સાંભળવામાં આવશે. ■

અકસ્માતમાં મૃત્યુ પામેલા સિક્યોરિટી ગાર્ડને ₹ ૧૩.૮૫ લાખનું વળતર ચૂકવવાનો આદેશ

થાણેઃ થાણેમાં ૨૦૨૨માં માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા સિક્યોરિટી ગાર્ડના પરિવારને ૧૩.૮૫ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ મોટર એક્સિડેન્ટ ક્લેઈમ્સ ટ્રિબ્યુનલે આપ્યો હતો.

અકસ્માતની ઘટના ૧૪ મે, ૨૦૨૨ના રોજ બની હતી. થાણેના વાગળે એસ્ટેટ પરિસરમાં આવેલી ખાનગી કંપનીના કમ્પાઉન્ડમાં કમલેશ રામમૂરત સિંહ (૫૩) સિક્યોરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતો હતો. તે સમયે થાણેની એક હૉસ્પિટલની પિક-અપ ટ્રકે કમ્પાઉન્ડ પાસે પાર્ક વૅનને ટક્કર મારી હતી.

ટ્રકના ડ્રાઈવરે બેદરકારીથી પૂરપાટ વેગે ટ્રક ચલાવી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે સિંહ વૅન અને કંપનીની કમ્પાઉન્ડ વૉલ વચ્ચે દબાઈ ગયો હતો. માથામાં ગંભીર ઇજાને કારણે તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું.

ટ્રિબ્યુનલના સભ્ય આર. વી. મોહિતેએ ચાર્જશીટ અને તપાસ અધિકારી દ્વારા જપ્ત કરાયેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ પર આધાર રાખ્યો હતો.

પિક-અપ ટ્રકના ડ્રાઈવરે બેદરકારી દાખવી હતી અને તેજ ગતિથી વાહન ચલાવ્યું હતું, જે વૅન સાથે અથડાયું હતું, એવી નોંધ ટ્રિબ્યુનલે કરી હતી.

ટ્રિબ્યુનલે સિંહના પરિવારને વાર્ષિક નવ ટકા વ્યાજ સાથે ૧૩.૮૫ લાખ રૂપિયાના વળતરનો આદેશ આપ્યો હતો. આમાંથી ૬.૮૫ લાખ રૂપિયા મૃતકની પત્ની, જ્યારે બે સંતાનને પ્રત્યેકી ૩.૫ લાખ રૂપિયા આપવાનું અને અમુક રકમ બે વર્ષની ફિક્સ્ડ ડિપોઝિટમાં રાખવાનું જણાવાયું હતું. (પીટીઆઈ) ■

અનામત પ્લોટ પર એસઆરએ યોજનાઓ માટે માર્ગ મોકળો

મુંબઈઃ અનામત પ્લોટ પર આવેલી ઝૂંપડપટ્ટીઓના પુનર્વિકાસ માટે છેલ્લા કેટલાક વર્ષોથી ચાલી રહેલા પ્રયાસોને આખરે સફળતા મળી છે. આ અંગે રાજ્ય સરકારે તાજેતરમાં એક પરિપત્ર બહાર પાડ્યો છે. વિકાસ નિયંત્રણ નિયમાવલીમાં આ અંગે જોગવાઈ હોવા છતાં તેનો અમલ થતો ન હોવાથી સરકારે આખરે પરિપત્ર બહાર પાડીને જવાબદારી નિશ્ચિત કરી છે. તેથી હવે અનામત પ્લોટ પરથી ઝૂંપડપટ્ટીઓ દૂર કરવાનો માર્ગ મોકળો થયો છે.

મુંબઈમાં મુખ્યત્વે અનામત પ્લોટ પર ઝૂંપડપટ્ટીઓ આવેલી છે. આ ઝૂંપડપટ્ટીઓના પુનર્વસન દરમિયાન આરક્ષિત જગ્યાઓ ગાયબ થઈ રહી હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. ૧૯૯૧ ની વિકાસ નિયંત્રણ નિયમાવલીમાં અનામત પ્લોટ પરની ઝૂંપડપટ્ટીઓના પુનર્વિકાસ અંગે કોઈ જોગવાઈ નહોતી. તેથી અનામત પ્લોટ પરની ઝૂંપડપટ્ટીઓનો પુનર્વિકાસ અટકી ગયો હતો. આખરે વિકાસ નિયંત્રણ અને પ્રોત્સાહન નિયમાવલી ૨૦૩૪ માં પ્રથમ વખત અનામત પ્લોટ પરની ઝૂંપડપટ્ટીઓના પુનર્વિકાસ અંગે જોગવાઈ કરવામાં આવી. આ જોગવાઈ અનુસાર ૬૫ ટકા અનામત પ્લોટ પર બાંધકામ કરવાની અને ૩૫ ટકા પ્લોટ ખાલી રાખવાની પરવાનગી આપવામાં આવી છે. જોકે એવું જોવા મળ્યું કે આ નિર્ણયનો અમલ થઈ રહ્યો નથી. આ બાબત સામાજિક સેવા સંસ્થા સિટીસ્પેસ દ્વારા હાઇ કોર્ટના ધ્યાન પર લાવવામાં આવી હતી. આ કિસ્સામાં કોર્ટે પ્લોટ ખાલી અને લીલા રાખવા અંગે સમયાંતરે આદેશો પણ પસાર કર્યા છે. ૨૦૦૨માં નગર નામની સામાજિક સંસ્થા દ્વારા દાખલ કરાયેલી અરજી પર જૂન ૨૦૨૫માં આ આદેશ પસાર કરવામાં આવ્યો હતો. ■

પ્રાર્થના સભા

સ્વ.ઉર્મિલાબેન રમેશચંદ્ર શાહ નું
અવસાન રવિવાર તા.૨૬-૧૦-૨૦૨૫ ના રોજ થયેલ છે.
સદગત નું બેસણું તા. ૨૭/૧૦/૨૦૨૫ સોમવાર ના રોજ
સાંજના ૫ થી ૭ કલાકે રાખેલ છે

સ્થળ : નવજીવન સોસાયટી કમ્યૂનિટી હોલ, લેમિંગ્ટન રોડ, મુંબઈ સેંટ્રલ, મુંબઈ - ૪૦૦૦૦૮

રમેશચંદ્ર ગિરિધરલાલ શાહ
અનુપ રમેશચંદ્ર શાહ
તૃપ્તિ નિમેષ શાહ

અમરીશ રમેશચંદ્ર શાહ
મેઘના અનુપ શાહ
નિમેષ ચંપકલાલ શાહ

નિસર્ગ, રુજુતા, દર્શી, યશ, વૈભવી

એમનો સ્નેહ, ઉદારતા અને ઉમળકાભર્યો સ્વભાવ હંમેશા અમારા હૃદયમાં જીવંત રહેશે.
Contact Number: 9322894418, 9920673124 જય શ્રી કૃષ્ણ

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

‘ડિજિટલ ટ્રેકિંગ’ દ્વારા દવાઓમાં રહેલા ઝેરી રસાયણો પર લગામ

મુંબઈઃ મધ્ય પ્રદેશમાં ડાયથિલિન ગ્લાયકોલ (ડીઈજી) દૂષિત કફ સિરપના કારણે ૨૦થી વધુ બાળકોનાં મૃત્યુ થયા બાદ સરકાર હવે સફાળી જાગી છે. સરકારે હવે દેશમાં ફાર્માસ્યુટિકલ ઉત્પાદન પ્રક્રિયામાં વપરાતા જોખમી દ્રવ્યોની સપ્લાય ચેઇન પર ડિજિટલ નિયંત્રણ લાદ્યું છે. ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (ડીસીજીઆઈ) એ ડિજિટલ પોર્ટલ, ઓનલાઈન નેશનલ ડ્રગ્સ લાઇસન્સિંગ સિસ્ટમ પર ઉચ્ચ જોખમ ધરાવતા સોલ્વન્ટ્સના પુરવઠા અને ગુણવત્તા પર ડિજિટલ મોનિટરિંગ સિસ્ટમ લાગુ કરવા માટે નિર્દેશો જારી કર્યા છે.

ડાયથાઈલ ઈથર એક મીઠી-સ્વાદવાળું પરંતુ અત્યંત ઝેરી રસાયણ છે જેનો ઉપયોગ મુખ્યત્વે ઔદ્યોગિક દ્રાવક તરીકે થાય છે. ૧૯૩૭માં અમેરિકામાં એક જ દવાથી ૧૦૦ થી વધુ લોકો મૃત્યુ પામ્યા હતા. વિશ્વ આરોગ્ય સંસ્થાના અહેવાલ મુજબ ભારતમાંથી નિકાસ થતી કફ સિરપને કારણે ૨૦૨૨-૨૪ દરમિયાન ગામ્બિયા, ઉઝબેકિસ્તાન અને કેમરૂનમાં ૧૪૧ બાળકોના મૃત્યુ થયા હતા. ભારત સરકારે હવે ઔષધ સુરક્ષા પર કડક લગામ તાણી છે.

ડીસીજીઆઈના વડા ડો. રાજીવ સિંહ રઘુવંશીએ તેમના પત્રમાં ઉલ્લેખ કર્યો છે કે પ્રોપીલીન ગ્લાયકોલ જેવા ઉચ્ચ જોખમી દ્રાવકોની સપ્લાય ચેઇન અને ગુણવત્તા નિયંત્રિત કરવા માટે ઓએનડીએલએસ પોર્ટલ પર એક અલગ ડિજિટલ મોનિટરિંગ સિસ્ટમ વિકસાવવામાં આવી છે. આ સિસ્ટમ દ્વારા દરેક ઉત્પાદકે તેમના ઉત્પાદન બેચ, જથ્થા અને ઓએનડીએલએસ ને વેચનારા વિક્રેતાઓની વિગતો અપલોડ કરવાની રહેશે. જે ઉત્પાદક પાસે પહેલેથી જ લાઇસન્સ હોય, તેણે જૂના લાઇસન્સ મેનેજમેન્ટ હેઠળ પણ માહિતી સબમિટ કરવી પડશે. કેન્દ્રએ શેડ્યૂલ એમ હેઠળ દવા ફેક્ટરીઓનું નિરીક્ષણ કરવા માટે એક વ્યાપક ઝુંબેશ શરૂ કરી છે.

ઓએનડીએલએસ એ સીડેક (સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ્ડ કમ્પ્યુટિંગ) અને સીડીએસસીઓના સંયુક્ત પ્રયાસો દ્વારા વિકસાવવામાં આવેલ એક સંકલિત ડિજિટલ પોર્ટલ છે. આ પોર્ટલ દેશભરમાં ડ્રગ અને કોસ્મેટિક લાઇસન્સ માટે સિંગલ વિન્ડો સિસ્ટમ તરીકે કામ કરે છે. આ નવા સુધારાઓના અમલીકરણ પછી, દેશના લગભગ ૮૦૦ સોલ્વન્ટ ઉત્પાદકો અને ૫,૦૦૦ ફાર્માસ્યુટિકલ કંપનીઓએ નોંધણી કરાવવી પડશે. ભારતની દવા નિકાસ લગભગ ૨.૨ લાખ કરોડ રૂપિયાની છે અને વિશ્વના ૨૦૦ દેશોમાં દવાઓ સપ્લાય કરવામાં આવે છે. તેથી દવાઓની ગુણવત્તા એક મહત્વનો મુદ્દો છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના ૨૦૨૪ના અહેવાલ મુજબ, ભારતમાં ઉત્પાદિત પાંચ ટકા દવાઓ ગુણવત્તા પરીક્ષણમાં નિષ્ફળ જાય છે. ઘણા રાજ્યોમાં, દવા કંપનીઓના પ્રમાણપત્ર કાર્યમાં ખામીઓ જોવા મળી છે, જ્યારે ગુણવત્તાયુક્ત દવાઓના અભાવે ૨૦૨૪ માં દેશમાં ૩૫૦ થી વધુ ગંભીર ઝેરના કેસ નોંધાયા છે.

ડીસીજીઆઈએ તમામ ઉત્પાદકોને જાણ કરી છે કે આ ડિજિટલ નિયમોનું પાલન કર્યા વિના બજારમાં કોઈપણ દ્રાવક કે સીરપ મુકવા નહીં. સંબંધિત બેચની વિગતો નોંધ્યા પછી જ વેચાણની મંજૂરી આપવામાં આવશે. રાજ્યના દવા નિયંત્રકોને ઉત્પાદકોનું નિરીક્ષણ, નમૂના પરીક્ષણ અને તાલીમ લેવાનો પણ નિર્દેશ આપવામાં આવ્યો છે. ■

શિવસેનાના વિભાજન પહેલા શિંદે ઉદ્ધવ-રાજ વચ્ચે સુલેહ ઈચ્છતા હતાઃ રાઉતનો દાવો

મુંબઈઃ શિવસેના (ઉદ્ધવ ઠાકરે) ના નેતા સંજય રાઉતે રવિવારે દાવો કર્યો હતો કે જ્યારે મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અવિભાજિત શિવસેનાનો ભાગ હતા, ત્યારે તેમણે ભાજપને રોકવા માટે પિતરાઈ ભાઈઓ ઉદ્ધવ અને રાજ ઠાકરે વચ્ચે સુલેહ-સમાધાન માટે કામ કરવા વિનંતી કરી હતી. સેના (યુબીટી) ના મુખપત્ર ‘સામના’ માં તેમની સાપ્તાહિક કોલમ ‘રોકઠોક’ માં રાઉતે કહ્યું કે શિંદે હવે નાખુશ છે કે ઠાકરે પિતરાઈ ભાઈઓ એક સાથે આવ્યા છે. ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે છેલ્લાં કેટલાક મહિનાઓથી જાહેરમાં સાથે દેખાતા મતભેદોને બાજુ પર રાખીને રાજ્યમાં આગામી નાગરિક ચૂંટણીઓ માટે ગઠબંધન બનાવી શકે છે તેવી ચર્ચાએ જોર પકડ્યું છે. બંને પક્ષોના નેતાઓના મતે ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ પહેલા યોજાનારી ગ્રામીણ અને શહેરી સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલા બંને પક્ષોનું ગઠબંધન હવે માત્ર ઔપચારિકતા છે.

રાઉતે પોતાની કોલમમાં કહ્યું હતું કે, ‘શિંદે અને (શિવસેનાના પ્રધાન) પ્રતાપ સરનાઈકે ભૂતકાળમાં મને ઘણી વાર કહ્યું હતું કે રાજ અને ઉદ્ધવ ઠાકરેને સાથે લાવો. તેમણે કહ્યું હતું કે મહારાષ્ટ્ર પર ભગવો ધ્વજ લહેરાવવા માટે આ જરૂરી છે. ભાજપને રોકવા માટે પિતરાઈ ભાઈઓએ એક થવું જોઈએ. તેઓ સાચા હતા, તેમણે કહ્યું હતું.

રાજ્યસભા સાંસદે દાવો કર્યો હતો કે સરનાઈક અને શિંદે બંને ઉદ્ધવ ઠાકરેની પરવાનગી લીધા વિના રાજ ઠાકરેને મળવા ગયા હતા. તેમણે શિંદે પર પોતાના સ્વાર્થ માટે ઉદ્ધવ ઠાકરે સાથે દગો કરવાનો આરોપ લગાવ્યો. રાઉતે વધુમાં આરોપ લગાવ્યો કે શિંદે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને ખતમ કરવા માટે કામ કરી રહ્યા છે. બીજી તરફ ફડણવીસ શિવસેનાના મુખ્ય નેતા અને તેમના માણસોને પોતાની આસપાસ જોવા માગતા નથી.

તેમણે દાવો કર્યો કે પિતરાઈ ભાઈઓએ હાથ મિલાવ્યા પછી શિંદેની હાલત વધુ ખરાબ થઈ ગઈ છે અને મરાઠી એકતા મજબૂત થઈ છે.

પત્રકારો સાથે વાત કરતા રાઉતે પાછળથી નિર્દેશ કર્યો કે પાર્ટી પ્રતીક પર સુપ્રીમ કોર્ટની સુનાવણીની તારીખ નજીક આવતાં શિંદેના દિલ્હી પ્રવાસો વધી ગયા છે. સુપ્રીમ કોર્ટ ૧૨ નવેમ્બરના રોજ એકનાથ શિંદેના નેતૃત્વવાળા જૂથને ’ધનુષ્ય અને તીર’ પક્ષ પ્રતીક ફાળવવાના મહારાષ્ટ્ર સ્પીકરના નિર્ણય સામે શિવસેના યુબીટીની અરજી પર સુનાવણી કરવાની છે. (પીટીઆઈ) ■

છેલ્લા પાનાનું ચાલુ

ત્રણ બાળક સહિત

૨૦૫ નંબરના ફ્લેટમાં સવારના ૭.૪૫ વાગે લાગી હતી, જે હોલમાં લાગ્યા બાદ ફ્લેટના અન્ય ભાગમાં ફેલાઈ ગઈ હતી. લગભગ ૧૫ મિનિટમાં એટલે કે ૮.૦૫ વાગે આગ નિયંત્રણમાં પણ આવી ગઈ હતી. આગ લાગ્યા બાદ ઘટના સ્થળે ફાયરબ્રિગેડ સહિત ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને પોલીસ પહોંચી ગઈ હતી.

શ્વાસમાં ધુમાડો જવાને કારણે ગૂંગણામણની તકલીફ થવાને કારણે કોઠારી પરિવારના સભ્યોને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જેમાં મલાડની તુંગા હૉસ્પિટલના આઈસીયુમાં ૪૫ વર્ષનો ચિંતન અભય કોઠારી, ૪૨ વર્ષની ખ્યાતી ચિંતન કોઠારી અને અને ૬૬ વર્ષના સિનિયિર સિટિઝન મહિલા જ્યોતિ અભય કોઠારીનો સમાવેશ થાય છે. તો પરિવારના અન્ય પાંચ લોકોને સારવાર બાદ હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી, જેમાં ૩૯ વર્ષના પાર્થ કોઠારી, ૩૬ વર્ષની રિદ્ધી પાર્થ કોઠારી અને છ વર્ષના આર્યા પાર્થ કોઠારી, ત્રણ વર્ષના પ્રાંજ પ્રાથ કોઠારી અને સાત વર્ષના મહાવીર ચિંતન કોઠારીનો સમાવેશ થાય છે.

આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું પણ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે. આગમાં ફ્લેટમાં રહેલો મોટાભાગનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. સદ્નસીબે આગમાં કોઈ જીવહાનિ થઈ નહોતી. હૉસ્પિટલમાં સારવાર લઈ રહેલા કોઠારી પરિવારના ત્રણેય સભ્યોની તબિયત સ્થિર હોવાનું હૉસ્પિટલે જણાવ્યું હતું.

લાકડાના ફર્નિચરને કારણે આગ તીવ્ર બની

ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ આગ ફ્લેટના લિવિંગરૂમમાં ઈલેક્ટ્રિક વાયરિંગ, ઈન્સ્ટોલેશન અને લાકડાના ફર્નિચર સુધી મર્યાદિત હતી. જોકે લાકડાના ફર્નિચરને કારણે આગ વધુ તીવ્ર બની હતી અને આખા માળા પર કાળો ધુમાડો ફેલાઈ ગયો હતો, તેને કારણે ૨૦૫ નંબરના ફ્લેટના લોકોને બહાર નીકળવામાં અડચણ આવી હતી. ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ ઘટના સ્થળે પહોંચીને એક જ પરિવારના આઠ લોકોને બચાવી લીધા હતા, જેમાં પૂરા માળા પર ધુમાડો ફેલાઈ ગયો હતો તેથી તમામ લોકોને બિલ્ડિંગના દાદરામાંથી બહાર કાઢ્યા હતા. બચાવી લેવામાં આવેલા બે ભાઈ, તેમની પત્ની અને તેમની માતા સહિત ત્રણ બાળકોનો સમાવેશ થાય છે, જેમાં એક ત્રણ વર્ષના બાળકનો સમાવેશ થાય છે. ■

રોષ ઉતારવા

ચોંકાવનારી માહિતી આપી હતી. આરોપીએ દાવો કર્યો હતો કે તે શિવભક્ત છે અને નિયમિત રીતે ભગવાનની પૂજા કરે છે. નાનપણથી ગરીબીમાં ઊછરેલા પાટીલને આર્થિક સ્થિતિ બદલવી હતી. એમાં તેને ઑનલાઈન ગેમ રમવાનું વ્યસન લાગ્યું. ગેમમાં તે લગભગ પાંચ લાખ રૂપિયા હારી ગયો હતો, જેને પગલે તે નાસીપાસ થઈ ગયો હતો. રોજ શિવમંદિરમાં જઈને પૂજા કરવા છતાં ભગવાન તેની મદદ કરતા ન હોવાનો વિચાર પાટીલના મનમાં ઘર કરી ગયો હતો. ભગવાન પ્રત્યેનો રોષ ઠાલવવા તેણે ચિકનના ટુકડા કળશમાં નાખી મંદિર અપવિત્ર કર્યું હતું અને પછી ઘરે જતો રહ્યો હતો. ■

દેવેન્દ્ર ફડણવીસ

સાંસદો પર નીચા સ્તરે જઈને ટીકા કરવામાં જ સમય બગાડે છે. જ્યારે મહિલાઓને સુરક્ષા આપવાનો સમય આવે છે ત્યારે મુખ્ય પ્રધાન અને ગૃહ પ્રધાન હાથ ઊંચા કરી દે છે. મને લાગે છે કે મુખ્યપ્રધાન રાજીનામું આપવું જરૂરી છે. ■

આ આત્મહત્યા નથી

જનતાનું રક્ષણ કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી, તેમણે આ માસૂમ પર જઘન્ય ગુનો આચર્યો, બળાત્કાર કર્યો અને તેનું શોષણ કર્યું, એમ કહેતા રાહુલ ગાંધીએ ઉમેર્યું હતું કે, ભાજપ સાથે સંકળાયેલા કેટલાક પ્રભાવશાળી લોકોએ દબાણ લાવવાનો પ્રયાસ કર્યો હતો. આ સત્તા દ્વારા સુરક્ષિત ગુનાહિત વિચારધારાનું સૌથી ભયંકર ઉદાહરણ છે. આ આત્મહત્યા નથી, તે સંસ્થાકીય હત્યા છે. જ્યારે સત્તા ગુનેગારોને રક્ષણ આપે છે, ત્યારે આપણે કોની પાસેથી ન્યાયની અપેક્ષા રાખી શકીએ? આ યુવાન ડોક્ટરના મૃત્યુએ આ ભાજપ સરકારના અમાનવીય અને નિર્દય સ્વભાવને ઉજાગર કર્યો છે, એમ રાહુલ ગાંધીએ ઉમેર્યું હતું. ■

નાલાસોપારામાં

પોલીસે કારખાના પર રેઇડ કરી હતી. કારખાનામાંથી સાત કિલો એમડી, કાચો માલ અને ડ્રગ્સ બનાવવા માટેનાં સાધનો જપ્ત કરવામાં આવ્યાં હતાં. અંદાજે ૧૩.૪૪ કરોડ રૂપિયાની મતા જપ્ત કરાઈ હતી. આ કારખાનામાં એમડીનું ઉત્પાદન કરાતું હોવાનો દાવો પોલીસે કર્યો હતો.કારખાનું કોણ ચલાવતું હતું અને ડ્રગ્સ અન્ય કયા વિસ્તારોમાં સપ્લાય કરાયું હતું તેની તપાસ પોલીસ કરી રહી છે. આ રૅકેટમાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તેની પણ તપાસ કરવામાં આવતી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ■

અમારી બહેનને

જેમના નામ આવ્યા છે તેમની સાથે મંચ પર બેસશે. આ બાબત ફડણવીસે સ્પષ્ટ કહ્યું હતું કે, આજકાલ દરેક બાબતમાં રાજકારણ ઘુસાડવાનો પ્રયત્ન થઇ રહ્યો છે, જે નિંદનીય છે. કોઈ પણ કારણ વગર રણજીત નાઈક નિમ્બાલકર અને વિધાનસભ્ય સચિન પાટિલના નામ લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો, પણ આ મહારાષ્ટ્રનો દેવાભાઉ છે. મને જરા સરખો પણ અંદેશો હોત તો મેં કાર્યક્રમ રદ્દ કર્યો જ હોત. આ કિસ્સામાં હું પક્ષો, વ્યક્તિઓ કે રાજકારણ તરફ જોતો નથી. બહેનોના કિસ્સામાં તડજોડ થઇ શકે નહીં. કોઈ રાજકીય ફાયદો લેવાનો પ્રયત્ન કરશે તો તે હું સહન નહીં કરું.

તેઓએ કહ્યું, અમારી એક નાની બહેનનું દુઃખદ અવસાન થયું. તેણે આત્મહત્યા કરી. તેણે પોતાના હાથ પર આત્મહત્યાનું કારણ પણ લખ્યું હતું. પોલીસે તાત્કાલિક આરોપીની ધરપકડ કરી. લગભગ બધું જ સત્ય બહાર આવી રહ્યું છે.

અમારી બહેનને ન્યાય અપાવ્યા વિના અમે જંપીશું નહીં. આત્મહત્યા પહેલા લખેલી એક નોંધમાં, મહિલા ડોક્ટરે આરોપ લગાવ્યો છે કે તેમના ઉપરી અધિકારીઓ અને સાંસદોના બે ખાનગી સચિવો દ્વારા ખોટો ઓટોપ્સી રિપોર્ટ રજૂ કરવા માટે દબાણ કરવામાં આવ્યું હતું.

આ અંગે બોલતા, અંબાદાસ દાનવેએ ભાજપના ભૂતપૂર્વ સાંસદ રણજીત નિમ્બાલકર, તેમના ભાઈ અભિજીત નિમ્બાલકર અને એનસીપીના વિધાનસભ્ય સચિન પાટિલ પર આરોપ લગાવ્યો હતો. ■

પાલઘરનાં

પોલીસ અલર્ટ થઈ ગઈ હતી. આ ઘટનાને ગંભીરતાથી લઈ ગામડાઓમાં તપાસ કરતાં પોલીસને એકેય ડ્રોન મળ્યું નહોતું. સંબંધિત ઘટનાની બધા સરકારી વિભાગો સાથે સંપર્ક સાધીને ખાતરી કરવામાં આવી રહી છે, એમ વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

દરમિયાન આ મામલે તપાસ ચાલી રહી હોવાથી નાગરિકોએ કોઈ પણ અફવા પર વિશ્વાસ રાખવો નહીં. કોઈ વાત ફેલાય તો સૌપ્રથમ પોલીસ પાસે ખાતરી કરી લેવી અને શંકાસ્પદ હિલચાલ નજરે પડે તો તાત્કાલિક પોલીસનો સંપર્ક સાધવો, એવી સૂચના પાલઘર પોલીસ દ્વારા આપવામાં આવી હતી.

પાલઘરના સુપરિન્ટેન્ડેન્ટ ઑફ પોલીસ યતિશ દેશમુખે નાગરિકોને સંયમ રાખવાની અપીલ કરી હતી. આ ઘટનાની સઘન તપાસ કરવામાં આવી રહી હોવાથી જરૂરી પગલાં લેવામાં આવશે, એવું પણ તેમણે જણાવ્યું હતું. ■

મહિલા ડૉક્ટરની

હતી. ગુરુવારની રાતે ફલટણ શહેરની એક હોટેલની રૂમમાંથી ગળાફાંસો ખાધેલી હાલતમાં તેનો મૃતદેહ મળી આવ્યો હતો.

ડૉક્ટરે હથેળીમાં લખેલી નોંધમાં સબ-ઈન્સ્પેક્ટર બદાનેએ અનેક વાર બળાત્કાર ગુજાર્યાનો, જ્યારે સૉફ્ટવેર એન્જિનિયર બનકરે માનસિક ત્રાસ આપ્યાનો આક્ષેપ કર્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ ડૉક્ટર જ્યાં રહેતી હતી તે મકાનમાલિકનો પુત્ર છે બનકર.

ડૉક્ટરના પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો કે તેની કામ કરવાની શૈલી માટે પોલીસ અધિકારી દ્વારા ધમકી આપવામાં આવતી હતી. એ સિવાય બીડની ગુનાખોરીને લઈ તેને ટોણા મારવામાં આવતા હતા.

મહિલાના બે કઝિન પર ડૉક્ટર છે. તેમણે આક્ષેપ કર્યા હતા કે માત્ર સતામણી કરવાને ઇરાદે હૉસ્પિટલ પ્રશાસન દ્વારા તેને પોસ્ટમોર્ટમની ડ્યૂટી સોંપતું હતું. (પીટીઆઈ) ■

કલ્યાણ શહેરમાં

કલ્યાણ પશ્ચિમના મુરબાડ રોડ, બેતુરકરપાડા, બિરલા મહાવિદ્યાલય વિસ્તાર, ખડકપાડા, પારનાકા, દૂધનાકા, ગોવિંદવાડી, આધારવાડી, ગંધારે, બારવે, શહાડ, અંબિવલી, મોહને, ધાકટે શહાડ, બંદરપાડા, અટાલી વિસ્તારનો પાણી પુરવઠો મંગળવારે બંધ રહેશે.

નવ કલાકના પાણી પુરવઠા બંધના કારણે બીજા દિવસે ઓછા દબાણથી પાણી પુરવઠો થવાની શક્યતા છે. તેથી નાગરિકોને એક દિવસ ચાલે એટલો પાણીનો સંગ્રહ ઘરમાં કરી રાખવા માટે પાણી પુરવઠા વિભાગે અપીલ કરી છે. ■

મુંબઈ નજીક

કારણે માછીમારી માટે અડધા દરિયે ગયેલી બોટો પાછી ફરી હતી. પરિણામે આ માટે ખર્ચવામાં આવેલો ત્રણ લાખથી વધુનો ખર્ચ વ્યર્થ ગયો છે. આમ, આ તોફાની પવને માછીમારોને નુકસાન પહોંચાડ્યું છે.

બીજી તરફ તહેવાર બાદ માછલીની માંગ વધી છે. નવરાત્રી અને દિવાળીને કારણે માછલી ખાનારાઓની સંખ્યામાં ઘટાડો થયો હોવાથી બજારમાં ભાવ પણ ઘટી ગયા હતા. ■

૩૦ ઑક્ટોબર સુધી

છે, તેમાં સોમવાર માટે મુંબઈ, થાણે અને પાલઘર માટે યલો અલર્ટની ચેતવણી આપી છે.

મુંબઈ સહિત રાજ્યમાંથી નૈર્ઋત્યના ચોમાસાએ સત્તાવાર રીતે વિદાય લઈ લીધી હોવા છતાં વરસાદ પાછો ફરવાનું નામ લેતો નથી. મંગળવારના દિવાળીના દિવસથી હળવાથી મધ્યમ સ્વરૂપના વરસાદ ઝાપટા ચાલુ જ રહ્યા છે. રવિવારે પણ સવારથી વાદળિયું વાતાવરણ રહ્યા બાદ સાંજથી મુંબઈના મોટાભાગના વિસ્તારમાં વરસાદ પડયો હતો. રવિવારની રજાના દિવસે બહાર ફરવા નીકળેલા મુંબઈગરાને સાંજના અચાનક આવી પડેલા જોરદાર વરસાદને કારણે પંચાત થઈ ગઈ હતી.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના કારણે સાંજના પાંચથી સાત વાગ્યા સુધીના બે કલાકમાં વરસાદનું જોર થોડું વધારે રહ્યું હતું. આ સમયગાળા દરમ્યાન ભાયખલામાં ૩૫.૫૭ મિ.મી., મેમણવાડામાં ૨૮.૪૦ મિ.મી., ફોર્ટ ૨૩.૮૦ મિ.મી., ગ્રાન્ટ રોડ ૨૬.૦ મિ.મી., બાન્દ્રામાં ૨૧.૪૦ મિ.મી., જુહુમાં ૧૭.૪૦ મિ.મી., સાંતાક્રુઝ-ગઝદરબંધ ૧૭.૨૦ મિ.મી., માનખુર્દ ૧૫.૪૦ મિ.મી,, ગોવંડીમાં ૧૪.૮૦ મિ.મી., મુલુંડમાં ૧૪.૮૦ મિ.મી. જેટલો વરસાદ નોંધાયો હતો. તો સવારના આઠ વાગ્યાથી સાંજના સાત વાગ્યા સુધીમાં દક્ષિણ મુંબઈમાં સરેરાશ ૨૧.૭૬ મિ.મી., પૂર્વ ઉપનગરમાં ૧૪.૫૧ મિ.મી. અને પશ્ચિમ ઉપનગરમાં ૧૯.૩૦ મિ.મી. જેટલો વરસાદ નોંધાયો હતો.

હવામાન વિભાગના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ પૂર્વ-મધ્ય અરબી સમુદ્રમાં ઓછા દબાણનો પટ્ટો નિર્માણ થયો હોવાથી મુંબઈ સહિત કોંકણમાં ૨૬થી ૩૦ ઑક્ટોબર સુધી મુશળધાર વરસાદ પડવાની શક્યતા છે. તેમ જ પૂર્વ-મધ્ય અરબી સમુદ્રમાં ડિપ્રેશન સાથે સંકળાયેલ અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશનની ઉપર એક ટ્રફ ફેલાયેલો છે. તેના પ્રભાવ હેઠળ પણ ભારે વરસાદની શક્યતા છે. આ દરમ્યાન શનિવારે પૂર્વ-મધ્ય અરબી સમુદ્ર પર બનેલું ડિપ્રેશન સોમવારે આગળ વધ્યું હતું અને રવિવારના સવારના ૮.૩૦ વાગે મુંબઈથી ૭૬૦ કિલોમીટર દૂર કેન્દ્રિત હતું. તે દક્ષિણ-પશ્ચિમ તરફ અને પછી પૂર્વ-મધ્ય અરબી સમુદ્રમાં દક્ષિણ-પશ્ચિમ તરફ આગળ વધવાની શક્યતા છે. ■

હેડફોન લગાવી

બન્ને યુવકની ઓળખ પ્રશાંત ખૈરનાર (૧૮) અને હર્ષવર્ધન નન્નવરે (૧૮) તરીકે થઈ હતી.

પળધી જિલ્લાના મહાત્મા ફુલે નગરમાં રહેતા બન્ને મિત્ર સોશ્યલ મીડિયા પર ફેમસ થવા માટે રીલ બનાવવા રેલવે ટ્રેક પર આવ્યા હતા. પાળધી સ્ટેશનથી થોડે જ અંતરે પથરાડ ગામ પાસેના ગેટ નજીક બન્ને મિત્ર જીવને જોખમમાં મૂકીને રીલ બનાવી રહ્યા હતા.

યુવકો રીલ બનાવી રહ્યા હતા ત્યારે ધરણગાંવથી જળગાંવની દિશામાં જનારી અમદાવાદ-હાવડા સુપરફાસ્ટ એક્સપ્રેસ પવનવેગે આવી હતી. બન્ને યુવકે કાનમાં હેડફોન લગાવ્યો હોવાથી ધસમસતી આવતી ટ્રેન તરફ તેમનું ધ્યાન ગયું નહોતું. ટ્રેનની સ્પીડ વધુ હોવાથી યુવકોને જીવ બચાવવાનો મોકો જ મળ્યો નહોતો.

ટ્રેનની અડફેટે બે યુવકે જીવ ગુમાવ્યાની માહિતી મળતાં પાળધી પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. બે યુવકનાં મૃત્યુને પગલે પાળધી ગામમાં શોક ફેલાઈ ગયો હતો. રીલ બનાવતી વખતે જીવ ગુમાવ્યાની અનેક ઘટના સામે આવતી હોવા છતાં યુવાનો રીલ બનાવતી વખતે બેધ્યાન રહેતા હોવાનું પોલીસનું કહેવું છે. ■

હિન્દુ મરણ

લુહાર સુથાર

ગામ નાનાકોટડા, હાલ મીરારોડ સ્વ. દિલીપભાઈ બાબુભાઈ ચૌહાણ (ઉ.વ.૬૫) ૨૫-૧૦-૨૫ના રામચરણ પામેલ છે. તે જ્યોત્સનાબેનના પતિ. તે વિઠ્ઠલભાઈ, નંદાભાઈ અને અશોકભાઈ, હંસાબેન, રેખાબેન, લીલાબેન અને મંગળાબેનના ભાઈ. ભાવેશભાઈ, મનીષાબેન અને અરુણાબેનના પિતા. નીરાલીબેન, અશ્વિનભાઈ અને યોગેશભાઈના સસરા. કિશોરભાઈ તથા ભરતભાઈ શાંતિભાઈ પરમારના બનેવી તેમનું બેસણું (સાદડી) સોમવાર, તા. ૨૭/૧૦/૨૫ના ૫ થી ૭ ક. ઠે. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ નં. ૩, અંબાજી મંદિર પાસે, બોરિવલી (ઈસ્ટ).

દેસાઈ સઇ સુતાર જ્ઞાતિ

ગામ હાથબ નિવાસી હાલ કાંદિવલી સ્વ. ભાગ્યશ્રી અશ્વિનભાઇ પરમાર (ઉ.વ.૩૨) તે ઉષા અશ્વિનભાઇ પરમારના દીકરી, કમલેશ નાનજીભાઈ પરમારના ભત્રીજી. કિંજલની બેન. હરેશ હરજીવન સરવૈયાના ભાણેજ. ૨૩/૧૦/૨૫ના રોજ રામશરણ પામેલ છે. તેમની સાદડી ૨૭/૧૦/૨૫ના ૪ થી ૬. ઠે. દેસાઈ સઇ સુતાર જ્ઞાતિની વાડી, અશોક ચક્રવર્તી રોડ, સ્વયંભૂ ગણપતિ મંદિરની સામે, કાંદિવલી ઈસ્ટ.

હાલાઈ ભાટિયા

અ. સૌ. ભાવના ((ઉ.વ.૭૦), તે દિલીપ પુરષોત્તમ વેદ (ધારશી મેઘજીવાળા)ના ધર્મપત્ની. તે સ્વ. લતાબેન અને સ્વ. જીવનદાસ રવજી નેગાંધીના સુપુત્રી. તે પલ્લવી પ્રવિણકુમાર સંપટ અને પૂર્વી વિનય પાલેજાના માતુશ્રી. તે સ્વ. રાકેશ, સ્વ. બિંદુ (મધુરી) બિમલ આશર, સ્વ. રૂપાના બહેન. તે ગીતા વિઠ્ઠલદાસ લીલાણી, સરિતા ભરત ચંદા, અશોકના ભાભી. તા. ૨૫-૧૦-૨૫ શનિવારે, બોરીવલી મુકામે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યહવાર બંધ છે.

કપોળ

સાવરકુંડલાવાળા (હાલ કાંદિવલી), સ્વ. શાંતાબેન પ્રભુદાસ માવજી મોદીના પુત્ર તથા રક્ષાબેનના પતિ રોહિત (ઉ.વ.૭૧) તા ૨૩/૧૦/૨૫, ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. તે ચાંદની કશ્યપ ગોરડિયા, પૂજા પિનાલ સંઘવી અને રોનકના પિતાશ્રી. તે સ્વ. નાથાભાઈ, સ્વ. નવનીતભાઈ , હરેશભાઈ, પ્રવિણાબેન મહેન્દ્ર વોરા તથા શર્મિષ્ઠાબેન હર્ષદરાય દોશીના નાના ભાઈ. સ્વ. ભવાનીદાસ હરજીવનદાસ સંઘવીના જમાઈ. પ્રાર્થનાસભા ૨૭/૧૦/૨૫ના ૫ થી ૭ ઠે. લેગેસી બેંકક્વેટ્સ, વીટી ઇન્ટરનેશનલ સ્કૂલ, ચીકુવાડી, બોરીવલી પશ્ચિમ.

કચ્છી લોહાણા

ગામ કોટડી મહાદેવપુરી હાલ ડોમ્બિવલીના સ્વ. ગોદાવરીબેન રણછોડદાસ કુંવરજી પોપટના પુત્ર મહેશભાઈ (ભીખુ) ઉ.વ. ૬૪. તેઓ જ્યોતીબેનના પતિ. નૈનીના પિતા તથા મયૂરેશ વિવેકભાઈ ભાનુશાલીના સસરા. તેઓ સ્વ. ગોદાવરીબેન ગોવિંદજી શીવજી પલણ ગામ વાકુવાડાપધરના જમાઈ. તા. ૨૫/૧૦/૨૫ના રામ શરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૭/૧૦/૨૫ સોમવાર ૫.૩૦થી ૭. સ્થળઃ સારસ્વતવાડી, ૧ માળે, ઝવેર રોડ, મુલુંડ વેસ્ટ, મુંબઈ ૮૦. (લૌકિક વ્યવહાર બંધ છે.)

નવગામ વિશા દિશાવળ વૈષ્ણવ

કલોલ નિવાસી હાલ મુંબઇ સ્વ. લતાબેન ધનેશભાઇ ગાંધી (ઉ. વ. ૭૯) તે ધનેશભાઇ ત્રિભુવનદાસ ગાંધીના પત્ની તા. ૨૬-૧૦-૨૫ના રવિવારના શ્રીજીચરણ પામેલ છે. તે કેતન અને બેલાના માતુશ્રી. સંગીતાબેન અને રાજુભાઇના સાસુ. આકાંક્ષાના દાદીસાસુ. હર્ષીલ અને અંજલીના નાનીસાસુ. તે સિદ્ધપુર નિવાસી સ્વ. નટવરલાલ બળદેવદાસ શાહના સુપુત્રી, નિવાસી સ્વ. નટવરલાલ બળદેવદાસ શાહના સુપુત્રી, સ્વ. જીતેન્દ્રભાઇ, સ્વ. રાજેન્દ્રભાઇ, સ્વ. જનકભાઇ, વિનોદભાઇ અને વર્ષાબેનના બેન. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર રાખેલ નથી.

કચ્છી લોહાણા

ગામ કોટડી મહાદેવ પુરી હાલ ડોમ્બિવલીના સ્વ. ગોદાવરીબેન રણછોડદાસ કુંવરજી પોપટના પુત્ર મહેશભાઇ (ભીખુ) (ઉ. વ. ૬૪) તે જયોતીબેનના પતિ. નૈનીના પિતા. તથા મયુરેશ વિવેકભાઇ ભાનુશાલીના સસરા. તેઓ સ્વ. ગોદાવરીબેન ગોવિંદજી શીવજી પલણ ગામ વાકુવાડા પધરના જમાઇ. તે ધરમશીભાઇ, સ્વ. શંકરલાલ, સ્વ. ભરતભાઇ, સુરેશભાઇ, સ્વ. કમળાબેન માધવજી, ગં. સ્વ. સરસ્વતી કનકસિંહના ભત્રીજા. તા. ૨૫-૧૦-૨૫ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૭-૧૦-૨૫ સોમવારના ૫.૩૦

ધર્મતેજ

સૃષ્ટિની સાતત્યતા-વિવિધતા

મનન

હેમંત વાળા
feedback@bombay samachar.com

દરેક ચહેરોમાં સામ્યતા પણ હોય છે અને વિવિધતા પણ. દરેક આંગળીની ગોઠવણ એક સમાન હોય છે, પરંતુ ફિંગરપ્રિન્ટ જુદી જુદી હોય છે. દરેક આંબામાં સમાનતા હોય છે છતાં પણ બે આંબા ક્યારેય એક સમાન નથી હોતાં. ઉપરથી ભલે સમાન દેખાતો હોય, પરંતુ ભૂખંડનો દરેક ભાગ ભિન્ન હોય છે. દરેક તારાનું બંધારણ સમાન રહે અને અને છતાં દરેક તારો ભિન્ન હોય. તેવી જ રીતે આપણાં સૂર્યમંડળનાં દરેક ગ્રહ આ સૂર્યમાંથી જ છૂટાં પડ્યાં હોવાં છતાં દરેકની આગવી વિશેષતાઓ હોય. દરેક વાદળ દેખાવમાં તથા આકારમાં જુદું હોય, આ દેખાવ તથા આકાર સતત બદલાયાં પણ કરે, છતાં તે હંમેશાં વરસાદ આપે.

દરેક દિવસ જુદો હોય છે. દરેક સમય જુદો હોય છે. દરેક સંજોગો જુદાં હોય છે. દરેક પરિસ્થિતિ જુદી હોય છે. ભિન્નતા એ સૃષ્ટિનો સિદ્ધાંત છે, સાથે સાથે અનેકગણી સમાનતા પણ સૃષ્ટિની વાસ્તવિકતા છે. સૃષ્ટિમાં અકલ્પનીય સાતત્યતા રહેલી છે અને સાથે સાથે જ માની ન શકાય તેટલી વિવિધતા પણ રહેલી છે. આ સાતત્યતા અને વિવિધતા વચ્ચેનું સમીકરણ એટલે જ સૃષ્ટિ. પ્રશ્ન એ થઈ શકે કે આટલી સચોટ સાતત્યતા સાથે આટલી બધી વિવિધતા કેવી રીતે સ્થાપિત થઈ શકે.

સૃષ્ટિનાં મૂળ સિદ્ધાંત એક સમાન છે. પાણી ભીંજવે અને અગ્નિ દાહ આપે. પ્રકાશમાં પરિસ્થિતિ પ્રત્યક્ષ થાય અને પૃથ્વી પરનો પ્રત્યેક પદાર્થ ભૂમિ તરફ આકર્ષિત થાય. વધુ દબાણવાળી પરિસ્થિતિ તરફથી ઓછા દબાણવાળી પરિસ્થિતિ તરફ ગતિ હોય અને નદીનો પ્રવાહ પર્વતથી સમુદ્ર તરફ વહેતો રહે. આમાં ક્યાંય અપવાદ કે વિવિધતા શક્ય નથી. નદી દરેક સ્થાને ભિન્ન હોય, પ્રત્યેક નદી ભિન્ન હોય, નદીનાં ઉદ્ભવ સ્થાન સમાન પ્રત્યેક પર્વત અને જે સ્થાને નદી સમુદ્રને મળે એ સ્થાનનું સ્વરૂપ પણ ભિન્ન હોય, પરંતુ નદીનો પ્રવાહ તો ચોક્કસ દિશા તરફ જ વહેતો રહે. સમજવું એ પડે કે શું બદલાય અને શું ન બદલાય.

વિજ્ઞાનની સમજ પ્રમાણે સૃષ્ટિમાં જે કંઈ ઘટના ઘટીત થઈ રહી છે તેની પાછળ કેટલાંક જૈવિક, જાતીય, ભૌતિક, રાસાયણિક તેમજ આનુષંગિક કારણો હોઈ શકે. આ પરિબળો વિવિધતા પણ લાવે અને સાતત્યતા પણ તેનાં નિયમોને આધારે જ સ્થાપિત થાય. વારસાગત લક્ષણોમાં સમાનતા તથા વિવિધતા જૈવિક તેમજ જાતીય હોઈ શકે. બે વિરુદ્ધ ધ્રુવ પ્રત્યેનું આકર્ષણ તથા તેનાં અપાકર્ષણમાં રહેલી વિવિધતા ભૌતિક વિજ્ઞાનની ઘટના કહી શકાય. કોઈપણ બે રસાયણનું સંયોજન બને ત્યારે તેની માત્રા નિયંત્રિત હોય તો સમાનતા સ્થાપિત થાય અને જો માત્રા નિયંત્રિત ન હોય તો વિવિધતા ઊભી થાય, કારણ - કાર્ય - પરિણામનું સમીકરણ પણ ચોક્કસ પ્રકારની પરિસ્થિતિ સ્થાપિત કરે અને તે હૂબહૂ અન્ય પરિસ્થિતિ જેવી ન હોય, જે સિદ્ધાંતને આધારે સમાનતા સ્થાપિત થાય તે સિદ્ધાંતમાં રહેલી ચોક્કસ પ્રકારની અન્ય સંભાવનાને કારણે જ વિવિધતા પણ ઊભરે. સૃષ્ટિમાં પ્રવર્તમાન સાતત્યતા અને વિવિધતાને સ્પષ્ટપણે સમજવા માટે ગહન દાર્શનિક સિદ્ધાંતોની સમજ પણ જરૂરી બને. સૃષ્ટિમાં જે કારણ - કાર્ય - પરિણામનું જે સમીકરણ છે તે લૌકિક વિશ્વથી ભિન્ન ઘટના હોવાનો સૈદ્ધાંતિક સ્વીકાર વિજ્ઞાન પણ હવે કરે છે.

સૃષ્ટિના સ્વભાવમાં, સૃષ્ટિની પ્રકૃતિમાં, એમ જણાય છે કે મુખ્ય બાબતો સમાન રહે, જ્યારે ગૌણ બાબતમાં વિવિધતા રહેલી હોય. બાબત જેમ વધુ ગૌણ તેમ વિવિધતાની સંભાવના ઘણી વધુ. માનવીના અસ્તિત્વમાં ફિંગરપ્રિન્ટનું કઈ મહત્વ જ નથી. ફિંગરપ્રિન્ટને આધારે માનવીની કાર્યક્ષમતા, બુદ્ધિમતા, સંવેદનશીલતા, સર્જનાત્મકતા, પ્રારબ્ધ, પુરુષાર્થ પ્રત્યેનો લગાવ, નૈતિકતા, નિષ્ઠા, પ્રતિબદ્ધતા, સાત્ત્વિકતા - કશું જ નિર્ધારિત નથી થતું. ફિંગરપ્રિન્ટની ભૂમિતિનું માનવીના શારીરિક, માનસિક, કૌટુંબીક, આર્થિક, રાજકીય, ધાર્મિક, આધ્યાત્મિક કે અન્ય કોઈપણ પ્રકારનાં બંધારણમાં મહત્ત્વ નથી. કર્મ અને કર્મફળનાં સમીકરણ વચ્ચે પણ તેનો કોઈ ફાળો નથી. ફિંગરપ્રિન્ટ હોય તો પણ શું અને ન હોય તો પણ શું. જ્ઞાનેન્દ્રિય, કર્મેન્દ્રિય તેમ જ શરીરને કાર્યરત રાખતી વ્યવસ્થા માટે આમ ન કહી શકાય. અને તેથી જ તેમાં સાતત્યતા હોય જ્યારે ફિંગરપ્રિન્ટમાં અઢળક વિવિધતા જોવાં મળે. જે મહત્ત્વનું છે તેમાં વિકલ્પ નથી. જે આધાર સમાન છે તેમાં સાતત્યતા છે. જે મુખ્ય બાબતો છે તેમાં સમાનતા છે. જે નિર્ધારક પરિબળો છે તેને વિવિધતા માન્ય નથી. આંબો કેરી જ આપે, આ નિર્ણાયક બાબત થઈ. દરેક કેરી ભિન્ન હોઈ શકે, આ નિર્ણાયક બાબતની સાતત્યતા સાથે સ્થાપિત થયેલી ગૌણ ભિન્નતા છે. કેવાં પ્રકારની સાતત્યતામાં કેવાં પ્રકારની વિવિધતા સંભવ છે તે એક રસપ્રદ અભ્યાસ બની શકે. તે વિશે અન્ય લેખમાં વાત કરીશું.

સૃષ્ટિનું ચોક્કસ સ્વરૂપ છે. જે બાબત આ સ્વરૂપને જાળવી રાખે છે તે બાબતમાં ક્યારેય જરા પણ બદલાવ ન આવે. સૃષ્ટિનું સ્વરૂપ જેમનું તેમ જળવાઈ રહે તેની આવશ્યકતા છે. જો સૃષ્ટિ પોતાનું સ્વરૂપ બદલવાની જરા પણ શરૂઆત પણ કરે તો તે પ્રલયની શરૂઆત થશે. જેમકે, જ્યારે તારાં અને ગ્રહની ગતિમાં બદલાવ આવે ત્યારે બધું જ વિસ્ફોટ પામે અને સમગ્ર સૃષ્ટિ નષ્ટ થઈ જાય. સૃષ્ટિને ખબર છે કે શું જાળવી રાખવું અને શેમાં વિવિધતા માન્ય રાખવી. સૃષ્ટિનું મૂળ સ્વરૂપ જળવાઈ રહે તે ખૂબ જરૂરી છે. સૃષ્ટિનાં બંધારણનાં જેટલાં તત્ત્વો છે તે બધાં જ પોત પોતાનાં ગુણધર્મો પ્રલય સુધી જાળવી રાખશે. અગ્નિ પર જ્યારે પાણીનો છંટકાવ કરવામાં આવે ત્યારે અગ્નિનું શમન થશે જ. આમાં કોઈ વિકલ્પ નથી. સૃષ્ટિની સાતત્યતા એ સૃષ્ટિનો આધાર છે જ્યારે સૃષ્ટિમાં રહેલી વિવિધતા એ સૃષ્ટિમાં સ્થાપિત થયેલી રસિકતા છે. સૃષ્ટિ પણ જાણે છે કે વિવિધતા જરૂરી છે, નહીંતર સૃષ્ટિ અને જીવનની રસીકતા જ ન રહે. ■

રામને ભુલાવે નહીં તેવો કામ જગતના સંચાલન માટે જરૂરી છે

માનસ મંથન

મોરારિબાપુ
feedback@
bombaysamachar.com

બાપ! 'રામચરિતમાનસ' સંવાદનો ગ્રંથ છે. વિવાદ, દુર્વાદ, અપવાદને ક્યાંય ગોસ્વામીજી સ્પર્શ કરતા નથી. બધી સંવાદી કથા એમણે સ્વીકારી છે. ધર્મ, સભ્યતા, પરંપરા, સંસ્કૃતિ એનાં જતન માટે અહીં શબ્દો લખાયા છે. આલોચનાના શબ્દો નથી. 'રામાયણ' આલોચનાનો ગ્રંથ નથી, સુલોચનાનો ગ્રંથ છે. ભૂલ નહીં કરતા. રામકથા એ આલોચનાનું શાસ્ત્ર છે જ નહીં. આપણે એને સમજ્યા વિના આલોચના કરીએ તો એ વાત જુદી છે.

'રામાયણ'માં કામની ટીકા નથી, કારણ કામ વગર જગત ચાલી શકે નહીં. કામને બાળીનેયે શંકરને કામદેવને જગતમાં રાખવો પડ્યો છે. નહિતર ઈશ્વરની સૃષ્ટિ ત્યાં જ ઠપ્પ થઈ જાત. ગીતાએ પણ સ્વીકાર્યું છે કે ધર્મ વિરુદ્ધ ન હોય તેવો કામ મારી વિભૂતિ છે. જે કામ ધર્મ વિરુદ્ધ છે એનો અસ્વીકાર છે. પણ જે ધર્મ અવિરુદ્ધ છે કામ, જે ધર્મની સાથે સુસંગત છે એને સ્વીકાર્યો છે, કારણ નહિતર તો આ જગત ચાલે કેમ? કામ કૃષ્ણનો દીકરો છે. કોઈનો દીકરો આપણને હેરાન કરતો હોય તો એના બાપને આપણે કહી દઈએ કે, તમારો દીકરો, અમે કંઈ બોલતાં નથી, છતાં અમને બહુ હેરાન કરે છે. અમને કોઈ ઈચ્છા નથી, અમે શાંત છીએ, પણ આ કામરૂપી તમારો છોકરો અમને બહુ હેરાન કરે છે, ત્રાસ આપે છે. તમને કામ સતાવે, વાસના સતાવે તો કૃષ્ણાશ્રય કરો. કૃષ્ણ કામને રોકશે; કારણ કામદેવ કૃષ્ણાતનય છે.

જબ જદુબંસ કૃષ્ન અવતારા ।
હોઇહિ હરન મહા મહિભારા ।।
કૃષ્ણ તનય હોઇહિ પતિ તોરા ।
બચનુ અન્યથા હોઇ ન મોરા ।।

જુઓ બાપ, ભાગવતજીમાં બહુ સ્પષ્ટ લખ્યું છે કે કોઈ પણ ભાવ તમારા મનમાં જાગે એ તમારા પ્રભુમાં વાળો તો દોષ નથી. બીજી જગ્યાએ ન વાળો, કામભાવ જાગે; ઈષ્ટ તરફ વાળો, ક્રોધભાવ જાગે; ઈષ્ટ તરફ વાળો, સ્નેહભાવ જાગે; ઈષ્ટ તરફ વાળો. અનિષ્ટ તત્ત્વમાં વૃત્તિઓ જાય છે એટલે બંધન છે. યજ્ઞકર્મ કોઈપણ કરો કોઈ બંધન નથી. પણ એ સિવાયનાં કર્મ બંધનરૂપ છે. ઈશ્વરમાં કોઈપણ ભાવથી જવું તે ઈશ્વરરૂપી અગ્નિમાં આહુતિ છે. બાકીનાં બધાં જ કર્મ બંધનરૂપ છે. 'લોકાડ્યં કર્મબન્ધનઃ' યજ્ઞભાવથી એ કર્મ કરો તો કોઈ ચિંતા નથી. અર્જુનને એ જ કહ્યું છે કે આસક્તિ છોડીને સમાચર. તું કામ કરતો રહે તને કોઈ બંધન નથી બાકી લોકભાવથી કરીશ તો બંધન છે. જટાયુ એટલા મહાન છે,એણે યજ્ઞભાવથી કાર્ય કર્યું છે. એને કોઈ આસક્તિ નથી. વચ્ચે પડ્યા પણ કંઈ લેવું નથી. યજ્ઞકર્મ કર્યું છે એટલે કોઈ બંધન નથી. ઈશ્વરમાં ભાવ લગાડો. શુકદેવજીને પ્રશ્ન કર્યો છે પરીક્ષિતે કે 'મહારાજ,ગોપીઓ બધી જારભાવથી કૃષ્ણ પાસે ગઈ હતી. આ મગજમાં બેસતું નથી એ કેમ? જવાબમાં શુકદેવજી બોલ્યા છે. કામમ્ ક્રોધમ્ ભયમ્ સ્નેહમ્ એક્યમ્ સૌહાર્દ મેવચ। તમારામાં કામ છે તો તમે ભગવાનમાં ભળી જાવ. એનામાં શક્તિ છે કામને રામમાં મેળવી દેવાની. તમારો જે ભાવ હોય તે તમારા ઈષ્ટમાં વાળો. આપણી વૃત્તિઓ ત્યારે જ ખરાબ છે જ્યારે એ અનિષ્ટ તરફ વળે છે.

'રામાયણ' એક સંપૂર્ણ શાસ્ત્ર છે, તેથી એમાં બધા જ વિષયો આવે. એમાં ગણિકાયે આવે,. અપ્સરા, ગંધર્વો પણ આવે. પણ બધું મર્યાદામાં હશે. એની જગ્યાએ સંસ્કૃત વાંગ્મય લ્યો, તમારી બુદ્ધિ કેટલાએ તર્કો કરશે. કેટલાયે તર્કો ઊભા કરશે.

રામરાજ્યાભિષેકનો સમય થયો ત્યારે સુમંતને માતાજીઓ તરફથી આદેશ થયો છે કે નગરની સુંદર સ્ત્રીઓને શણગાર સજીને આ પ્રસંગે નૃત્ય કરવા માટે અહીં લાવો. આમ અહીં બધાનો સ્વીકાર છે. ગણિકા, અજામિલ, ગીધ આ બધાની સ્વીકૃતિ 'રામાયણ' એ આપી છે. કોઈ મકાન સંપૂર્ણ હોય તો એમાં ડ્રોઈંગરૂમ, બેડરૂમ, ટોઇલેટ, કિચન વગેરે હશે. એટલે આપણા વાંગ્મય સંપૂર્ણ હોઈ, બધાનો બહુ બુદ્ધિપૂર્વક અને સમ્યકબુદ્ધિથી એમણે વિચાર કર્યો છે. કહેવાનો મારો અર્થ, ધર્મથી વિરુદ્ધ ન હોય એવો કામ પ્રભુની વિભૂતિ છે. રામને ભુલાવે નહીં એવો કામ જગતના સંચાલન માટે જરૂરી છે.

'રામચરિતમાનસ'નું સમાપન કરતાં ગોસ્વમીજીએ અંતમાં કહ્યું છે-

કામિહિ નારિ પિઆરી જિમિ લોભિહિ પ્રિય જિમિ દામ।
તિમિ રઘુનાથ નિરંતર પ્રિય લાગહુ મોહિ રામ।

જેમ કામીને સ્ત્રી વહાલી લાગે, એમ હે પ્રભુ, તું મને વહાલો લાગ. 'રામાયણ' પૂરું કરતી વખતે તમારા મોઢામાં આ નારી અને કામ શબ્દો કેમ આવ્યા ? ગોસ્વામીજી કહે છે કે કામીને સ્ત્રી વહાલી લાગે છે, પણ નિરંતર વહાલી લાગતી નથી. અમુક સમય વહાલી લાગે, પણ હંમેશાં નથી લાગતી અને પુરુષને સ્ત્રી વહાલી છે, પરંતુ સ્ત્રીને પુરુષ હંમેશાં પ્રિય છે કે કેમ તે કહેવું કઠિન છે. હોય પણ, અને ન પણ હોય. હું ને તમે પૈસાને પ્રેમ કરીએ છીએ. કોઈ ગેરંટી છે કે પૈસા આપણને પ્રેમ કરે છે ? એ પૈસા તમે પાંચ વર્ષ માટે ફીક્ષમાં મુકો તો ડબલ થાય એવી ગેરંટી છે. પણ એ પાકેલા પૈસા તમને પ્રેમ કરશે એની ગેરંટી છે ? પૈસા તમારા ખીસામાંથી પડી ને બીજા પાસે જતા રહે, તો એ પૈસા એમ નથી કહેતા કે મને તમારા પર પ્રેમ છે, તમને છોડીને નહીં જાઉં. એ બીજાને પ્રેમ કરવા લાગશે. આપણી પાસેથી રૂપિયો જતો રહે છે તો આપણે રડીએ છીએ, પણ રૂપિયો રડે છે કે અરેરે, હું તને મૂકીને જાઉં છું તો મને ક્યાંય નહીં ગમે ! એવું થાય છે ક્યાંય? તુલસીજી કહે છે, મહારાજ, કામીને નારી નિરંતર વહાલી લાગતી નથી, અમુક સમય જ લાગે છે. જયારે મને તો તું નિરંતર વહાલો લાગ. ઊંઘમાં પણ વહાલો લાગ. અને એ પણ અમારે તને પ્રેમ કરવો છે, તું અમને કરે કે નહીં એ તું જાણે! તારી પ્રતિષ્ઠા સાચવવી હોય તે પ્રમાણે રહેજે, બાકી અમે તને પ્રીત કરીએ છીએ. વ્રજાંગનાઓ કૃષ્ણને શું કહે છે? એની એક જ વાત, કૃષ્ણ તું અમને પ્રિય છે, અમને ખબર નથી અમે કેવાં છીએ, શું છીએ એ નહીં જોતો. તું અમને પ્રિય છો એ અમે જાણીએ છીએ. તો, 'રામચરિતમાનસ' પૂરું થાય છે ત્યારે ગોસ્વામીજી કામને અને નારીને યાદ કરે છે ! તુલસીદાસજીની સમકાલીન પરિસ્થિતિએ પણ એમની કલમને ધક્કો માર્યો છે, જેથી અમુક પ્રસંગ અમુક રીતે મુક્યો છે. શાસ્ત્રોએ ધર્મવિરુદ્ધ કામની આલોચના કરી છે, પણ ધર્મસંગત કામની નથી કરી. બરાબર સમજશો, તમારી સાથે ઘરમાં બેસીને ચર્ચા કરી રહ્યો છું. હું ક્યાં અર્થમાં કહું છું તે ન સમજાય તો મારી સાથે રૂબરૂ ચર્ચા પણ કરી શકો છો. ધર્મવિરુદ્ધ કામ નિંદનીય છે, ધર્માનુંકૂલ હોય તો એ જગતની વ્યવસ્થાનું સાધન છે.

- સંકલનઃ જયદેવ માંકડ ■

આધ્યાત્મિક વિકાસ માટે જ્ઞાનતંત્રની કેળવણી બહુ મૂલ્યવાન છે

અલૌકિક દર્શન

ભાણદેવ
feedback@
bombaysamachar.com

(ગતાંકથી ચાલુ)

(૧) રેચક-પૂરકમાં શ્વાસોચ્છ્વાસની ગતિ ધીમી પડે છે અને કુંભકમાં શ્વાસ બંધ રહે છે. પરિણામે દેખીતું જ છે કે પ્રાણાયામના અભ્યાસ દરમિયાન શરીરમાં કાર્બન ડાયોક્સાઈડ જમા થવાનું પ્રમાણ વધે છે. હવે એ એક હકીકત છે કે કાર્બન ડાયોક્સાઈડ મગજના રક્તાભિસરણ માટે ઉત્તમ ઉત્તેજક છે. મગજના રક્તાભિસરણમાં સુધારો થવાથી મગજના સ્વાસ્થ્યમાં ખૂબ સુધારો થાય છે. શરીરની ઐચ્છિક અને અનૈચ્છિક ક્રિયાઓને નિયંત્રિત કરતા મગજના કેન્દ્રની કાર્યક્ષમતામાં પણ સુધારો થાય છે. પરિણામે સમગ્ર શરીરના સ્વાસ્થ્ય પર તેની અનુકૂળ અસર થાય છે.

(૨) કાર્બન ડાયોક્સાઈડનો સંચય મગજ માટે ઉત્તમ પ્રશાંતકનું કાર્ય કરે છે. તેનાથી માનસિક શાંતિ માટેની અનુકૂળ પરિસ્થિતિ તૈયાર થાય છે.

(૩) પ્રાણાયામ દરમિયાન શરીરને મળતાં ઑક્સિજનના પ્રમાણમાં ઘટાડો થાય છે, પરંતુ આ ઘટાડો એટલો ધીમો-ધીમો થાય છે કે શરીર આ નવી પરિસ્થિતિ સાથે અનુકૂલન સાધી લે છે. એટલે જો પ્રાણાયામનો અભ્યાસ લાંબા સમય સુધી કરવામાં આવે તો શરીરમાં ઓછા ઑક્સિજનથી કામ ચલાવવાની અને પ્રાપ્ત ઑક્સિજનનો કાર્યક્ષમ ઉપયોગ કરવાની એક વિશેષ શક્તિ પેદા થાય છે. આ બહુ મહત્ત્વનો, મૂલ્યવાન અને મૂલગામી સુધારો છે.

અહીં એ નોંધવું પણ ઉપયોગી થશે કે અંતરંગયોગના અભ્યાસ દરમિયાન શ્વાસોચ્છ્વાસનું પ્રમાણ ખૂબ ઘટી જાય છે અને ક્વચિત્ બંધ પણ પડી જાય છે, જો પ્રાણાયામના અભ્યાસથી શરીર ઉપરોક્ત રીતે તૈયાર ન થયું હોય તો તેના પર વિપરીત અસર થવાનો પૂરો સંભવ છે. એથી ઊલટું પ્રાણાયામના અભ્યાસથી શરીર ઓછા ઑક્સિજનથી ચલાવી લેવા માટે તૈયાર થયું હોય તો તે આ મુશ્કેલીથી બચી જાય છે.

(૪) શરીરનાં ભિન્ન-ભિન્ન તંત્રોમાં જ્ઞાનતંત્ર એક એવું તંત્ર છે કે જે વ્યક્તિની માનસિક ક્રિયાઓ સાથે સૌથી વધુ સંબંધ ધરાવે છે. પરિણામે મનઃસ્વાસ્થ્ય અને આધ્યાત્મિક વિકાસ માટે જ્ઞાનતંત્રની કેળવણી બહુ મૂલ્યવાન અને આવશ્યક છે. આ હેતુ સિદ્ધ કરવા માટે પ્રાણાયામ સર્વોત્તમ સાધન છે, એમ જરા પણ અતિશયોક્તિ વિના કહી શકાય તેમ છે. આ વિશેની કેટલીક હકીકતો આપણે જોઈ ગયા છીએ. થોડી વધુ વિગતો અહીં જોઈએઃ

(i) પ્રાણાયામના અભ્યાસ દરમિયાન શ્વાસની આપ-લે ખૂબ ધીમે-ધીમે થાય છે અને કુંભકમાં તો શ્વાસ બંધ પડી જાય છે. આમ બનવાથી પ્રાણાયામ દરમિયાન સામાન્ય શ્વાસોચ્છ્વાસ કરતાં કંઈક વિશિષ્ટ પ્રકારના સંદેશાઓ શ્વસનતંત્રના અવયવોમાંથી મગજ સુધી મોકલવામાં આવે છે. વળી મગજ તરફથી થતી પ્રતિક્રિયાઓનું સ્વરૂપ પણ સામાન્ય શ્વાસોચ્છ્વાસ કરતાં પ્રાણાયામમાં તદ્દન જુદું જ હોય છે. પ્રાણાયામના અભ્યાસ દરમિયાન જ્ઞાનતંત્રની આ વિશિષ્ટ અને નવી રીતની ક્રિયા-પ્રતિક્રિયા સતત થયા જ કરે છે. પરિણામે પ્રાણાયામના દીર્ઘ અભ્યાસથી જ્ઞાનતંત્રની કાર્યપ્રણાલીનું નવસંસ્કરણ થાય છે આ નવસંસ્કરણ (Reconditioning)ની અસર વ્યક્તિના માનસિક બંધારણ પર સાનુકૂળ સ્વરૂપે થાય છે. તેમ થવાથી આધ્યાત્મિક વિકાસમાં સહાય મળે છે.

(ii) શ્વાસોચ્છ્વાસની ક્રિયા અર્ધ ઐચ્છિક અને અર્ધ અનૈચ્છિક છે. પ્રાણાયામમાં આપણે આ ક્રિયા વધુ ને વધુ ઐચ્છિક બનાવી રહ્યા છીએ. આમ થવાથી પ્રાણાયામના દીર્ઘ અભ્યાસથી અનૈચ્છિક જ્ઞાનતંત્ર પર ઐચ્છિક જ્ઞાનતંત્રનું આધિપત્ય વધે છે.

જ્ઞાનતંત્રની કાર્યપદ્ધતિના નવસંસ્કરણથી વ્યક્તિના સાંવેગિક જીવનને વધુ સ્વસ્થ બનાવવામાં સહાય મળે છે.

(iii) જ્યાં Symathetic જ્ઞાનતંત્રનું આધિપત્ય વધારે પડતું હોય ત્યાં પ્રાણાયામના અભ્યાસથી ઉચિત સમતુલા પ્રાપ્ત કરી શકાય છે. આ સમતોલ જ્ઞાનતંત્ર મનની સમતુલામાં અને આખરે ચેતનાના ઊર્ધ્વીકરણમાં પણ ફાળો આપે છે.

(૫) દીર્ઘ પૂરકના અભ્યાસને પરિણામે ઉચ્છ્વાસનો Tone વધે છે.

(૬) પ્રાણાયામના અભ્યાસ દરમિયાન નાભિથી નીચેનો ભાગ અંદર સંકોચાયેલો રાખવામાં આવે છે. પરિણામે ઉદરપટલ ઊંચો રહે છે. આમ થવાથી છાતીના પોલાણની ખાલી જગ્યા (Dead Space Volume) ઘટે છે. પેડુના ભાગમાં થતો અનાવશ્યક સંચય અટકે છે.

(૭) શ્વાસોચ્છ્વાસની ક્રિયા દરમિયાન પેઢુ, પેટ અને છાતીની અંદરના ભાગમાં દબાણમાં પરિવર્તન (Pressure Change) થયા કરે છે. પ્રાણાયામમાં આ દબાણ-પરિવર્તનમાં ઘણો વધારો થાય છે. આ દબાણ-પરિવર્તન તેથી પણ વધે છે. પરિણામે આ વિસ્તારમાં રહેલ જ્ઞાનતંત્રની ગ્રંથિઓ (Nerve Plexuses) ને ઉત્તેજના મળે છે, જેને લીધે એક અપૂર્વ અને વિશિષ્ટ પ્રકારની સંવેદનાઓ ઉત્પન્ન થાય છે. આ સંવેદનાઓ સાધકની ચેતનાને અંદર વાળે છે અને ચેતનાને અંતરંગ યોગાભ્યાસ તરફ પ્રગતિ કરવામાં સહાયક બને છે.

(૮) પ્રાણાયામના અભ્યાસ દરમિયાન કરોડની અંદર રહેલ પોલાણ (Central Canal of Spinal Cord) અને મગજના પોલાણ (Ventricles of brain)માં દબાણ વધે છે. પરિણામે સમગ્ર જ્ઞાનતંત્રમાં એક વિશિષ્ટ ઉત્તેજના ઉત્પન્ન થાય છે. આ ઉત્તેજનાથી ચેતના અંતર્મુખી બને છે, સાધક સમક્ષ કાંઈક અપૂર્ણ એવી અનુભૂતિઓનાં દ્વાર ખુલ્લા થાય છે અને વ્યક્તિચેતના વૈશ્વિક ચેતનામાં વિલીન થવા તરફ અગ્રેસર થાય છે.

૧૨. ઉપસંહાર

ભારતીય સંસ્કૃતિ અને ભારતીય અધ્યાત્મ પરંપરામાં પ્રાણાયામનો અપરંપાર મહિમા ગવાયો છે. વેદથી માંડીને આધુનિક અધ્યાત્મ-મનીષીઓ સુધી સૌએ પ્રાણાયામનો એકી અવાજે સ્વીકાર કર્યો છે.

યોગપથમાં તો પ્રાણાયામ કેન્દ્રસ્થ સાધના છે, પરંતુ ભક્તિ, જ્ઞાન, આદિ અધ્યાત્મધારાઓમાં પણ પ્રાણાયામનો એક મૂલ્યવાન સહાયક સાધન તરીકે સ્વીકાર થયો છે.

પ્રાણાયામના શાસ્ત્રીય સ્વરૂપનો સર્વજનહિત માટે વ્યાપક પ્રમાણમાં પ્રસાર અને વિનિયોગ થાય, એ જ અભીષ્ટ છે.

(ક્રમશઃ)■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombay samachar.com

મન ને વાણીના વિસ્તારથી દૂર...

ઉપનિષદમાં દર્શાવાયેલ એક અદ્‌ભુત સત્ય એ છે કે 'યતો વાચો નિવર્તંતે, અપ્રાપ્ય મનસા સહ'. કહેવાનું તાત્પર્ય એ કે જ્યાં મન અને વાણી પહોંચી શકતા નથી, ત્યાં બ્રહ્મ છે. સનાતન સત્ય, પરમ અસ્તિત્વ, પરમ આનંદ એ મન અને વાણીના વિસ્તારથી દૂરની વાસ્તવિકતા છે. બ્રહ્મ એ સત્ય છે જ્યાં પહોંચતાં પહેલાં જ મન અને વાણી પાછાં ફરી જાય. સંસ્કારની સ્વીકૃતિ, રચનાત્મક વિચાર, સકારાત્મક અભિગમ, ધર્મનિષ્ઠ ઉત્તરદાયિત્વ, જ્ઞાનની સ્થાપના,

માનવીય સંવેદનાઓ, સત્યની સ્વીકૃતિ અને પ્રસ્તુતિ, નૈતિક પ્રેરણા - બધું જ મન અને વાણીના વિસ્તારમાં આવે. જ્યાં સુધી આ વિસ્તાર સાથે અસ્તિત્વ જોડાયેલું રહે ત્યાં સુધી બ્રહ્મની અનુભૂતિથી આવરણ રહે.

મન એક વિચિત્ર ઘટના છે, અહીં વિચાર, ભાવના, કલ્પના, સંકલ્પ, ઈચ્છા, અહંકાર, બધું જ આકાર લે, નકારાત્મક પણ અને સકારાત્મક પણ. અહીં વિશ્વાસ જન્મે અને શંકા પણ, પ્રેમની અનુભૂતિ થાય અને દ્વેષની પણ, નિયંત્રણ હોય અને અનિયંત્રિતતા પણ. સુખ અને દુઃખ કે ખુશી અને કંટાળાની અનુભૂતિ પાછળ મન કારણભૂત હોય છે. મનની ચંચળતા, નાજુકતા અને ભાવનાત્મકતાને કારણે એક યા બીજી તરફ તેનો લગાવ અને ઝોક સ્વાભાવિક રહે. મન ઇન્દ્રિયોનો રાજા છે અને જ્ઞાનેન્દ્રિયો જે કંઈ પ્રસ્તુત કરે તેને અનુભવવાનું કામ મનનું છે. મનની આ અનુભૂતિ કર્મેન્દ્રિય માટે પ્રેરક બની રહેતી હોય છે.

વાણી એ વિચાર, અનુભવ, સમજ, ભાવના, જ્ઞાન અને માહિતી પ્રગટ કરવાનું માધ્યમ છે. વાસ્તવમાં તે મનનું જ એક સ્વરૂપનું પ્રાગટ્ય છે. મનમાં જે વિચાર આવે, મન જે પ્રકારે અનુભૂતિ કરે, મન પાસે જે પ્રકારની સમજ, માહિતી કે જ્ઞાન હોય, મનમાં જે રીતે ભાવના ઉદ્‌ભવે તે બધું જ વ્યક્ત કરવા માટે વાણી સાધન બને. મનની જેવી સ્થિતિ, વાણીમાં તેવી અભિવ્યક્તિ. વાણીમાં જે સત્ય કે મિથ્યા, મીઠાશ કે કડવાશ, સરળતા કે જટિલતા, સ્પષ્ટતા કે ગૂંચવાડો, કલાત્મકતા કે રુક્ષતા અનુભવાય તે બધું જ મનની સ્થિતિના પ્રતિબિંબ સમાન હોય. વાણી પ્રોત્સાહિત પણ કરી શકે અને હતોત્સાહિત પણ.

વિસ્તાર એટલે જે તે કાર્ય અથવા અસ્તિત્વથી અસરગ્રસ્ત ક્ષેત્ર. આ અસર ભાવનાલક્ષી, જ્ઞાનલક્ષી, અનુભવલક્ષી કે કાર્યલક્ષી હોઈ શકે. મન અને વાણીનો વિસ્તાર એટલે આ બે દ્વારા સંપન્ન થતાં કાર્યની અનુભૂતિનો વ્યાપ. આમ તો મન જે અનુભવે તેની સૂક્ષ્મ અસર ચારે બાજુ પ્રસરતી જ હોય છે. આ અસરથી મુક્ત રહેવું સામાન્ય માનવી માટે લગભગ અશક્ય હોય છે, માત્ર અસરની માત્રા વધઘટ થઈ શકે. તેની અપેક્ષાએ વાણીનો વિસ્તાર ત્યાં સુધી રહે જ્યાં સુધી શ્રવણેન્દ્રિય તેની નોંધ લઇ શકે. આ વિસ્તારની માત્રા ભૌતિક પરિમાણથી તો સ્થાપિત થઈ શકે પરંતુ તેનો માનસિક, તત્ત્વજ્ઞાનિક, આધ્યાત્મિક કે ભાવનાત્મક વ્યાપનું માપ સ્થાપિત કરવું અશક્ય છે. અમુક સંજોગોમાં તો મન અને વાણીનાં અસ્તિત્વ બાદ પણ આ વ્યાપનો પ્રસાર થઈ શકે. મન મૂળ કારણ છે, વિચાર અભિવ્યક્તિ છે અને વિસ્તાર અસર અને પરિણામ નિર્ધારિત કરતું ક્ષેત્ર છે.

સરખામણી કરતાં એમ કહી શકાય કે મનનો વિસ્તાર અકલ્પનીય છે. મનમાં ઉઠતાં તરંગોમાં સમાયેલી સંકલ્પ-વિકલ્પની આંતરિક ઘટના હોવાં છતાં તેની અસર આંતરિક સ્થિતિ ઉપરાંત બહારનાં વિશ્વ સુધી પણ પહોંચતી હોય છે. મન અંતઃકરણનું એક અગત્યનું સ્વરૂપ હોવાથી તેનાં કાર્યની અસર સમગ્ર અસ્તિત્વ કરતો પડે. બહારના વિશ્વના પરિપ્રેક્ષ્યમાં મનના વિસ્તારને દિશાનું નિયંત્રણ નથી હોતું. આ વિસ્તાર બ્રહ્માંડના કાલ્પનિક છેડાથી પણ પાર જઈ શકે છે. તેનાં વિસ્તારનાં વિસ્તારની ઝડપ નિર્ધારિત નથી હોતી. મનનો વિસ્તાર ગમે ત્યારે અટકી શકે છે અને ફરીથી પુનઃ પ્રવૃત્ત થઈ શકે છે. જ્યાં પહોંચવું શરીર માટે અસંભવ હોય ત્યાં પણ મનનો વિસ્તાર ક્ષણભરમાં પ્રસરી શકે છે. ભૂત, વર્તમાન કે ભવિષ્યનું બંધન તેને નથી નડતું. સ્મૃતિ વડે તે ભૂતકાળમાં અને કલ્પના વડે તે ભવિષ્યમાં મનના પ્રભુત્વનો વિસ્તાર શક્ય છે.

વાણીનો વિસ્તાર એ ભૌતિક વિશ્વની ઘટના છે. ધ્વનિ-પ્રસારનું માધ્યમ, તેની ઘનતા, ધ્વનિ-તરંગોની લંબાઈ જેવી બાબત આ વિસ્તારને પ્રભાવિત કરે. જો આ બાબતો યથા-યોગ્ય ન હોય તો વાણીનો વિસ્તાર અતિશય સીમિત થઈ જાય. જો કે મનની જેમ વાણીનો પણ સૂક્ષ્મ પ્રભાવ હોય છે કારણ કે વાણી અંતે સામેવાળી વ્યક્તિના મનને જ અસર કરે. પરંતુ આ અસર ત્યાં સુધી થાય ત્યારે થાય જ્યારે વાણી અર્થાત્ ભાષાનું સ્વરૂપ બંનેની સમજમાં આવે તેવું હોય. જો સમજણ, શ્રવણશક્તિ, સંવેદનશીલતા, સંદર્ભિક માહિતી જેવી બાબતોનો અભાવ હોય તો પણ વાણીનો વિસ્તાર સીમિત થઈ શકે. મનની સૂક્ષ્મ ઘટના સ્થૂળ સ્વરૂપે વાણી રૂપે પ્રગટ થતી હોવાથી બંનેનો હેતુ એક સમાન રહેવા છતાં બંનેના વિસ્તારનો પ્રસાર ભિન્ન ભિન્ન રહે તે સ્વાભાવિક છે. મનનો વિસ્તાર બ્રહ્માંડ સુધી પહોંચી શકે છે, પરંતુ વાણીનો વિસ્તાર માત્ર સમાજ, ઇતિહાસ અને સંસ્કૃતિમાં જ ફેલાય છે. એમ કહેવાય છે કે વેદો ઋષિઓની 'વાણી' થકી પ્રગટ થયા છે. વાણીનું આ સૌથી સમર્થ સ્વરૂપ છે જેનો પ્રભાવ આજ દિન સુધી સમગ્ર વિશ્વમાં જોવા મળે છે. વાણીની પણ એક મર્યાદા છે. એ જરૂરી નથી કે વાણી દર વખતે સત્ય, ધર્મ, નૈતિકતા, સાત્વિકતા, આધ્યાત્મિકતા, વિદ્યા, જ્ઞાન, તથા એવી અન્ય પરમ બાબતોને યથાર્થ સ્વરૂપે સ્થાપિત કરે. મનની જેમ વાણી પણ પ્રદૂષિત અને મલીન થઈ શકે.

ગીતામાં જણાવાયું છે કે મન અત્યંત ચંચળ, બળવાન અને દમન કરવું મુશ્કેલ છે. આવાં 'દૃઢ' મનનો વિસ્તાર નિયંત્રિત ન થઈ શકે. મનના વિસ્તારને નિયંત્રિત કરવા માટે મનની લહેરોને રોકી દેવી પડે. પતંજલિ યોગસૂત્રમાં મનના નિયંત્રણને યોગની એક અગત્યની ભૂમિકા તરીકે દર્શાવાયું છે. લાંબા અભ્યાસનું મનનું નિયંત્રણ આગળ જતાં સમાધિ સુધી પહોંચી શકે. પૌરાણિક ઇતિહાસમાં મનનું સામર્થ્ય દર્શાવતાં ઘણાં ઉદાહરણો છે. જો મન નિયંત્રણમાં તો વાણી આપમેળે નિયંત્રિત રહે. મન અને વાણી નિયંત્રિત હોય તો તેનો વિસ્તાર પણ નિયંત્રિત રહેવાની સંભાવના રહે. ■

દુહાની દુનિયા

ડૉ. બળવંત જાની
feedback@bombay samachar.com

દુહામાં જીવનબોધ

દુહામાંથી નીતરતો ભાવબોધ સનાતન સત્યને ઉજાગર કરતો હોય છે, દુહાના બે પંક્તિના ચાર ચરણમાં પ્રત્યેક ચરણ સુત્રાત્મક રીતે માનવ-જીવનનાં રહસ્યોને અભિવ્યક્તિ અર્પતા હોઈને એમાં સહુ કોઈને રસ પડતો હોય છે. લાઘવ દ્વારા એ યાદગાર પણ બની રહે છે. કંઠમાં કોરાઈ જાય છે. યાદ રહી જાય છે. દુહાના મૂળમાં રહેલો આવો લાઘવપૂર્ણ ભાવબોધ-જીવનબોધ અને સર્વાધિક લોકપ્રિય બનાવનારું પરિબળ છે; ભાષાનું સૌંદર્ય, ભાવબોધને અનુસંગે થોડામાં ઘણું સૂત્રાત્મક રીતે કથતા થોડાં દુહા આસ્વાદીએ.

મોહ અને માયાને વ્યાખ્યાયિત કરવા ઘણાં કપરા છે એના ઉપર ગ્રંથો લખાયા છે અને શાસ્ત્રો રુંધાયા છે. પણ માયાની દુહા રચયિતાએ ઓળખ કરાવતા ગાયું કે

માયા બડી મોહિની, જેના લાંબા ગાળા;
સાંગો કે સલવાણા, કંઈક ચડયા ને કંઈક પાળા

માયા બહુ મોટી મોહક - મોહ જન્માનારી છે એની લંબાઈ ખૂબ છે એનું માપ-ગાળો ભારે લાંબો છે. સાંગાનામનો સન્મિત્ર કહે છે કે આમાં કંઈ કેટલાય ચડી ગયા અને કંઈક પાળા-સાધુ-બની ગયા. મોહનું બીજું નામ જ માયા છે જેનો પાર પામી શકાતું નથી એમાં સલવાણા અર્થાત ફસાયા એટલે પછી બલિદાન સિવાય કશું નથી હોતું, ચડી જવું, હોમાય જવું અને નિરાશ થઈ પાળા. નિરર્થકતા માની સાધુ થઈ જવું. માયામાં ન ફસાવાનું આડકતરું સૂચન છે.

પરણેલને મેલે પતિ, રાખે જઈને રખાત;
(તેને)ભૂંડી થાશે ભાત્ય, પોકારીને પાલો ભણે.

કોઈ પતિ પોતાની પરણેતરને અર્થાત્ પત્નીને છોડીને ઉપપત્ની - રખાત - રાખતો હોય છે તેનું ભૂંડું અહિત જ થવાનું છે. પાલરવભા પાલિયા નામના ચારણ આવું પોકારી-બૂમ પાડીને કહે છે.

પત્ની પતિવ્રતા હોય એમ પતિએ પણ પત્નીવ્રતા બનવાનું સદાચારી પણ દાખવવા પાલરવભા પાલિયા નામના ગઢવી ચારણના દુહા ખૂબ પ્રખ્યાત છે એમણે શામળા નામ છાપથી પણ દુહાઓ રચેલા છે. કેટલાક દુહા પાલો નામથી વર્ણસચાઈ વિનિયોગવા કહ્યા છે એવું જણાયું છે. અહીં પોકારીનો પ્રાસ પાલા સાથે મળે છે અને દુહાનું બંધારણ પણ સચવાય છે.

થાંભા થડકે, ઘર હસે, ખેલણ લાગી ખાટ;
સાજન આયા હે સખી, જેની જોતાં વાટ.

પ્રિયતમની રાહ જોવાતી હોય અને એનું આગમન થાય એટલે ઘરની થાંભલીઓ થડકવા-ધ્રૂજવા-લાગે આખું ઘર હસતું હોય એમ અનુભવાય અને હિંડોળા ખાટ હીંચવા-ખેલવા લાગે. હે સખી મારો પ્રિયતમ સાજન આવે ત્યારે આવું વાતાવરણ નિર્માણ થતું હોય છે. વાટ જોતા હોઈએ અર્થાત્ રાહ જોતા હોઈએ એના આગમનથી આસપાસનું વાતાવરણ પણ ચેતનવંતુ બનીને પ્રસન્નતાની ક્ષીણને જીવંત બનાવી દેતુ ચિત અનુભવતું હોય એનો નિર્દેશ અહીં દુહામાં કરાયો છે.

બીજા એક દુહામાં સાજણ અર્થાત્ પ્રિયતમને ઉદેશીને કહેવાયેલા સત્યને પણ આસ્વાદીએ.

સાજણ વીસર્યાં ન વીસરે, જેથી બાંધ્યો નેહ;
પળ પળ હૈયે સાંભરે, જેમ બપૈયો મેહ.

સાજણ અર્થાત્ પ્રિયતમને ભૂલ્યો ભુલાતો નથી. જેમની સાથે નેહ-સ્નેહ- બંધાયો-થયો હોય એ ક્ષણ-ક્ષણ ચિત્તમાં-હૃદયમાં સાંભરતો રહે છે, જે રીતે બપૈયા નામનું પંખી મેહ અર્થાત્ વરસાદ સાથે અવિનાભાવ સંબંધથી સંકળાયેલ છે એવું જ પ્રેમિકાનું પ્રેમીજન સાથેનું જોડાણ હોય છે.

આવા સનાતન સત્યોને, જીવન બોધલક્ષી ભાવબોધને આલેખતા દુહાઓ એની સુત્રાત્મક અભિવ્યક્તિ, લાઘવપણું અને શબ્દચયનના માધુર્યથી માનવ હૈયામાં કાયમની જકડાઈ-જડાઈ જતા હોય છે. દુહાઓ આવા કારણથી માનવહૈયામાં કાયમી સ્થાન પામી જતા હોય છે. ■

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombay samachar.com

પ્રિયે, તમારે આરાધના કરવી જ જોઈએ પણ તપની નહીં, નૃત્યની કરવી જોઈએ

એક દિવસ માતા પાર્વતી ભગવાન શિવને કહે છે, હે સ્વામિ, લોકમાતા ગંગા નદી પતિતપાવની કહેવાય છે, શું કોઈપણ માનવ શ્રદ્ધાથી ગંગાસ્નાન કરે તો તેના પાપ શું ખરેખર ધોવાઈ જતાં હશે? ભગવાન શિવ તેમને પ્રત્યક્ષ પ્રમાણ બતાવવા તૈયાર થાય છે અને માતા પાર્વતીને ગંગા કિનારે લઈ જાય છે. ભગવાન શિવ એક વૃદ્ધ બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કરે છે અને મુખ્ય રસ્તા પર તેઓ એક કાદવકીચડવાળા ખાડામાં ફસાઈ પડે છે અને માતા પાર્વતીને કહે છે કે તમારે એમ કહેવું કે, 'આ મારા વૃદ્ધ પતિને કાદવકીચડમાંથી બહાર કાઢનારનું ભોળાનાથ ભલું કરશે, પરંતુ તેમને બહાર કાઢનાર જો તદ્દન નિષ્પાપ નહિ હોય તો મારા પતિનો સ્પર્શ થતાની સાથે જ તે બળીને ભસ્મ થઈ જશે.' અષાઢ સુદ પૂનમ એટલે કે ગુરુ પૂર્ણિમાના દિવસે ગંગાતટે મહોત્સવ હતો. હજારો લોકો ગંગસ્નાન કરી પોતાનાં પાપનું વિસર્જન કરવા અહીં આવ્યા હતા. ગંગાસ્નાન કરી ઘેર જતી યુવાન સ્ત્રીનું રુદન કરવાનું કારણ પૂછતાં માતા પાર્વતી કહેતાં કે, 'મારા વૃદ્ધ પતિને કાદવકીચડમાંથી બહાર કાઢનારનું ભોળાનાથ ભલું કરશે, પરંતુ તેમને બહાર કાઢનાર જો તદ્દન નિષ્પાપ નહિ હોય તો મારા પતિનો સ્પર્શ થતાની સાથે જ તે બળીને ભસ્મ થઈ જશે.' આવી શરત સાંભળી સૌકોઈ વિચારમાં ગરકાવ થઈ જતું કે ગંગાસ્નાન તો શ્રદ્ધાથી જ કર્યું છે પણ સર્વ પાપો નષ્ટ થઇ ગયાં કે કેમ તેની ખબર કેવી રીતે પડે? થોડાંક પાપ જો રહી ગયાં હોય તો? તો ધરમ કરતાં ધાડ પડે. આ વૃદ્ધ બ્રાહ્મણને ખાડામાંથી બહાર કાઢવા જતાં રખેને બળીને ભસ્મ થઈ જવાય તો? આવું વિચારી સૌ કોઈ પોતપોતાને રસ્તે રવાના થઈ જતાં. સાંજનો સમય થવા આવ્યો હતો, ગુરુપૂર્ણિમાનો દિવસ હોવાથી નજીકના ગુરુજીના આશ્રમમાં ભેટ ધરીને ગંગાજીમાં સ્નાન કરી એક યુવાન પાછો ફરી રહ્યો હતો. પેલી સ્ત્રી(માતા પાર્વતીની વાત સાંભળીને તેણે કહ્યું, 'હું ગંગાસ્નાન કરીને જ આવ્યો છું, હું નિષ્પાપ છું.' ભગવાન શિવને તેણે તુરંત ખાડામાંથી બહાર કાઢયાં, ભગવાન શિવ અને માતા પાર્વતીએ તેને દર્શન આપતાં તે કૃતાર્થ થઈ ગયો અને ભવોભવના ખાડામાંથી બહાર નીકળી પડયો. ભગવાન શિવે કહ્યું, 'દેવી! શ્રદ્ધા પરમ દુર્લભ છે. શ્રદ્ધાવાન લભતે જ્ઞાનમ. કહેવાનું તાતપર્ય એ છે કે, ગંગાસ્નાન શ્રદ્ધાથી કરો, શ્રદ્ધા અને દૃઢતા એવી પાંખો છે, જેને સહારે તમારા લક્ષ પ્રતિ તત્કાળ ઉડ્ડયન આદરી શકો છો. શ્રદ્ધા એ જીવનનું મોટામાં મોટું બળ છે. શ્રદ્ધા જ નિર્ધનનું ધન છે. શ્રદ્ધા જ દુઃખમાં આશ્વાસન આપવાની ક્ષમતા ધરાવે છે. શ્રદ્ધા જ સાર્થક જીવન છે. શ્રદ્ધા વગર સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. શ્રદ્ધા હૃદયની વસ્તુ છે, શ્રદ્ધા પોતાના સ્વભાવને જ અનુસરે છે. ઓછેવત્તે અંશે દરેકમાં શ્રદ્ધા છે. જેની શ્રદ્ધા બળવાન તેને ફળ પણ મોટું મળે. શ્રદ્ધા મેરુ પર્વત જેવી ઉત્તુંગ અને અવિચળ હોવી જોઈએ. દરેક મનુષ્યે આત્મશ્રદ્ધા - અંદરની શ્રદ્ધા કેળવવી જોઈએ. મનમાં આસુરી અને દૈવી પ્રકૃત્તિનું યુદ્ધ ચાલતું જ હોય છે. એટલે માનવે પૂર્ણ શ્રદ્ધા ધરી કામ કરવા જોઈએ સફળતા નિશ્ચિત જ મળે છે.

***

લોકમાતા ગંગા નદી પતિતપાવની છે એની ખાતરી આપ્યા બાદ માતા પાર્વતી અને ભગવાન શિવ કૈલાસ પહોંચે છે.

ભગવાન શિવઃ 'પ્રિયે હું લાંબા સમય માટે તપ આરાધના કરવા માગું છું.'

માતા પાર્વતીઃ 'સ્વામિ તો ત્યાં સુધી હું શું કરીશ? મારે પણ આરાધના કરવી છે.'

ભગવાન શિવઃ 'પ્રિયે, તમારે આરાધના કરવી જ જોઈએ પણ તપની નહીં, નૃત્યની કરવી જોઈએ.'

માતા પાર્વતીઃ 'સ્વામિ હું કંઈ સમજી નહીં.'

ભગવાન શિવઃ 'દેવી થિલ્લઈ વન પર તમારું જ રાજ છે. ત્યાં જઈ તમારા પશુ-પક્ષી ગણ છે તેના સાંનિધ્યમાં નૃત્ય આરાધના કરો. મારી આરાધના પૂર્ણ થતાં હું ત્યાં જ આવીશ.'

માતા પાર્વતીઃ 'જેવી તમારી આજ્ઞા.'

ભગવાન શિવ પોતાની આરાધનામાં લીન થઈ જાય છે, તો માતા પાર્વતી થિલ્લઈ વન જઈ પશુ-પક્ષીઓ સાથે નિવાસ કરી નૃત્ય આરાધના કરે છે.

સમય વીતતો જાય છે. ભગવાન શિવ તેમની આરાધના પૂર્ણ કરી ત્યાં પહોંચે છે. માતા પાર્વતી તેમની નૃત્ય આરાધના કરતા હોય છે. તેમને જોઈ ભગવાન શિવ પોતાને રોકી શકતા નથી અને તેઓ પણ નૃત્ય કરવા માંડે છે.

શિવ શક્તિ બંને નૃત્ય કરવા માંડતા પૃથ્વીની ધરા ડોલવા માંડી. એ જોઈ બ્રહ્માજી માતા સરસ્વતી સાથે અને શ્રીહરિ વિષ્ણુ માતા લક્ષ્મી સાથે થિલ્લઈ વન પહોંચે છે.

બ્રહ્માજીઃ 'દેવી પાર્વતી રોકાઈ જાવ, તમારા બંનેના એકસાથેના નૃત્યથી પૃથ્વીની ધરા ડોલવા માંડી છે.'

માતા પાર્વતીઃ 'તો તમે એમ કહો કે મારું નૃત્ય સ્વામિ કરતાં ઉત્તમ છે.'

શ્રીહરિ વિષ્ણુઃ 'શિવ, રોકાઈ જાવ, તમારા બંનેના નૃત્યથી પૃથ્વીની ધરા ડોલી રહી છે.'

ભગવાન શિવઃ 'તો તમે દેવતાગણ એમ કહો કે મારું નૃત્ય પાર્વતી કરતાં ઉત્તમ છે.'

દેવતાઓ વિમાસણમાં પડી ગયા, બંને અલગ અલગ પ્રકારની મુદ્રાઓથી ઉત્તમ પ્રકારનું નૃત્ય કરતાં હતાં. માતા પાર્વતી ભગવાન શિવની મુદ્રાથી વધુ ઉત્તમ મુદ્રામાં નૃત્ય કરતાં હતાં તો સામે ભગવાન શિવ માતા પાર્વતીની મુદ્રા જોઈ એનાથી ઉત્તમ મુદ્રામાં નૃત્ય કરતાં હતાં. અલગ અલગ મુદ્રાઓમાં ઘણી મુદ્રામાં અંગ મરોડ આવતી ત્યાં ભગવાન શિવ થોડા ઉણાં ઉતરતાં હતાં તો ત્યાં માતા પાર્વતીની શ્રેષ્ઠતા પુરવાર થઈ રહી હતી. સાદી ભાષામાં કહીએ તો ભગવાન શિવનો પરાજય થઈ રહ્યો હતો. ભગવાન શિવ પણ એમ હાર માને એમ નહોતા એટલે તેમણે ઉર્ધ્વ તાંડવ મુદ્રા કરી પોતાના એક પગને માથા ઉપર ઉઠાવીને માતા પાર્વતીને તેનું પુનરાવર્તન કરવા પડકાર ફેંકયો. સ્ત્રી હોવાની મર્યાદાને કારણે માતા પાર્વતી સમગ્ર દેવતાઓ સમક્ષ આ મુદ્રાનું પુનરાવર્તન કરી ન શકયાં. તેમણે પોતાની હાર સ્વીકાર કરી લીધી અને ભગવાન શિવના આશિર્વાદ લીધા. જ્યાં શિવ-શક્તિની નૃત્ય પ્રતિયોગિતા યોજાઈ હતી એ સ્થળ પર એટલે કે થિલ્લાઈ વનમાં આજે પણ ભગવાન શિવ નટરાજ સ્વરૂપે વિદ્યમાન છે. જેને આજે થિલ્લાઈ નટરાજ મંદિર તરીકે આપણે ઓળખીએ છીએ. જે આજનું ચિદમ્બરમ ક્ષેત્ર ચેન્નાઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી ૨૪૫ કિમી દૂર છે અને ત્યાં એક રેલ્વે સ્ટેશન છે જે ત્રિચી, મદુરાઈ અને ચેન્નાઈ સાથે જોડાયેલું છે.

***

બીજી એક કથા અનુસાર માતા પાર્વતી સમગ્ર દેવતાઓ સમક્ષ આ મુદ્રાનું પુનરાવર્તન કરી ન શકયાં તેમની હાર થઈ. આ હારથી માતા ક્રોધિત હતા. માતા પાર્વતીએ ગુસ્સામાં કાલી સ્વરૂપ ધારણ કર્યું અને થિલ્લાઈ વન છોડીને સીમાઓની બહાર સ્થાયી થઈ ગયા. આમ, અહીં તેમને થિલ્લાઈ કાલી તરીકે પૂજાવામાં આવે છે. ભોઠા પડેલા દેવતાઓ વિમાસણમાં પડી ગયા. માતાને કઈ રીતે મનાવવા. બ્રહ્માજીએ એ જ જગ્યાએ વેદનો જાપ કરીને માતા પાર્વતીની સ્તુતિ કરી.

થિલ્લાઈ કાલી પ્રસન્ન થયા અને બ્રહ્મા જેવા ચાર માથા ધરાવતું સૌમ્ય સ્વરૂપ ધારણ કર્યું અને થિલાઈ અમ્માન (થિલ્લાઈની માતા) અથવા બ્રહ્મા ચામુંડેશ્વરી તરીકે પ્રખ્યાત થયાં. મંદિરમાં બે મુખ્ય મંદિરો છે. પશ્ચિમ તરફના મંદિરમાં દેવીનું ચાર મુખ ધરાવતા બ્રહ્મા ચામુંડેશ્વરી સ્વરૂપનું ચિત્રણ કરવામાં આવ્યું છે. તો પૂર્વ તરફના મંદિરમાં, દેવી તેમના ઉગ્ર સ્વરૂપમાં દેખાય છે જેને થિલાઈ કાલી કહેવામાં આવે છે.

મંદિરની દીવાલો પરના વિવિધ શિલાલેખો પરથી એવું લાગે છે કે હાલનું મંદિર ૧૩મી સદીમાં સ્થાનિક શિલ્પકારો દ્વારા ચોલાઈ વંશજ રાજાઓ દ્વારા બનાવવામાં આવ્યું હતું. (ક્રમશઃ)■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજયગુરુ
feedback@ bombaysamachar.com

શ્રી હરિનારાયણ રવિ-ભાણ આશ્રમનો મંગલ પ્રારંભ

શરદપૂર્ણિમાના પાવન અવસરે તારીખ ૭-૧૦-૨૦૨૫ના દિવસે વર્ષાની પ્રથમ બરફવર્ષા અને માઈનસ ૧૦૪ અંશના વરસાદી વાતાવરણની ઠંડી સાથે ઉત્તરાખંડના બદ્રીનાથ તીર્થધામ ખાતે મોટી વિરાણી-કચ્છના રવિભાણ આશ્રમ, શ્રી રામજીમંદિરના મહંતશ્રી, શ્રીમદ્ જગદ્‌ગુરુ દ્વારાચાર્યશ્રી રામકબીર રવિભાણ સંપ્રદાયાચાર્ય પીઠાધિશ્વરસ્વામીશ્રી શાંતિદેવાચાર્યજી મહારાજ દ્વારા નિર્મિત બદ્રીનાથ-બામણી ગાંવ, ઉર્વશીમંદિર પાસે 'શ્રી હરિનારાયણ રવિ-ભાણ આશ્રમ'નો વિધિવત્ મંગલ પ્રારંભ દક્ષિણ ભારતના વિદ્વાન વેદવિદ્ આચાર્ય પંડિત બ્રાહ્મણોના ત્રિદિવસીય વેદોક્ત વાસ્તુશાંતિયાગ, રૂદ્રયાગ, વિષ્ણુયાગ જેવા માંગલિક વિધાનો સાથે થયો.

આ પ્રસંગે સદ્‌ગુરુ ભાણસાહેબ સમાધિસ્થાન-ભાણતીર્થ કમીજલાના મહંત શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી જાનકીદાસજીબાપુ, શ્રીબદ્રીનાથતીર્થ-ઉત્તરાખંડ સ્થિત આજુબાજુના તમામ ધર્મ-પંથ સંપ્રદાયોના આશ્રમોના મહંતશ્રીઓ, સ્વામીશ્રી અમૃતાનંદજી બર્ફાની બાબા, બદ્રીકેદાર સમિતિ મંડલના સૌ ધર્માધિકારી મહાપુરુષો, કચ્છ-સૌરાષ્ટ્ર-ગુજરાતના રવિ- ભાણ સ્થાનકોના સેવકવર્ગ, સામખિયાળી કચ્છના શાસ્ત્રીજી અને ઋષિકુમારો, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને કર્ણાટકથી આવેલ રવિ-ભાણ સંપ્રદાય સાથે જોડાયેલ અનુયાયીવર્ગની બહોળી હાજરી સાથે શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર,સંશોધક-સાહિત્યકાર ડો. નિરંજન રાજ્યગુરુ સંપાદિત 'રવિસાહેબ કૃત પ્રેમલક્ષણા ભક્તિ તથા ઉધ્ધવ સંદેશનાં પદો' પુસ્તકનું વિમોચન થયું. શ્રી લીલાધર જેઠાભાઈ જબુવાણી(પટેલ પેકિંગ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, ઉદયપુર-રાજસ્થાન)ના અનુદાનથી પ્રકાશિત આ પુસ્તકમાં સૌ પ્રથમવાર રવિ-ભાણ સંપ્રદાયના સંતકવિ રવિસાહેબ કૃત પ્રેમલક્ષણા ભક્તિનાં ૫૧ પદો, 'પ્રેમ પચીસી'નાં પચીસ પદો, 'ઉધ્ધવસંદેશ'નાં વીસ પદો ઉપરાંત એકવીસ જેટલા મધ્યકાલીન ગુજરાતી સંત-ભક્ત-કવિઓ રચિત ૫૯ પદો મળી કુલ એકસો પંચાવન પદ- ભજનો મૂળ હસ્તપ્રતોમાંથી શોધીને, પાઠશુદ્ધિ સાથે સંકલિત કરવામાં આવ્યા છે. ભાણ સાહેબના સમર્થ શિષ્ય અને સમગ્ર સંપ્રદાય સાથે જેમનું નામ જોડાયું છે તેવા તેજસ્વી સંતકવિ રવિસાહેબનો જન્મ આમોદ તાલુકાના તણછા ગામે વીસા શ્રીમાળી વણિક જ્ઞાતિમાં, પુષ્ટિમાર્ગી વૈષ્ણવધર્મના અનુયાયી મંછારામને ત્યાં વિ.સં.૧૭૮૩માં મહાસુદી ૧૫ ને ગુરુવારે ઈ.સ.૧૭૨૭માં થયેલો. ઈ.સ.૧૭૪૮, વિ.સં.૧૮૦૪ના મહા સુદ ૧૧ બુધવારે એકવીસ વર્ષની વયે રવિસાહેબે ભાણસાહેબ પાસે રામકબીર દીક્ષા લીધી. ૭૭ વર્ષની વયે ઈ.સ.૧૮૦૪, વિ.સં.૧૮૬૦ કારતક સુદ ૧૧ના રોજ વાંકાનેર મુકામે દેહત્યાગ કરેલો. સમાધિ-મોરારસાહેબની જગ્યા- ખંભાલિડામાં. આ પહેલાં નિરંજન રાજ્યગુરુ દ્વારા 'રવિ-ભાણ સંપ્રદાયના એકાશી સંત-ભક્ત કવિઓ' બૃહદ્ ગ્રંથ રવિભાણ સંપ્રદાયના મૂળ ઈતિહાસ સાથે ચારસો એંસી જેટલા પૃષ્ઠોમાં ૪૮૦ પૃષ્ઠોમાં રવિભાણ સંપ્રદાયનો મૂળ ઈતિહાસ અને ૮૧ જેટલાં સંત-ભક્ત કવિઓના પરિચય સાથે એમની ૩૦૫ પદ્ય રચનાઓનું સંકલન થયું છે. જે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટના શ્રી ઝવેરચન્દ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર દ્વારા પ્રકાશિત થયેલ છે.

પ્રયાગરાજ તીર્થરાજ મહાકુંભ પાવનપર્વ સમયે માઘ કૃષ્ણ દ્વાદશી રવિવાર તા. ૨૬/૧/ ૨૦૨૫ના રોજ સમસ્ત ભારતવર્ષના વિરક્ત વૈષ્ણવ સંતો, ચતુઃ સંપ્રદાય, જગદ્‌ગુરુ, તમામ દ્વારાચાર્યો, ત્રણે અની અખાડાના શ્રી મહંતો, તમામ વરિષ્ઠ ખાલસાના મહંતો, વિશિષ્ટ સંત મહાનુભાવોની ઉપસ્થિતિમાં રેવાસા અગ્રપીઠ,પરમ પૂજ્ય જગદ્‌ગુરુ દ્વારાચાર્ય શ્રી અગ્રપીઠાધીશ્વર તથા મલૂક પીઠાધીશ્વર શ્રી શ્રી ૧૦૦૮ રાજેન્દ્રદેવાચાર્યજી મહારાજની ગૌરવમયી અધ્યક્ષતામાં પટ્ટાભિષેક સમારોહમાં ભેખ ભગવાન અને સર્વ સંમતિથી મોટી વિરાણી(કચ્છ) રવિભાણ આશ્રમ, રામજી મંદિરના મહંતશ્રી શાંતિદાસજીબાપુને 'શ્રીમદ્ જગદ્‌ગુરુ દ્વારાચાર્ય શ્રી રામકબીર રવિભાણ સમ્પ્રદાયાચાર્ય પીઠાધીશ્વર અનંત શ્રી વિભૂષિત સ્વામીશ્રી શાન્તિદેવાચાર્યજી મહારાજ'ના નામથી ઘોષિત કરવામાં આવ્યા હતા.

શ્રી દિગંબર અખ

પ્રકરણ-૪૧

‘ઈન્સ્પેક્ટર રવિ કદમ અને મહિલા સબ-ઈન્સ્પેક્ટર વિદ્યા પાટીલને આમ અચાનક ઘરે આવેલાં જોઈ આકૃતિ બંગારાના હાથ-પગ પાણી પાણી થવા લાગ્યા. યુનિટ-પાંચમાં આવેલા આકૃતિના નાનકડા ઘરમાં ગરમી ખાસ્સી થતી હતી, પણ અત્યારે પોલીસ અધિકારીઓને જોઈને તેને પરસેવો વળવા લાગ્યો.

‘તારી સાથે થોડી વાતચીત કરવી છે!’ કદમે ભારે અવાજમાં કહેતાં આકૃતિના કપાળ પરથી પરસેવાના રેલા ઊતરવા લાગ્યા.

ડૉ. ભંડારીના ટ્રસ્ટની ઑફિસ અને હૉસ્પિટલમાં કામ કરતી હતી આકૃતિ. ડૉ. ભંડારી સાથેના તેના વ્યભિચારની જાણકારી પોલીસને મળી હતી, પણ આશ્ચર્યની વાત એ હતી કે આકૃતિએ ફોન પર ક્યારેય ડૉ. ભંડારીનો સંપર્ક સાધ્યો નહોતો. વળી, ડૉ. ભંડારીએ પણ આકૃતિને કૉલ કર્યો નહોતો. આ શક્ય ન હોવાથી ગોહિલને શંકા હતી કે આકૃતિ અથવા ડૉ. ભંડારી પાસે સિક્રેટ મોબાઈલ નંબર હોવો જોઈએ. એની માહિતી પ્રાપ્ત કરવા કદમ અને વિદ્યા આવ્યાં હતાં.

‘તારો પતિ ક્યાં છે?’

‘દારૂ ઢીંચવા ગયો હશે!’

‘તું આમ કાંપી કેમ રહી છે... આટલો પસીનો થવાનું કારણ?’ વિદ્યાએ પૂછ્યું.

‘કંઈ નહીં... આમ તમે અચાનક આવી ચડ્યા એટલે...’ આકૃતિ બોલી.

‘અમે કોઈ પણ સ્થળે અચાનક જ પહોંચીએ છીએ!’ કદમ આકૃતિના ચહેરાનું નિરીક્ષણ કરતો હતો.

ડૉ. ભંડારીએ બે-ત્રણ વાર પોલીસ તપાસનો ઉલ્લેખ કર્યો હતો. આકૃતિને અંદેશો હતો કે ડૉક્ટર કોઈ કુપ્રવૃત્તિ સાથે જોડાયેલા છે અને તે પોલીસની નજરે ચઢી છે, પણ પોલીસ પોતાનીય પૂછપરછ કરશે એનો અંદાજો તેને નહોતો એટલે એ થોડી ગભરાયેલી હતી.

‘અમે તારી અને ડૉ. ભંડારીની બધી વિગતો કઢાવી છે. તમારી વચ્ચેના સુંવાળા સંબંધોની પણ જાણ છે... એટલે અમે પૂછીએ એના સીધા જવાબ આપ. કંઈ પણ છુપાવવાનો પ્રયત્ન કર્યો છે... તો તારી ખેર નથી!’ વિદ્યાએ બિનધાસ્ત ચેતવણી આપી.

‘મેં શું કર્યું છે કે તમે મારી પૂછપરછ કરવા માગો છો?’ આકૃતિએ કહ્યું.

‘તારો બીજો મોબાઈલ નંબર આપ!’ કદમે રુઆબથી કહ્યું.

‘બીજો? મારી પાસે તો એક જ નંબર છે.’ આકૃતિએ ધીમેથી કહ્યું.

‘જો... અમે કૉલ રેકોર્ડ તપાસ્યા છે. ડૉ. ભંડારીને તેં એકેય કૉલ કર્યો નથી, એવું કઈ રીતે બને?’ કદમે પૂછ્યું.

‘આવું તમે ક્યાંથી જાણી લાવ્યા... હું તો કામ હોય ત્યારે સરને કૉલ કરું જ છું!’

‘એ જ તો અમે પૂછીએ છીએ કે કયા નંબરથી તું ડૉક્ટરનો સંપર્ક કરે છે?’ વિદ્યાનો અવાજ થોડો મોટો થયો.

‘આ જ નંબરથી!’ આકૃતિએ પોતાનો મોબાઈલ બતાવ્યો.

‘તું કયા નંબર પર ડૉક્ટરને કૉલ કરે છે? એ નંબર આપ!’

અચરજથી આકૃતિ કદમને જોઈ રહી. પછી ડૉ. ભંડારીનો નંબર પોતાના મોબાઈલમાં એણે દેખાડ્યો.

‘આ કયો નંબર છે?’ આશ્ચર્યથી કદમે પૂછ્યું.

‘આ અમારા સર... ડૉક્ટર ભંડારીનો જ નંબર છે, જેના પર અમે સંપર્કમાં રહીએ છીએ!’ આકૃતિએ દેખાડેલો નંબર કદમે પોતાના મોબાઈલમાં સેવ કરી લીધો.

‘એટલે કે ડૉક્ટર ભંડારી ત્રીજો મોબાઈલ નંબર પણ ધરાવે છે!’ કદમે વિચાર્યું.

‘કેમ... આ નંબર તમારી પાસે નથી?’

‘ના... નહોતો. થેન્ક્સ!’ કદમ આકૃતિને કંઈ સમજાવવાના

અણધાર્યા રહસ્યના આટાપાટા ખેલતી નોખી-અનોખી ક્રાઈમ કથા...



યોગેશ સી પટેલ

મૂડમાં નહોતો.

‘ઍની પ્રોબ્લેમ?’ આકૃતિએ પૂછ્યું.

‘નો.’ કહીને કદમે ઘરબહાર ચાલવા માંડ્યું.

‘અમે તને મળવા આવ્યાં હતાં એની જાણ ડૉક્ટર ભંડારીને ન થવી જોઈએ, નહીંતર તને પ્રોબ્લેમ થશે!’ સૂચના આપીને વિદ્યા પણ કદમ પાછળ ચાલી નકળી.

ઘરની બહાર નીકળી કદમે તરત જ ગોહિલને કૉલ કર્યો.

‘સર... તમારી ધારણા સાચી પડી. ડૉક્ટર ભંડારી વધુ એક મોબાઈલ નંબરનો ઉપયોગ કરે છે, જેની જાણ આપણને નહોતી.’

‘ગુડ... કદમ. એ નંબરની કૉલ ડિટેઈલ્સ તાત્કાલિક મગાવી લે. અને હા... સાથે શોએબ અને ઝમીલના કૉલ ડિટેઈલ્સની પણ રિક્વેસ્ટ નાખી દે!’ ગોહિલ ઉત્સાહથી બોલતો હતો.

‘ઓકે.’

‘મને લાગે છે, ડૉક્ટર ભંડારીનો આ ત્રીજો નંબર જ આપણા માટે મહત્ત્વનો સાબિત થશે!’ કહીને ગોહિલે કૉલ કટ કર્યો.

* * *

‘આરેના જંગલમાં ડ્રગ્સ બનાવવાની લૅબોરેટરી ચલાવનારા સલ્લુની બૉડી જમીનમાં દાટેલી હતી, જે અમે રિકવર કરી છે. તેના બે સાથી શોએબ અને ઝમીલની ધરપકડ કરવામાં આવી છે. આ ડ્રગ્સ સિન્ડિકેટ સાથે અન્ય કોઈ સંકળાયેલા છે કે કેમ તેની તપાસ કરવામાં આવી રહી છે.’

ડીસીપી સુનીલ જોશીના દબાણથી ગોહિલે પત્રકાર પરિષદ બોલાવી હતી. તપાસ સંબંધી સંવેદનશીલ અને મહત્ત્વના મુદ્દા પત્રકારોથી છુપાવીને અમુક જ માહિતી આપવી, એવી સૂચના જોશીની હતી. આ પ્રેસ કોન્ફરન્સનો મુખ્ય ઉદ્દેશ વિધાનસભ્ય ગુલાબરાવ જાંભુળકરને ક્લીન ચિટ આપવાનો હતો.

‘આ કેસમાં ડ્રગ્સના ઈન્ટરનૅશનલ કાર્ટેલનો ખુલાસો થયો છે?’ એક પત્રકારનો સવાલ.

‘સલ્લુ વિદેશમાં ડ્રગ્સ સપ્લાય કરતો હતો તેવી માહિતી સામે આવી છે... અમે તેની ખાતરી કરી રહ્યા છીએ!’

‘સર... વિધાનસભ્ય જાંભુળકરની ડ્રગ્સ કેસમાં સંડોવણીનો આરોપ વિરોધી પક્ષ નેતા બાપટે કર્યો હતો... સલ્લુને આર્થિક સહાય માટે ભલામણ પત્રની વાત પણ જાહેર થઈ હતી.’ બીજા પત્રકારે મુદ્દો છેડ્યો.

‘એ પત્ર વિધાનસભ્યની જાણબહાર અપાયો હોવાનું તપાસમાં જણાયું છે... એટલે અત્યારે તો તેમની સંડોવણીના કોઈ પુરાવા નથી!’ ગોહિલ બોલતી વખતે પણ પત્રકાર પરિષદનો લાભ કઈ રીતે ઉઠાવવો તે વિચારી રહ્યો હતો.

‘શું પોલીસ નેતાજીને છાવરી રહી છે?’ એક પત્રકારનો તીખો સવાલ.

‘આ ખોટા આરોપ છે... પુરાવા હશે તો કોઈને છોડીશું નહીં!’

‘તો વિરોધી પક્ષ નેતાનો આમાં હાથ છે?’

‘હજુ સુધી કોઈ નેતાની સંડોવણી જણાતી નથી, પણ

તમારી વચ્ચેના સુંવાળા સંબંધોની અમને જાણ છે... એટલે અમે પૂછીએ એના સીધા જવાબ આપ. કંઈ પણ છુપાવવાનો પ્રયત્ન કર્યો છે... તો તારી ખેર નથી!

રાજકારણીઓના સંપર્કમાંના કેટલાક લોકો અમારા રડાર પર છે. ઊંચી વગને કારણે તેમની પૂછપરછમાં અવરોધ આવી રહ્યા છે!’ ગોહિલે પાસા ફેંક્યા.

‘સર... તેમનાં નામ?’

‘અત્યારને તબક્કે નામ જાહેર કરવાં વહેલું ગણાશે... સમય આવ્યે તમને બધી માહિતી મળી રહેશે!’ ગોહિલે પત્રકારોનો પૂરેપૂરો લાભ ઉઠાવવાની ગણતરી માંડી.

‘જંગલમાંથી મળેલાં શબ અંગે પોલીસે કોઈ ખુલાસો કર્યો નથી. શું છે તેની પાછળનું રહસ્ય?’ વરિષ્ઠ પત્રકારે મુદ્દાનો સવાલ કર્યો.

‘એ મામલે હજુ સુધી કોઈ કડી જોડાતી નથી અને પુરાવા પણ મળ્યા નથી... અમારી તપાસ ચાલુ છે... હાલમાં શક કરવા જેવી કોઈ વ્યક્તિ નથી!’ ગોહિલના આ જવાબથી તેની આસપાસ બેસેલા અધિકારીઓ ચોંક્યા.

‘ડૉક્ટરોના યુનિયને અલ્ટિમેટમ શા માટે આપ્યું છે?’

‘તેમને અમારી કાર્યપદ્ધતિ બાબતે ગેરસમજ હતી... પૂછપરછનો ભય તેમને સતાવતો હતો!’ ગોહિલ રમત રમતો હતો.

‘શબ મળવાના કેસમાં કોઈ ડૉક્ટરની સંડોવણી?’

‘ના... હજુ એવું કંઈ સ્પષ્ટ થયું નથી!’ ગોહિલ ડૉક્ટરોને ગાફેલ રાખવા માગતો હતો, જેથી તપાસમાં અવરોધ ઊભો ન કરી શકે.

‘સર, શબ સાથે કોઈ નેતાજીને સંબંધ ખરો?’

‘એ મામલે અમે કોઈને ક્લીન ચિટ આપી નથી. શકમંદોની તપાસ ચાલુ છે!’ છેલ્લા પાસા ફેંકીને પત્રકાર પરિષદ પૂરી કરી ગોહિલ ખુરશી પરથી ઊભો થયો.

‘સર... છેલ્લો સવાલ... આ કાંડમાં આરે હૉસ્પિટલની કોઈ ભૂમિકા?’

‘ડૉક્ટર્સ યુનિયને અલ્ટિમેટમ આપ્યું... હવે સરકાર અમને તપાસમાંથી ખસેડી દે એવું તમે ઇચ્છો છો?’ કહીને ગોહિલની ટીમે ચાલવા માંડ્યું.

×××

‘કાળેને પાછો શા માટે બોલાવી લીધો? મને તો લાગ્યું કે આજે તું ડૉક્ટર પાઠકને અંદર બેસાડી જ દેશે!’ સિનિયર ઈન્સ્પેક્ટર અશોક ગાયકવાડને ગોહિલના નિર્ણયથી આશ્ચર્ય થયું.

‘ડીસીપી સરનો ફોન હતો... ટીમને પાછી બોલાવી લેવાનો આદેશ આપ્યો છે!’ ગોહિલે સ્પષ્ટતા કરી.

‘ડીસીપી... એમને ડૉક્ટરોથી આટલી સહાનુભૂતિ શા માટે છે!’ ગાયકવાડે શંકાસ્પદ પ્રશ્ન કર્યો.

વારંવાર કૉલ કરવા છતાં ડૉ. આયુષ પાઠક કૉલ રિસીવ કરતા નહોતા. પરિણામે ગોહિલે સબ-ઈન્સ્પેક્ટર વિજય કાળેને ટીમ સાથે ડૉ. પાઠકની કાંદિવલીની લૅબોરેટરીમાં મોકલ્યો હતો. કાળે ડૉ. પાઠકને કસ્ટડીમાં લે તે પહેલાં ડીસીપી સુનીલ જોશીએ ગોહિલને ફોન કરી ટીમને પાછી બોલાવી લેવાનો આદેશ આપ્યો હતો.

‘સરનું કહેવું છે કે પોલીસ આ રીતે કસ્ટડીમાં લેશે તો ડૉક્ટરની છબિ ખરડાશે... અને પછી મજબૂત પુરાવા નહીં હોય તો પોલીસ પર પસ્તાળ પડશે!’ ગોહિલે મોં બગાડતાં કહ્યું.

‘ડૉક્ટરની આબરૂનો વિચાર કરીશું તો તપાસ આગળ કઈ રીતે વધશે?’ ગાયકવાડના શબ્દોમાં પણ રોષ હતો.

‘સરનું કહેવું છે કે કાલે તેમની સાથે ડૉ. પાઠક આવશે... પછી જે પૂછપરછ કરવી હોય એ કરીશું.’ ગોહિલે કહ્યું.

‘ઠીક છેને... અત્યારે રાતે ક્યાં એને પોલીસ સ્ટેશનમાં રાખી શકવાના હતા. ઘરે જઈને આરામથી સૂઈ જા... કાલે આ ડૉક્ટરનું ઑપરેશન કરીશું!’ ગાયકવાડે મજાકમાં કહ્યું.

‘ઊંઘ ક્યાં આવવાની છે... સર, આ લોકોએ મારી ઊંઘ ઉડાડી દીધી છે!’

પછી ગોહિલે કહ્યું: ‘હું ડૉક્ટર મંદિરા વિશે વિચારતો હતો. એ સર્જ્યન નથી તો શોએબને સારવાર દરમિયાન પતાવી દીધો હોત, એવી ચીમકી તેણે કયા હેતુથી ઉચ્ચારી હતી!’

‘એ તો થોડી ચીડિયા સ્વભાવની છે... એટલે ગુસ્સામાં બોલી હશે!’ ગાયકવાડે સહજતાથી કહ્યું.

‘કેમ... તને એના પર કોઈ શંકા છે? એની હિલચાલ પર નજર રાખવામાં આવી હતીને... કંઈ જાણવા મળ્યું?’ ગાયકવાડે જ પૂછ્યું.

‘એ તો કઈ રીતે મળે? ડૉક્ટર હિરેમઠે કહ્યુંને કે તેમને બધી ખબર છે... લેડી ઑફિસર ડૉક્ટર મંદિરાનો પીછો કરે છે એનીય જાણ છે!’

ગોહિલે ઉમેર્યું: ‘નજર રાખવામાં આવતી હોવાની જાણ થાય પછી બધા સીધા જ ચાલેને!’

‘બીજી કોન્સ્ટેબલને એની પાછળ લગાવી દે, જેને ડૉક્ટર મંદિરા ન ઓળખતી હોય... પણ તું શંકા શા માટે કરે છે?’ ગાયકવાડે પૂછ્યું.

‘હું વિચારતો હતો કે મંજરી-અંજુનાં શરીરમાંથી અવયવ કાઢવાનું કામ આરે હૉસ્પિટલમાં થયું હશે?’

ગોહિલે કહેતાં જ આંચકો લાગ્યો હોય તેમ ગાયકવાડ તેની સામે જોઈ રહ્યા. એ જ વખતે ગોહિલના મોબાઈલ પર એપીઆઈ સુધીર સાવંતનો કૉલ આવ્યો.

‘બોલ... સાવંત.’ ગોહિલે કહ્યું.

‘સર... જૉની મળી ગયો!’ સાવંતે જણાવ્યું.

‘ક્યાં છે?’

‘કાંદિવલીની હૉસ્પિટલમાં એડ્મિટ છે!’

‘કેમ? શું થયું?’

‘તેને પણ કારે કચડ્યો હતો!’

(ક્રમશઃ) ■

ફનવર્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

A	B
ચીસ	બેફિકર
ચીડ	કલ્લોલ
ચીડિયું	ખાલી
ચિકાર	આનંદી
ચિંતાતુર	રુચિ

ઓળખાણ પડી?

૧૫૦ વર્ષ જૂની મંગળદાસ હવેલી કયા શહેરમાં સ્થિત છે? મંગળદાસ પરિવારે હસ્તગત કરી એને નવું સ્વરૂપ આપ્યું હતું.

અ) દ્વારકા બ) વલસાડ ક) અમદાવાદ ડ) બોટાદ

ગુજરાત મોરી મોરી રે

જૈન પ્રણાલીના ૨૪ તીર્થંકર પૈકી બીજા તીર્થંકર અજિતનાથનું મંદિર કયા સ્થળે સ્થિત છે એ વિકલ્પોમાંથી શોધીને જણાવો.

અ) પાલિતાણા બ) પાટણ
ક) તારંગા ડ) ગિરનાર

ઈર્શાદ

સ્વપ્નને કહેજો પગરખાં વાપરે,
પાંપણોનો માર્ગ પથરાળો હશે.
-- વિવેક મનહર ટેલર

માતૃભાષાની મહેક

સેવા એટલે નિષ્કામ ભાવથી પારકાનું કામ કરવું. જ્ઞાનીજનોએ સેવાના તનુજા, વિત્તજા અને માનસી એવા ત્રણ ભેદ પાડવામાં આવ્યા છે. ત્રણેયમાં માનસી પ્રકાર ઉત્તમ ગણવામાં આવ્યો છે. જોકે, માનસીની સિદ્ધિ માટે તનુજા અને વિત્તજા સેવા કરવાની જરૂર છે એમ કહેવાયું છે.

ચતુર આપો જવાબ

અર્થ જણાવો

‘મિટિંગ દરમિયાન સભ્યો વચ્ચે ચકમક થઈ’ પંક્તિમાં ‘ચકમક’ શબ્દનો અર્થ શું થાય એ કહી શકશો?

અ) ફેંકાફેંકી બ) બોલાચાલી ક) લેવડદેવડ ડ) સમજૂતી

માઈન્ડ ગેમ

એક કિલો સોનાનો ભાવ ૧ કરોડ ૨૪ લાખ રૂપિયા હોય તો ૧૫ ગ્રામ સોનું ખરીદવા કેટલા પૈસા ચૂકવવા પડે એ ગણતરી કરી જણાવો.

અ) ૧,૨૪,૦૦૦ બ) ૧,૫૧,૦૦૦
ક) ૧,૮૬,૦૦૦ ડ) ૧,૯૨,૦૦૦

ગયા વખતનો ઉકેલ

૧ શે	૨ ર	૩ બ	જા	૪ ર		૫ લે	૬ તી	દે	૭ તી
૮ હ	જા	ર		૯ જા	૯-અ ગો		ક્ષણ		રં
	મં		૧૦ ચ		૧૧ ટા	પુ		૧૨ સ	દા
૧૩ ખા	દી		૧૪ ક	૧૫ મ	ળા		૧૬ અ	ર	જ
ત		૧૭ શિ	લી	ન્ગ		૧૮ અ		ત	
૧૯ મુ	૨૦ ર	ખ		૨૧ લ	૨૨ ગ	ભ	૨૩ ગ		૨૪ ફ
૨૫ હૂ	ણ	વું			૨૬ વ	ણ	જા	ર	ણ
ર્ત			૨૭ આ	૨૮ સ	ન		બ		સ
	૨૯ વા	૩૦ હ	વા	હી		૩૧ મ	હા		
૩૨ સ	હ	વા	સ		૩૩ અ	સ	ર	કા	રી

શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

૧	૨			૩	૪		૫		૬
૭			૮				૯		
૧૦		૧૧		૧૨					
				૧૩			૧૪	૧૫	
	૧૬						૧૭		
૧૮						૧૯			
૨૦			૨૧		૨૨				૨૩
			૨૪	૨૫		૨૬			
૨૭		૨૮		૨૯				૩૦	
		૩૧				૩૨			

આડી ચાવી

૧. તીવ્ર ઇચ્છા (૩)
૩. ન્યાય કરનાર પાંચ જણની મંડળી (૪)
૭. --- ભોગવવી એટલે જલસા કરવા (૨)
૮. દાસ (૩)
૯. ફૂલ (૩)
૧૦. --- કરવું એટલે સરકારે જપ્ત કરવું (૩)
૧૨. કૃષ્ણની પાલક માતા (૩)
૧૩. --- વહુ નવ દિવસ (૨)
૧૪. રામે શલ્યામાંથી --- બનાવી (૩)
૧૬. છટલીમાં આવેલો જવાળામુખી (૫)
૧૭. પશુ માદાના ગર્ભાધાનનો કાળ (૩)
૧૮. સોગંદ, પ્રતિજ્ઞા (૩)
૧૯. મુંબઇનું એક ઉપનગર (૩)
૨૦. બડાઇ (૪)
૨૨. હરણ, મૃગ (૩)
૨૪. વચનને વળગી રહેવું તે (૨)
૨૬. પરંતુ, ઉપરાંત, સુધ્ધાં (૨)
૨૭. ભારતનું બળી ગયેલું વિશ્વ વિખ્યાત વિદ્યાલય (૩)
૨૯. વડો, અધ્યક્ષ (૩)
૩૦. ભાર, બોજ (૨)
૩૧. મુસાફરી, ટપ્પો (૩)
૩૨. લાકડું વહેરે તે (૪)

ઊભી ચાવી

૧. હોહા, સનસનાટી, ભીતિ (૪)
૨. હિંમત, મગદૂર (૩)
૩. કમળ જેવી આંખોવાળી (૬)
૪. બદમાશ વ્યક્તિ (૫)
૫. એક નાનકડું માપ (૨)
૬. એક સામયિક (૫)
૧૧. ચોખ્ખા (૫)
૧૪. રાક્ષસોનો સમૂહ (૫)
૧૫. સામસામે ખાતે જમા ઉધાર કરવું તે (૩)
૧૬. સંકટ, સમસ્યા (૩)
૧૮. સોગન પર કરેલો એકરાર (૫)
૧૯. પરંપરાગત (૫)
૨૧. --- આવવો એટલે શાંતિ થવી (૨)
૨૩. દરેકે કરવી જોઇએ (૪)
૨૫. રમતમાં નિયમ વિરુદ્ધનું આચરણ (૩)
૨૮. ભાવ, કિંમત (૨)
૩૦. લાગણી (૨)

સુડોકુ-૯૧૨૬

૩	૮	૬	૪	૭	૫	૨		
	૭				૨			૪
			૧		૬			૫
૭		૧		૬			૫	
		૯				૬		
	૬			૫		૯		૭
૬			૫		૩			
૪			૬				૨	
		૩	૮	૨	૪	૫	૭	૬

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

સુડોકુ-૯૧૨૫

૫	૧	૬	૩	૨	૯	૮	૪	૭
૪	૨	૭	૫	૮	૧	૩	૯	૬
૯	૩	૮	૭	૪	૬	૧	૨	૫
૮	૫	૨	૬	૩	૭	૪	૧	૯
૩	૬	૪	૧	૯	૨	૫	૭	૮
૭	૯	૧	૮	૫	૪	૨	૬	૩
૨	૮	૯	૪	૬	૫	૭	૩	૧
૬	૭	૩	૨	૧	૮	૯	૫	૪
૧	૪	૫	૯	૭	૩	૬	૮	૨

ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

A	B
ચોર	શાહુકાર
ચોખ્ખું	અસ્વચ્છ
ચોક્કસ	અડસટ્ટો
ચોમેર	એકાંગી
ચોંટાડવું	ઉખાડવું

ગુજરાત મોરી મોરી રે
ડભોઈ

ઓળખાણ પડી?
163

માઈન્ડ ગેમ
9

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
ઘાસ

ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) સુભાષ મોમાયા (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) શીરીન ઔરંગાબાદવાલા (૭)અબ્દુલ્લા એફ. મુનીમ (૮) નીતા દેસાઈ (૯) ભારીત બુચ (૧૦) શ્રદ્ધા આશર (૧૧) પુષ્પા પટેલ (૧૨) હર્ષા મહેતા (૧૩) વિપીન શાહ (૧૪) નૂતન વિપીન શાહ (૧૫) લજીતા ખોના (૧૬) અમીશી બંગાળી (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) મીનલ કાપડિયા (૧૯) મહેશ સંઘવી (૨૦) વીણા સંપટ (૨૧) દેવેન્દ્ર સંપટ (૨૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૩) મહેશ દોશી (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) જ્યોત્સના ગાંધી (૨૬) ઈનાક્ષી દલાલ (૨૭) હીનાબેન દલાલ (૨૮) રમેશભાઈ દલાલ (૨૯) ડાયના સંતોક (૩૦) મનીષા શેઠ (૩૧) ફાલ્ગુની શેઠ (૩૨) અલકા વાણી (૩૩) ભરત કજરીયા (૩૪) જયવંત પદમશી ચિખલ (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૬) ખુશરુ કાપડિયા (૩૭) કિરીટ છેડા (૩૮) નતીન જયંતિલાલ બજરીયા (૩૯) રસિક જુઠાણી (ટોરોન્ટો-કેનેડા) (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) ડો. પ્રકાશ કટકિયા (૪૨) ધીરેન્દ્ર મુલરાજ (૪૩) ધીરેન્દ્ર મુલરાજ (૪૪) ગીતા ઉદેશી (૪૫) પ્રતિમા પમાણી (૪૫) ભામિની સંપટ

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

મહિલા વર્લ્ડ કપની બન્ને સેમિ ફાઇનલમાં વરસાદની સંભાવના, રિઝર્વ ડે રાખવામાં આવ્યા છે

બુધવારની પ્રથમ સેમિમાં ઇંગ્લૅન્ડ વિરુદ્ધ સાઉથ આફ્રિકા અને ગુરુવારની બીજી સેમિમાં ભારતનો મુકાબલો ઑસ્ટ્રેલિયા સામે

ગુવાહાટી/નવી મુંબઈઃ ભારત અને શ્રીલંકામાં સંયુક્ત રીતે યોજાઈ રહેલા મહિલાઓના વન-ડે વર્લ્ડ કપમાં નૉકઆઉટ રાઉન્ડની પરાકાષ્ઠા આવી ગઈ છે, પરંતુ મેઘરાજા બાજી બગાડવાની તૈયારીમાં હોય એવું લાગી રહ્યું છે, કારણકે દિવાળી પછી પણ વરસાદ પીછો નથી છોડતો અને સંભાવના એવી છે કે બુધવાર, ૨૯મી ઑક્ટોબર અને ગુરુવાર, ૩૦મી ઑક્ટોબરે (બન્ને સેમિ ફાઇનલના દિવસે) વરસાદ ફરી વિઘ્ન બની શકે. જોકે બન્ને સેમિ ફાઇનલ પૂરી રમાડી શકાય એ માટે આઇસીસીએ રિઝર્વ ડે રાખ્યા છે.

બુધવાર, ૨૯મી ઑક્ટોબરે પ્રથમ સેમિ ફાઇનલ ગુવાહાટીમાં ભૂતપૂર્વ વર્લ્ડ ચૅમ્પિયન ઇંગ્લૅન્ડ અને સાઉથ આફ્રિકા વચ્ચે રમાશે. ગુરુવાર, ૩૦મી ઑક્ટોબરે બીજી સેમિ ફાઇનલ નવી મુંબઈના ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં રમાશે અને એમાં ભારત અને ડિફેન્ડિંગ ચૅમ્પિયન ઑસ્ટ્રેલિયા વચ્ચે ટક્કર થશે. ભારતની મહિલા ક્રિકેટરો ક્યારેય કોઈ વર્લ્ડ કપ નથી જીતી શકી.

ગુવાહાટીમાં બુધવારે અને નવી મુંબઈમાં ગુરુવારે વરસાદને લીધે સેમિ ફાઇનલ ખોરવાઈ જાય તો એ માટે રિઝર્વ ડેની વ્યવસ્થા રાખવામાં આવી છે એ ઉપરાંત રવિવાર, બીજી નવેમ્બરે ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં જ રમાનારી ફાઇનલ માટે પણ રિઝર્વ ડે રાખવામાં આવ્યો છે.

વર્લ્ડ નંબર-વન ઑસ્ટ્રેલિયા એકમાત્ર ટીમ છે જે લીગ તબક્કામાં એકેય મૅચ નહોતી હારી અને ૧૩ પૉઇન્ટ સાથે મોખરે હતી. રવિવારે બપોરે બીજા નંબરે ઇંગ્લૅન્ડ (૧૧ પૉઇન્ટ), ત્રીજા નંબરે સાઉથ આફ્રિકા (૧૦ પૉઇન્ટ) અને ચોથા નંબરે ભારત (છ પૉઇન્ટ) હતા. શ્રીલંકા (પાંચ), ન્યૂ ઝીલૅન્ડ (ચાર), પાકિસ્તાન (ત્રણ) અને બાંગ્લાદેશ (બે) સ્પર્ધાની બહાર થઈ ગયા છે. ■

સાયકૉલોજીનું ભણેલી પ્રતીકા રાવલ ભારતને સેમિમાં પહોંચાડ્યાં પછી ઈજાગ્રસ્ત

ભણવામાં હોશિયાર, બાસ્કેટબૉલમાં ગોલ્ડ જીતી છેઃ ઇશાન્ત, હર્ષિતના કોચ પાસે લીધી તાલીમ

નવી મુંબઈઃ ભારતને મહિલા વર્લ્ડ કપની સેમિ ફાઇનલમાં પહોંચાડવામાં બૅટિંગમાં વાઇસ-કૅપ્ટન સ્મૃતિ મંધાનાનું સૌથી મોટું યોગદાન રહ્યું છે, પરંતુ સાથી ઓપનર પ્રતીકા રાવલનો ફાળો પણ નાનોસૂનો નથી. જોકે ગઈકાલે પ્રતીકાને બાંગ્લાદેશ સામેની મૅચમાં ઘૂંટણમાં અને પગની ઘૂંટીમાં ઈજા થઈ હતી.

મંધાનાના કુલ ૩૩૧ રન આ ટૂર્નામેન્ટમાં હાઇએસ્ટ છે, પણ ૩૦૮ રન બનાવનાર પ્રતીકા પણ તેનાથી બહુ પાછળ નથી અને બીજા નંબરે છે. અહીં આપણે માત્ર ૧૦ મહિનાથી વન-ડે ક્રિકેટ રમતી પ્રતીકા રાવલ વિશે જ ચર્ચા કરવી છે. તે દિલ્હી યુનિવર્સિટીમાંથી સાયકૉલોજીની ડિગ્રી મેળવી ચૂકી છે. તે સાયકૉલોજી ગ્રેજ્યૂએટ છે.

વર્લ્ડ કપની છ વન-ડેમાં રાઇટ-હૅન્ડ બૅટર પ્રતીકાના સ્કોર આ મુજબ રહ્યા છેઃ ૩૭, ૩૧, ૩૭, ૭૫, ૬ અને ૧૨૨. પ્રતીકા અને સ્મૃતિએ મોટી ભાગીદારીઓ કરીને ભારતને સેમિ ફાઇનલમાં પહોંચાડવામાં સંયુક્ત રીતે મોટી ભૂમિકા ભજવી છે. પ્રતીકા-સ્મૃતિની જોડીએ ગુરુવારે ન્યૂ ઝીલૅન્ડ સામે ૨૧૨ રનની પાર્ટનરશિપ કરી હતી જે વર્લ્ડ કપની ઓપનિંગ ભાગીદારીઓમાં નવો વિશ્વવિક્રમ છે. દિલ્હીમાં રહેતી પચીસ વર્ષની પ્રતીકા રાવલે ગુરુવારે નવી મુંબઈમાં ન્યૂ ઝીલૅન્ડ સામેની મૅચમાં ૧૨૨ રન કર્યા હતા. વર્લ્ડ કપમાં એ તેની ડેબ્યૂ સેન્ચુરી હતી. તે વન-ડે ક્રિકેટમાં સૌથી ઝડપે (૨૩ ઇનિંગ્સમાં) ૧,૦૦૦ રન કરનાર વિશ્વની બીજી ખેલાડી બની છે. પ્રતીકા રાવલ ભણવામાં ખૂબ હોશિયાર હતી. તેણે દસમા અને બારમા ધોરણની બોર્ડ એક્ઝામમાં ૯૨ ટકા માર્ક મેળવ્યા હતા. તેનો ભાઈ સાશ્વત રાવલ તેને ‘ જિનિયસ’ કહીને બોલાવે છે.

પ્રતીકા રાવલના પપ્પા પ્રદીપ રાવલ બીસીસીઆઇમાં લેવલ-વન અમ્પાયર છે. તેમણે એક મુલાકાતમાં કહ્યું છે, ‘પ્રતીકા ત્રણ વર્ષની હતી ત્યારે મેં તેને બૅટ પકડતાં શીખવ્યું હતું. હું અમ્પાયરિંગ માટે મૅચ કવર કરવા જતો ત્યારે પ્રતીકા મારી સાથે આવતી હતી. બાસ્કેટબૉલમાં તે રાષ્ટ્રીય સ્તરે ગોલ્ડ મેડલ મેળવી ચૂકી છે. તે ૧૦ વર્ષની થઈ ત્યારે અમે નક્કી કર્યું હતું કે પ્રતીકાએ ક્રિકેટમાં કરીઅર બનાવવી જોઈએ.’ પ્રતીકા રાવલે ફાસ્ટ બોલર ઇશાન્ત શર્મા અને હર્ષિત રાણાના કોચ પાસે ક્રિકેટની તાલીમ લીધી હતી. તે તેનાથી મોટી ઉંમરના ખેલાડીઓવાળી ટીમમાં રમતી અને બૅટિંગમાં કાબેલિયત પુરવાર કરતી હતી. ■

ક્લાસિફાઈડ

૪. ધાર્મીક સંબંધી

જૈન દેરાસર માટે

કેસર ઘૂંટવા માટેનું સાત્વીક લાકડું 350/- રૂ. કીલો પ્રમાણે મળશેજી. 9820770223. (બી-૧૬૨૬૮)

૬. પરચુરણ

પટવા

મોતી પિરોવાવાળા જૂના દાગીના સુધારવાવાળા. ઘરે બોલાવોઃ સંપર્ક- 9821369617 / 9324805010. (બી-૨૯૨૦)

૧૦. મહિલાઓ માટે

કાનનાં મોટા કાણાં

દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693 / 7506569229. (બી-૧૬૬૦૭)

૧૪. નોકરી ખાલી છે

EMPLOYMENT OPPORtunity - Retired, Bankers, Professionals, Seniors. Fixed Salary + Incentives: 9821679520. (B-16612)

MEGA CARRIER OPPORtunity for Professional, Retires, Housewife. on Tuesday 28/10/2025 (11:15 am). Free Entry Age 45+., Registration Compulsory - 9653662882. (B-16655)

૧૭. જગ્યા આપવી છે

લોનાવલા

દહેરાસરની સામે 3 BHK. બંગલો વેચાણમાં 9869151200. (બી-૧૬૫૭૧)

૧૯. ફેક્ટરી વર્કશોપ

વસઈ

ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડે થી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)

વસઈ - કામણ

સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)

૩૩. ધંધાદારી

‘‘પ્રતાપ પેકર્સ-મુવર્સ’’

52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

૩૫. જ્યોતિષ ભવિષ્ય

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ (જૈન જ્યોતિષ)

(સર્વ જૈન ભાઈઓ/ બહેનો/ માતાઓ જૈન વિધિથી કાર્ય કરવામાં આવશે.) જન્માક્ષર જોનાર બનાવનાર, લગ્ન સગાઈમાં રૂકાવટ, ઘરકંકાશ, બીમારી, ધંધામાં રૂકાવટ, પ્રેમલગ્ન, લવ પ્રોબ્લેમ, છૂટાછેડા, સાસ/ સૌતન/ બહુનાત્રાસ, શત્રુનાશ, કોર્ટ-કચેરીમાં વિજય, નોકરી, પ્રમોશન, દારૂ છોડાવો, સંતાનથી દુઃખી, પતિ પત્ની અનબનાવ, શંકા- કુશંકા થયેલા, જૂની ઉઘરાણી, દેવાથી મુકતી, જમીન મકાનમાં ફસાયેલા, માતાઓ/ બહેનો પણ મળી શકો. (પત્તા- ગોકુલ બંગલો, ટીપીએસ,સિંપોલી, બોરીવલી (વેસ્ટ). 9023762736. (બી-૧૬૬૬૫)

૫૨. કુરીઅર્સ

મનસ્વી પાર્સલ

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

મુંબઈ સમાચાર

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com

૮. શુભ પ્રસંગો માટે

આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત મુંબઈના નામાંકિત છેલ્લા ૯૦ વર્ષથી આપની સેવામાં

Mohanlal S Mithaiwala®

સ્થાપના 1936

MUMBAI • AHMEDABAD

HALWA • MITHAI • NAMKEEN ©

મોહનલાલ એસ મીઠાઈવાલાની અધિકૃત મીઠાઈઓ માત્ર નીચેની શાખાઓમાં જ મળે છે.

આ શાખાઓ સિવાય અમારી કોઈ દુકાનો નથી. નકલખોરોથી સાવધાન.

® ટ્રેડમાર્ક, © કોપીરાઈટ જોઈને જ માલ ખરીદવો.

H.O.: 271/273, Zaveri Bazar, Mumbai- 2.

Tel.: 23439944, 23410374 * E-mail: msmzaveribazar@gmail.com

BRANCHES

- 45, Bhuleshwar Road, Mumbai - 2. Tel.: 22410955, 22411268
- 399, Grant Road, Mumbai - 7. Tel.: 23824031, 23871167
- 95, Bhuleshwar Road, Mumbai - 2. Tel.: 22412526
- 23, Goyal Shopping Arcade, L. T. Road, Borivali (West), Mumbai - 92. Tel.: 28936012
- Dharam Pram Co-Op. Society Ltd., Shop No. 12/12A, Nehru Road, Vile Parle (East), Mumbai- 57. Tel.: 26189776, 8767331123
- G-1, Golden Triangle, Near Sardar Patel Stadium, Navrangpura, Ahmedabad - 14. Tel.: 26421133
- 4. Mahalaxmi Corner, Opp. Sardar Patel Hospital, Rambaug, Maninagar, Ahmedabad- 8. Tel.: 25463300

Available On zomato & SWIGGY Also.

અમારી ઘાટકોપર, વિલે પાર્લે પશ્ચિમ અને ભાયંદરમાં કોઈ શાખા નથી.

અમારી બોરીવલી, વિલે પાર્લે પૂર્વ અને અમદાવાદની બન્ને શાખાઓ દર રવિવારે ખુલ્લી રહેશે.

(૩૮૩-ડી)

કોહલીએ ગિલને ડાબા હાથથી ખેંચ્યો અને કહ્યું, ‘સાંભળ, હું શું કહું છું’

સિડનીઃ શુભમન ગિલ વન-ડે ટીમનો નવો કૅપ્ટન છે, પણ શનિવારે અહીં ઑસ્ટ્રેલિયા સામેની શ્રેણીની છેલ્લી વન-ડે દરમ્યાન જાણે વિરાટ કોહલી ટીમ ઇન્ડિયાની કૅપ્ટન્સી સંભાળી રહ્યો હોય એવું લાગતું હતું. એટલું જ નહીં, ગિલને ભૂતપૂર્વ સુકાની રોહિત શર્માએ પણ અનુભવ પરથી ઘણું માર્ગદર્શન આપ્યું હતું.

ભારતે શનિવારે ૬૯ બૉલ બાકી રાખીને ઑસ્ટ્રેલિયાને નવ વિકેટના માર્જિનથી હરાવ્યું હતું. રો-કો તરીકે ફેમસ રોહિત-કોહલીની જોડીએ ૧૬૮ રનની અતૂટ ભાગીદારીથી ટીમ ઇન્ડિયાને વિજય અપાવ્યો હતો અને ૦-૩ના વાઇટવૉશથી બચાવી લીધા હતા. રોહિત શર્મા ૧૨૧ રને અને વિરાટ કોહલી ૭૪ રને અણનમ રહ્યા હતા. શનિવારે સિડનીમાં ફીલ્ડિંગ દરમ્યાન એક તબક્કે કૅપ્ટન ગિલ ફીલ્ડિંગ ગોઠવીને પોતાના સ્થાન તરફ જઈ રહ્યો હતો ત્યારે કોહલીએ તેને ડાબા હાથથી તેનો ડાબો હાથ પકડીને પાછળની તરફ ખેંચ્યો હતો અને વિકેટકીપર કેએલ રાહુલ સાથેની ચર્ચામાં તેને પણ જોડાઈ જવા કહ્યું હતું. ‘સાંભળ, હું શું કહું છું’ ગિલને એવું કોહલી કહેવા માગતો હતો. ગિલ ત્યારે ધ્યાનથી કોહલીની સલાહ સાંભળતો હતો. કોહલી જ બોલ્યા કરતો હતો અને ગિલે ભાગ્યે જ એક શબ્દ ઉચ્ચાર્યો હતો. આ ચર્ચા ૧૦ સેકન્ડ સુધી ચાલી હતી. કોહલીએ ગિલને પુષ્કળ સલાહ આપી હતી અને એનું ટીમે સારું પરિણામ જોયું હતું. ઑસ્ટ્રેલિયાએ છેલ્લી સાત વિકેટ માત્ર ૫૩ રનમાં ગુમાવી હતી. ■

રણજી ટ્રોફીમાં બે દિવસમાં ત્રણ બોલરની હૅટ-ટ્રિક

અર્જુન તેન્ડુલકરે લીધી ત્રણ વિકેટઃ કુલ ૯૦ ઓવરમાં મૅચ પૂરી, રણજીમાં નવો વિક્રમઃ ઑકિબ નબીની અજબ ઍનેલિસિસ ૧.૫-૧-૫-૫

બેંગલૂરુઃ રણજી ટ્રોફીમાં શનિવારે એક જ ઇનિંગ્સમાં બે બોલરે હૅટ-ટ્રિક લીધી હોવાનો વિક્રમ બન્યા બાદ રવિવારે ત્રીજા બોલરે પણ હૅટ-ટ્રિક લઈને તરખાટ મચાવી દીધો હતો. આ ત્રીજો બોલર છે, તમિળનાડુનો છ ફૂટ ત્રણ ઇંચ ઊંચો લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર ગુર્જપનીત સિંહ જેણે બેંગલૂરુમાં નાગાલૅન્ડ સામે હૅટ-ટ્રિક લેવા સહિત કુલ ચાર વિકેટ લીધી હતી. તમિળનાડુના પ્રથમ દાવના ૩/૫૧૨ ડિક્લેર્ડના જવાબમાં નાગાલૅન્ડનો સ્કોર ૪/૧૫૦ છે. દિન્ડુક્યિામાં શનિવારે રણજી મૅચમાં પ્રથમ દિવસે આસામ સામે સર્વિસીઝના પેસ બોલર મોહિત જાંગરા (૪-૨-૫-૩) અને સ્પિનર અર્જુન શર્મા (૬.૨-૧-૧૪-૫)એ પ્રથમ દાવમાં હૅટ-ટ્રિક લીધી હતી. રણજી મૅચના કોઈ એક દાવમાં હરીફ ટીમના બે બોલરે હૅટ-ટ્રિક લીધી હોય એવું પહેલી જ વખત બન્યું છે. સર્વિસીઝની ટીમે આસામને આઠ વિકેટે હરાવ્યું હતું. આ મૅચ કુલ માત્ર ૯૦ ઓવરમાં પૂરી થઈ ગઈ હતી. કોઈ રણજી મૅચ ૯૦ ઓવરમાં કમ્પ્લીટ થઈ હોય અને પરિણામ આવ્યું હોય એવું પહેલી જ વખત બન્યું છે.

અન્ય મૅચોમાં શું બન્યું?

(૧) શિમોગામાં કર્ણાટકે પ્રથમ દાવમાં ૩૭૧ રન કર્યા હતા જેમાં કરુણ નાયરના અણનમ ૧૭૪ રન હાઇએસ્ટ હતા. હરીફ ટીમ ગોવા વતી સચિન તેન્ડુલકરના પુત્ર અર્જુને ૧૦૦ રનમાં ત્રણ વિકેટ લીધી હતી. ગોવાએ ૨૮ રનમાં એક વિકેટ ગુમાવી હતી. (૨) શ્રીનગરમાં રાજસ્થાને ૧૫૨ રન કર્યા બાદ જમ્મુ/કાશ્મીરે ૨૮૨ રન કરીને ૧૩૦ રનની સરસાઈ લીધી હતી. બીજા દાવમાં રાજસ્થાને ૪૧ રનમાં પાંચ વિકેટ ગુમાવી હતી. એક તબક્કે જમ્મુ/કાશ્મીરના બોલર ઑકિબ નબીની બોલિંગ ઍનેલિસિસ ૧.૫-૧-૫-૫ હતી. (૩) મુંબઈમાં વરસાદના વિઘ્ન વચ્ચે મુંબઈએ પહેલા દાવમાં આઠ વિકેટે ૪૦૬ રન કર્યા છે જેમાં રહાણેના ૧૫૯ રન સામેલ છે. (૪) રાજકોટમાં સૌરાષ્ટ્રએ પહેલા દાવમાં ૨૬૦ રન કર્યા બાદ મધ્ય પ્રદેશે ચાર વિકેટે ૧૯૫ રન કર્યા હતા. યશ દુબે ૧૦૯ રને રમી રહ્યો હતો. રવીન્દ્ર જાડેજાને વિકેટ નહોતી મળી. બીજો સ્પિનર ધર્મેન્દ્રસિંહ જાડેજા આ મૅચમાં નથી રમી રહ્યો. ■

છ ફૂટ ત્રણ ઇંચ ઊંચા ગુર્જપનીતે ચાર વિકેટ લીધી

ગુજરાત

ધોલેરા એક્સપ્રેસવે પર જીવલેણ અકસ્માત, કાર બેરિકેડ સાથે અથડાતાં ત્રણનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના ધોળકા તાલુકા નજીક ધોલેરા એક્સપ્રેસવે પર આજે સવારે ભયંકર માર્ગ અકસ્માત સર્જાયો હતો. વેજલકા ગામ નજીક પૂરપાટ ઝડપે દોડતી કાર બંધ રોડ પર મુકાયેલા સિમેન્ટના બેરિકેડ સાથે જોરદાર રીતે અથડાઈ હતી. આ ટક્કર એટલી વિકરાળ હતી કે કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો, જેમાં એક પુરુષ અને બે મહિલા સહિત ત્રણ લોકોનાં ઘટનાસ્થળે જ મોત થયાં હતાં.

અકસ્માત બાદ આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ઘટનાની જાણ થતાં જ ફેદરા અને પીપળીથી ૧૦૮ એમ્બ્યુલન્સ તાત્કાલિક પહોંચી ગઈ હતી. કારમાં સવાર અન્ય બે વ્યક્તિઓને ગંભીર ઇજાઓ પહોંચી હતી, જેમને નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડી સારવાર હેઠળ રાખવામાં આવ્યા હતાં. અકસ્માતને કારણે એક્સપ્રેસ વેના એક ભાગ પર ટ્રાફિક જામ સર્જાયો હતો.

આ સમગ્ર અકસ્માત મામલે કોઠ પોલીસ સ્ટેશનનો સ્ટાફ પણ સ્થળ પર પહોંચી ગયો હતો અને ત્રણેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલ્યા હતાં. પોલીસે અકસ્માત કયા સંજોગોમાં થયો અને બેરિકેડ સામે ચેતવણી ચિહ્નો હતાં કે નહીં, તે અંગે તપાસ શરૂ કરી હતી. ધોલેરા એક્સપ્રેસવે પર અકસ્માત બાદ લોકોમાં સવાલ ઊઠી રહ્યા છે કે રસ્તા પર પૂરતી સાવચેતી ન હોવાથી વારંવાર આવા અકસ્માતો સર્જાઈ રહ્યા છે. ■

વડોદરામાં ગૅસ લીકેજ બાદ મકાનમાં આગ લાગતા ૨૪ વર્ષીય પુત્રનું મોત, ત્રણ દાઝ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરામાં સમા વિસ્તારના મનહર પાર્કમાં એક દુર્ઘટના સર્જાઈ હતી. આ વિસ્તારમાં રહેતા ગુપ્તા પરિવારના મકાનમાં ગૅસ લીકેજના કારણે આગ લાગતા પરિવારના ત્રણ સભ્યો દાઝ્યા હતાં. આગની આ ઘટનામાં ૨૪ વર્ષીય પુત્રનું દુઃખદ અવસાન થયું હતું. આ ઘટનાના સાક્ષી પ્રફુલભાઇ ઠક્કરે કહ્યું હતું કે, ઘરમાં મોટો ધડાકો થયો હતો અને ઘરમાંથી ધુમાડો નીકળવા લાગ્યો હતો. આગના કારણે પરિવારજનો બૂમાબૂમ કરવા લાગ્યા હતાં. સ્થાનિકો બચાવકાર્યમાં પણ જોડાયાં હતાં.

મનહર પાર્ક સોસાયટીના એક મકાનમાં ગેસ લીકેજ થતા આગ લાગી હતી. આ દરમિયાન ઇજાગ્રસ્તોમાં રાજકિશોર ગુપ્તા, રીટા ગુપ્તા અને પ્રિયંકા ગુપ્તાને તાત્કાલિક સારવાર માટે હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં. આ દરમિયાન પોતાના પરિવારને બચાવવા ગયેલા ૨૪ વર્ષીય પુત્ર વિશ્વજીત ગુપ્તાનું મોત થયું હતું. ગૅસ સિલેન્ડરમાં લીકેજ હોવાના કારણે ઘરમાં આગ લાગી હતી. ગુપ્તા પરિવાર છઠ્ઠી મૈયાની પૂજા માટે ખૂબ જ ખુશીમાં હતો, પરંતુ ખુશીઓ માતમમાં ફેરવાઈ ગઈ હતો.

મૂળ બિહારનો વતની આ પરિવાર છઠપૂજાની તૈયારી કરતો હતો. આગ લાગવાના કારણે ઘરમાં મીની બ્લાસ્ટ થયો હતો. ફાયર વિભાગને આગનો કોલ મળતા જ ટીમ ઘટનાસ્થળે આવી પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવ્યો હતો. ઇજાગ્રસ્તોને સારવાર માટે સયાજી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં, જ્યારે વિશ્વજીત ગુપ્તાના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે પોલીસે ખસેડી વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ■

વઢવાણના ગોમટા ગામે છાશથી ફૂડ પોઈઝનિંગ, ૬૦થી વધુ લોકોને હૉસ્પિટલમાં ખસેડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાના ગોમટા ગામમાં વાસ્તુ પ્રસંગ દરમિયાન પીવામાં આવેલી છાશ બાદ અચાનક અનેક લોકોની તબિયત બગડતાં ગામમાં ચકચાર મચી હતી. ફૂડ પોઈઝનિંગના કારણે અનેક લોકોને પેટમાં દુઃખાવો, ઊલ્ટી અને તાવ જેવા લક્ષણો જણાતા તાત્કાલિક વઢવાણ અને લીંબડીની હૉસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા. આરોગ્ય વિભાગના અધિકારીએ તાત્કાલિક લોકોની સારવાર શરૂ કરી હતી. દરેકની સ્થિતિ સારી હોવાનું જાણવા મળ્યું હતું.

ઘટનાના પગલે આરોગ્ય તંત્રએ ખોરાકના નમૂનાઓ પણ તપાસ માટે મોકલ્યા હતાં તથા પ્રસંગમાં પીરસાયેલી છાશ ખરાબ થવાને કારણે ફૂડ પોઈઝનિંગની ઘટના બનેલી હોવાનું પ્રાથમિક અનુમાન પણ પ્રકાશમાં આવ્યું હતું. હૉસ્પિટલમાં સારવાર સારવાર લઈ રહેલા મોટાભાગના દર્દીઓની તબિયત સ્થિર હોવાનું તંત્ર દ્વારા જણાવાયું હતું. ગામમાં આરોગ્ય વિભાગની ટીમ દ્વારા હેલ્થ સર્વેનું કામ પણ હાથ ધરાયું હતું.

વિશેષજ્ઞોના જણાવ્યા પ્રમાણે વધેલા તાપમાનમાં ખોરાક અને દ્રવ પદાર્થોમાં બેક્ટેરિયા ઝડપથી ફેલાય છે, જ્યારે તાપમાન ૩૨ થી ૩૫ ડિગ્રી સેલ્સિયસથી ઉપર હોય ત્યારે બેક્ટેરિયા વધવા લાગે છે. કેટલાક અભ્યાસોમાં જાણવા મળ્યું છે કે ૩૭ ડિગ્રીથી વધુ તાપમાન બેક્ટેરિયાને મારી શકે છે. આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું કે, ઉનાળાની ઋતુમાં ફૂડ પોઇઝનિંગના મામલા વધુ સામે આવતા હોય છે. ઉનાળાની ઋતુમાં સ્વાસ્થ્યનું વિશેષ ધ્યાન રાખવાની જરૂર છે. ■

આ વર્ષે દિવાળીમાં ફટાકડા ફોડતા આગ લાગ્યાના ૨૩૯ કોલ આવ્યાં, ૪૧ લોકો દાઝ્યા

અમદાવાદઃ અમદાવાદમાં દિવાળીના તહેવારો દરમિયાન ફટાકડા ફોડવાના કારણે આગ-અકસ્માત અને દાઝી જવાથી ઈજા પામવાના કુલ ૪૧ કેસ નોંધાયા હતા. આ દર્દીઓને એએમસી સંચાલિત શારદાબેન, વીએસ, એલજી અને નગરી હૉસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. શારદાબેન હૉસ્પિટલમાં બર્ન ઓપીડીમાં બે કેસ અને એલ.જી. હૉસ્પિટલના બર્ન વિભાગમાં ૧૯ દર્દીને સારવાર આપવામાં આવી હતી. જેમાંથી ત્રણ દર્દીની હાલત વધારે ગંભીર હોવાથી દાખલ પણ કરવામાં આવ્યાં હતા.

વીએસ હૉસ્પિટલની ઓપીડીમાં દાઝી ઝવાને કારણે ઈજા પામેલા પાંચ દર્દીને સારવાર આપવામાં આવી જ્યારે નગરી હૉસ્પિટલની ઓપીડીમાં ૧૫ દર્દીને સારવાર આપવામાં આવી હતી, જેમાંથી બે દર્દી હજી પણ સારવાર હેઠળ છે. એસવીપી હૉસ્પિટલમાં દાઝી જવાનો કોઈ કેસ નોંધાયો નથી. આ વર્ષે દિવાળીના તહેવારમાં ૨૦ ઑક્ટોમ્બરથી ૨૫ ઑક્ટોમ્બર સુધી ૨૩૯ આગના કોલ ફાયરબ્રિગ્રેડને મળ્યા હતાં.

ફાયર વિભાગને મળેલા ૨૩૯ કોલમાંથી સાત મેજર કોલ હતા. તેમાં ગોડાઉનમાં આગ લાગ્યાના કોલ પણ સામેલ હતા. બાકીના કોલમાં ખુલ્લા મેદાન અને પ્લોટમાં કચરામાં આગ લાગી હોવાના હતા. મહત્ત્વની વાત એ છે કે, ગયા વર્ષની સરખામણીમાં ઓછા કોલ નોધાયા હતાં. ■

વડોદરામાં ૧૦ વર્ષમાં પોલીસે ટૂ-વ્હિલર ચાલકો પાસેથી ₹ ૮.૧૪ કરોડ વસૂલ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યનાં તમામ મોટાં શહેરોમાં વાહનોની સંખ્યા વધતા પાર્કિંગની સમસ્યા ગંભીર બની છે. જો કે વડોદરા શહેરમાં પાર્કિંગની સમસ્યા દિવસ પ્રતિદિન વિકટ બની રહી છે. શહેર મનપાના નિષ્ફળ વહીવટના કારણે શહેરમાં પૂરતી પાર્કિંગ વ્યવસ્થા ઊભી થઈ શકી નથી. વાહનચાલકોને યોગ્ય પાર્કિંગ જગ્યા ન મળતા મજબૂરીમાં વાહનો ‘નો પાર્કિંગ’ ઝોનમાં પાર્ક કરવા પડે છે. આવા સંજોગોમાં પોલીસે ટુ-વ્હિલર ચાલકો સામે કડક કાર્યવાહી હાથ ધરી છે અને છેલ્લા ૧૦ વર્ષમાં ટોઈંગ ચાર્જ અને સમાધાન શુલ્કના નામે રૂ. ૮.૧૪ કરોડ જેટલો દંડ વસૂલ કર્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વડોદરાવાસીઓ લાંબા સમયથી પાર્કિંગની ગંભીર સમસ્યાનો સામનો કરી રહ્યા છે. શહેરમાં પૂરતી અને સુવ્યવસ્થિત પાર્કિંગ સુવિધાઓના અભાવે લાખો વાહનચાલકોને દૈનિક ધોરણે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. મહાનગરપાલિકા દ્વારા યોગ્ય પાર્કિંગ વ્યવસ્થા ઉભી કરવામાં નિષ્ફળતાના કારણે નાગરિકો ‘નો પાર્કિંગ’ ઝોનમાં વાહનો પાર્ક કરવા મજબૂરી બને છે, જેના પરિણામે પોલીસ કાર્યવાહીનો ભોગ બનવું પડે છે.

આ કથળતી સ્થિતિમાં, વડોદરા પોલીસે ‘નો પાર્કિંગ’ ઝોનમાં પાર્ક કરાયેલા દ્વિચક્રી વાહનો સામે કડક કાર્યવાહી હાથ ધરી છે. છેલ્લા દસ વર્ષના આંકડા દર્શાવે છે કે પોલીસે વાહનચાલકો પાસેથી ટોઈંગ ચાર્જ અને સમાધાન શુલ્કના રૂપે કુલ રૂ. ૮.૧૪ કરોડનો જંગી દંડ વસૂલ કર્યો છે. દરેક ઉલ્લંઘન બદલ વાહનચાલકો પાસેથી રૂ. ૭૫૦નો દંડ વસૂલવામાં આવે છે, જેમાં ક્રેન દ્વારા વાહન ઉઠાવવાનો ખર્ચ પણ સામેલ છે. આ આંકડા શહેરની પાર્કિંગ સમસ્યાની ગંભીરતા સ્પષ્ટપણે દર્શાવે છે. ■

યુરોપના પ્રતિનિધિમંડળ સાથે આજથી ચર્ચા શરૂ

મુંબઈઃ દ્વીપક્ષી વેપાર કરાર માટેની વાટાઘાટ આગળ વધારવા યુરોપિયન યુનિયનનું સાત સભ્યોનું પ્રતિનિધિમંડળ આજે, સોમવારથી ભારતની મુલાકાતે આવી રહ્યું છે. વાઈન્સ, વાહનો, ગાર્મેન્ટ્સ, સ્ટીલ સહિતના મુદ્દા પર બન્ને પક્ષ વચ્ચે ચર્ચા થવા અપેક્ષા છે.

યુરોપનું પ્રતિનિધિમંડળ ૨૭થી ૨૯ ઓકટોબર દરમિયાનની મુલાકાત દરમિયાન ભારત સાથે વેપાર, આર્થિક તથા ઈન્વેસ્ટમેન્ટ સંબંધો પરની ચર્ચાને આગળ વધારશે જેથી લાંબા સમયથી અટકી પડેલા દ્વીપક્ષી મુકત વેપાર કરાર માટેનો માર્ગ મોકળો થઈ શકે એમ દેશના વાણિજ્ય મંત્રાલયના સુત્રોએ જણાવ્યું હતું.

ભારતની દ્રષ્ટિએ સંવેદનશીલ એવા વાહનો, વાઈન્સ તથા કૃષિ સેગમેન્ટસ જેવા મુદ્દા બાબતે યુરોપિયન યુનિયન આગ્રહ ધરાવી રહ્યું છે. બીજી બાજુ ભારત પોતાના ફાર્મા પ્રોડકટસ, સ્ટીલ તથા રેડીમેડ ગારમેન્ટસ માટે યુરોપમાં સરળ બજાર જોડાણ ઈચ્છી રહ્યું છે.

ભારત તથા યુરોપિયન યુનિયન ૨૦૨૫ના અંત સુધીમાં મુકત વેપાર કરાર કરી લેવા ઈરાદો ધરાવે છે. નાણાં વર્ષ ૨૦૨૩-૨૪માં ભારત તથા યુરોપ વચ્ચે ૧૩૫ અબજ ડોલરનો દ્વીપક્ષી વેપાર થયો હતો. મુકત વેપાર કરારથી બન્ને બાજુએ વેપારમાં વધારો થવાની ધારણાં રાખવામાં આવે છે. ■

રશિયન ઑઈલના ઈમ્પોર્ટમાં ફરી વધારો

મુંબઇઃ ઓક્ટોબરના પ્રથમ પખવાડિયામાં રશિયન ખનીજ તેલની આયાતમાં સુધારો જોવા મળ્યો છે. ત્રણ મહિનાની મંદી પછી, ભારતની રશિયાથી ક્રૂડ ઓઇલ આયાત (જેની ખેપ અગાઉ જ પહોંચી ગઇ છે.), ઓક્ટોબરના પહેલા ંદર દિવસમાં ફરી વધીને ૧.૮ મિલિયન બેરલ પ્રતિ દિવસ (બીપીડી) થઈ ગઈ હોવાનું ઉપલબ્ધ ડેટા દર્શાવે છે.

પશ્ચિમી દેસો, ખાસ કરીને અમેરિકાના દબાણને અવગણીને, ભારતીય રિફાઇનર્સ કંપનીઓએ આકર્ષક કિંમતોનો લાભ લેવા માટે રશિયાથી ક્રૂડ ઓઇલનું મજબૂત સોર્સિંગ જાળવી રાખ્યું હોવાથી પખવાડિયામાં આ વધારો જોવા મળ્યો હતો.

પાછલા ત્રણ મહિનામાં ભારતની રશિયન ક્રૂડ ઓઇલની આયાતમાં થોડો ઘટાડો થયો હતો. જુલાઈમાં ૧.૫૯ મિલિયન બેરલ પ્રતિ દિવસ, ઓગસ્ટમાં ૧.૬૮ મિલિયન બેરલ પ્રતિ દિવસ અને સપ્ટેમ્બરમાં ૧.૫૪ મિલિયન બેરલ પ્રતિ દિવસ જેટલી આયાત નોંધાઇ છે.

આ ક્ષેત્રના નિષ્ણાત એનાલિસ્ટે જણાવ્યું હતું કે રશિયન ખનીજ તેલ ભારતની ઉર્જા પ્રણાલીમાં ઊંડાણપૂર્વક સ્થાપિત છે, જેના ત્રણ મુખ્ય પાંસામાં તે આર્થિક રીતે આકર્ષક, કરાર દ્વારા સ્થાપિત અને નવી દિલ્હીની ઉર્જા સુરક્ષા પ્રાથમિકતાઓ સાથે વ્યૂહાત્મક રીતે સંકલિત છે. એનાલિસ્ટ માને છે કે ઓક્ટોબરમાં આયાત લગભગ ૧.૮ મિલિયન બેરલ પ્રતિ દિવસ સુધી વધી હોવા છતાં, ઘટાડા કે નીતિગત પરિવર્તનના કોઈ દૃશ્યમાન સંકેત જણાતા નથી. એ પણ નોંધવું રહ્યું કે, અમેરિકામાંથી થતી ક્રૂડ ઓઇલની આયાતના પુરવઠામાં પણ મોટો વધારો જોવા મળ્યો છે. ભારતે ઓક્ટોબરમાં અમેરિકાથી ૬૫૫ હજાર બેરલ પ્રતિ દિવસ (કેબીપીડી) ક્રૂડ ઓઇલની આયાત કરી હતી, જે પાછલા મહિનામાં ૨૦૭ બેરલ પ્રતિ દિવસ જેટલી હતી. ક્રૂડ ઓઇલના પરંપરાગત સપ્લાયર્સ ઇરાક અને સાઉદી અરેબિયા તરફથી પુરવઠો ઓક્ટોબરમાં અનુક્રમે ૯૬૫ બેરલ પ્રતિ દિવસ અને ૮૪૧ બેરલ પ્રતિ દિવસ હતો, એમ ડેટા દર્શાવે છે. ■

ગ્રીન ક્રેકર્સઃ લીલાછમ્મ ફટાકડાનું ગણિત, વિજ્ઞાન અને અર્થકારણ

આવો જાણીએ ફટાકડાને લગતા નિયમોએ ઉત્સવોની સપ્લાય ચેઇનનું સ્વરૂપ કેવી રીતે બદલ્યું?

આપણે નાનપણથી લાલ-લીલા બપોરીઆના નાનકડા ધમાકાનો આનંદ લઇને મોટા થયા છીએ. જોકે, અહીં શીર્ષકમાં લીલા શબ્દનો અર્થ રંગ સૂચક નહીં પરંતુ તેની પ્રકૃતિ સૂચક છે. આમ તો હાલના વર્ષોમાં ફટાકડાનું ચલણ ઘટતું જઇ રહ્યું છે અને ખાસ કરીને પર્યાવરણવાદીઓ તેની સામે મોટો હુઆપો કરે છે ત્યારે આ વિવાદના ઉકેલ તરીકે ગ્રીન ક્રેકર્સ એટલે કે હરિત ફટાકડાનો આવિષ્કાર થયો છે. જોકે આપણે પર્યાવરણ નહીં અર્થકારણની વાત માંડવી છે. ... અને હા, અત્યારે આ લેખ કદાચ અપ્રસ્તુત જણાય, કારણકે દિવાળી લગભગ પૂરી થઇ ગઇ છે, પરંતુ પાછલા અંક માટે લખાયેલો આ લેખ અવકાશના અભાવે પ્રકાશિત થઇ શક્યો નહોતો. જોકે, દેવદિવાળી સુધી પણ ફટાકડાં ફોડી શકાતા હોવાથી માહિતી જાણવામાં ક્ઇ ખોટું નથી!

સુપ્રીમ કોર્ટના ૧૫ ઓક્ટોબરના ચુકાદાએ, દિલ્હી અને રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ (એનડીએ)માં લીલા ફટાકડાના નિયમનકારી વેચાણ અને ઉપયોગને મંજૂરી આપતા, ભારતના ફટાકડા ઉદ્યોગ માટે ફરી એકવાર આશા જગાવી છે. કોર્ટના આદેશથી પ્રદૂષણની સમસ્યાનું સંચાલન કરવાના અભિગમમાં પણ નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે, જે દર વર્ષે દિવાળીની આસપાસ હંમેશા વિવાદનું સ્વરૂપ ધારણ કરે છે.

પ્રદૂષણ નિયમો અને ફટાકડાના ઉપયોગ પર તેમની અસર

ભારતની ક્રેકર્સ ઇકોનોમીમાં કડક પ્રદૂષણ નિયમો અને સ્થાનિક પ્રતિબંધોને કારણે નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. જે એક સમયે પરંપરાગત ફટાકડાના અનિયંત્રિત ઉપયોગ દ્વારા વ્યાખ્યાયિત ઉદ્યોગ હતો તે હવે એક કડક રીતે નિયંત્રિત ક્ષેત્રમાં વિકસિત થયો છે, જેમાં માત્ર સુપ્રીમ કોર્ટ દ્વારા નિર્ધારિત ચોક્કસ સમયમર્યાદામાં ફક્ત પ્રમાણિત લીલા ફટાકડાનું જ ઉત્પાદન અને ઉપયોગ કરી શકાય છે.

પરંપરાગત ફટાકડા પાર્ટિક્યુલેટ મેટર (પીએમ ૨.૫), સલ્ફર ડાયોક્સાઇડ અને અન્ય હાનિકારક ઉત્સર્જનનો મુખ્ય સ્રોત રહ્યા છે જે પ્રદૂષણને ખતરનાક રીતે ઉચ્ચ સ્તર સુધી ધકેલી દે છે.

સુપ્રીમ કોર્ટનો ચુકાદો એવા દિવસે આવ્યો જ્યારે રાષ્ટ્રીય રાજધાનીમાં હવાની ગુણવત્તા વિશ્વ આરોગ્ય સંગઠન (ડબલ્યુએચઓ) દ્વારા નિર્ધારિત કરવામાં આવેલી સલામત મર્યાદા કરતા ૨૫થી ૩૦ગણી ખરાબ હતી, અને કેટલાક સ્થળોએ પીએમ ૨.૫ સ્તર ૪૦૦થી વધુ હતું.

ખાસ કરીને દિવાળીની આસપાસ ફટાકડા ફોડવાના પરંપરાગત રીતરિવાજોનું સ્વરૂપ હવે પર્યાવરણને અનુકૂળ અથવા લીલા ફટાકડાના વધી રહેલા ઉપયોગ સાથે બદલાઈ રહ્યું છે અને તેને પરિણામે સપ્લાય ચેઇન અને ઉદ્યોગની રોજગારીને લગતી બાબતોમાં ફેરફાર થઇ રહ્યો છે.

ગ્રીન ક્રેકર્સ કે ફટાકડા ખરેખર શું છે?

સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર, દિવાળીના બે દિવસ પહેલા, શનિવાર, ૧૮ ઓક્ટોબરથી ગ્રીન ફટાકડાનું વેચાણ શરૂ થઈ ગયું છે. પરંતુ ગ્રીન ફટાકડા શું છે તે કેવી રીતે ઓળખવા?

ગ્રીન ફટાકડાના વેચાણને ૧૮ ઓક્ટોબરથી ૨૧ ઓક્ટોબર સુધી મંજૂરી આપવામાં આવી છે. ગ્રીન ફટાકડાના દરેક પેકેટમાં એક ચકાસાયેલ ક્યુઆર કોડ હોય છે જે તેને 'ગ્રીન' તરીકે ઓળખ આપે છે. આ ક્યુઆર કોડ વિનાની કોઈપણ વસ્તુ ગ્રીન ફટાકડા નથી.

આ ગ્રીન ફટાકડા વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન પરિષદ-રાષ્ટ્રીય પર્યાવરણીય ઇજનેરી સંશોધન સંસ્થા દ્વારા વિકસાવવામાં આવેલા ફટાકડા છે. આ ફટાકડા શેલ (આવરણો)નું કદ ઘટાડીને, રાખ -એશ દૂર કરીને, ઓછા કાચા માલનો ઉપયોગ કરીને અને રજકણોના પ્રદૂષણમાં ઘટાડો કરનારા એડીટિવ્સ ઉમેરીને બનાવવામાં આવે છે.

આ ફેરફારોના પરિણામે પરંપરાગત ફટાકડાઓની તુલનામાં પાર્ટિકલ્સ મેટર (પીએમ)માં ઓછામાં ઓછો ત્રીસ

કરંટ ટોપિક
નિલેશ વાઘેલા

ટકાનો ઘટાડો અને સલ્ફર ડાયોક્સાઇડ તથા નાઇટ્રોજન ઓક્સાઇડ જેવા વાયુ ઉત્સર્જનમાં દસેક ટકાથી વધુ ઘટાડો થશે તેવું કહેવાય છે.

લીલા ફટાકડા કેવી રીતે અલગ છે?

પરંપરાગત ફટાકડામાં, બેરિયમ, સલ્ફર, પોટેશિયમ નાઈટ્રેટ અને એલ્યુમિનિયમ જેવા રસાયણોનો ઉપયોગ તેજસ્વી રંગો અને મોટા અવાજો ઉત્પન્ન કરવા માટે થાય છે. આ ફટાકડા હવામાં હેવી મેટલ્સ અને ઝેરી વાયુઓ પણ છોડે છે.

જોકે આની સામે લીલા ફટાકડા બેરિયમ સંયોજનોને બાકાત રાખે છે અને એલ્યુમિનિયમ તથા સલ્ફરનું પ્રમાણ ભારે ઘટાડી દે છે. તેઓ સ્વચ્છ ઓક્સિડાઇઝર્સ અને ફોર્મ્યુલેશન પર આધાર રાખે છે, જે હાનિકારક કણોના પ્રસારને મર્યાદિત કરે છે.

લીલા ફટાકડાં તનખતારા, પેન્સિલો, સ્પાર્કલર્સ, ફુવારા, બોમ્બ અને ભોય ચકરડી જેવા પરિચિત સ્વરૂપોમાં ઉપલબ્ધ છે, પરંતુ તેની બનાવટ સુધારેલા રસાયણશાસ્ત્રના ઉપયોગ સાથે કરવામાં આવી હોય છે.

શિવકાશીના ઉત્પાદન અને રોજગાર પર અસર

૨૦૧૭માં, સુપ્રીમ કોર્ટે ફટાકડામાં એન્ટિમોની, લિથિયમ, પારો, આર્સેનિક, સીસું અને સ્ટ્રોન્ટિયમ નાઇટ્રેટના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો હતો. એક વર્ષ પછી, સુપ્રીમ કોર્ટે ફક્ત ગ્રીન ક્રેકર્સના ઉપયોગને મંજૂરી આપી હતી, આ નિર્ણયની સૌથી વધુ અસર તમિલનાડુના શિવકાશી શહેરમાં કામ કરતા લોકોને થઈ હતી. નોંધવું રહ્યું કે દેશની ફટાકડાની રાજધાની તરીકે જાણીતું શિવકાશી, દેશભરમાં વેચાતા લગભગ નેવું ટકા ફટાકડાનું ઉત્પાદન કરે છે.

ભારતમાં ફટાકડા ઉદ્યોગનું કદ રૂ. ૬,૦૦૦ કરોડનું છે અને તેમાં ૮,૦૦૦થી વધુ રજિસ્ટર્ડ કારખાનાઓ છે, જે ૩૦૦,૦૦૦થી વધુ લોકોને સીધી રીતે રોજગારી આપે છે. એક અહેવાલ મુજબ, પરોક્ષ રોજગાર ૫૦૦,૦૦૦ સુધી ફેલાયેલો છે. તમિલનાડુ ફટાકડા એમોર્સેસ મેન્યુફેક્ચરર્સ એસોસિએશનના ડેટા અનુસાર, ૨૦૨૧ સુધીમાં, શિવકાશી અને તેની આસપાસ ૧,૦૭૦ ઉત્પાદન એકમો હતા. એસોસિએશનનો દાવો છે કે કોવિડ-૧૯ પહેલા ઉદ્યોગનું કદ ૨૦૧૯-૨૦૨૦માં રૂ. ૩,૦૦૦ કરોડ હતું.

બેરિયમ નાઈટ્રેટ જેવા રસાયણો પર સુપ્રીમ કોર્ટના પ્રતિબંધને કારણે પરંપરાગત ફટાકડાના ઉત્પાદનમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો, જેના કારણે ઘણા ઉત્પાદકોને વ્યવસાય છોડી દેવાની ફરજ પડી હતી. આનું એક ઉદાહરણ જોઇએ તો શિવકાશીમાં આવેલી વેલાવન ફાયરવર્ક્સ ફેક્ટરીમાં ૨૦૨૦ સુધી ૧૫૦ કામદારો હતા. જોકે, ૨૦૨૨માં તે આંકડો ૫૦થી ૭૦ની વચ્ચે રહ્યો હતો. એકંદર પ્રતિબંધ અને ત્યારબાદના રાસાયણિક પ્રતિબંધને કારણે ૨૦૨૨માં લગભગ ૧૫૦,૦૦૦ લોકોની નોકરીઓ ગુમાવવી પડી, એમ એક અહેવાલમાં જણાવાયું છે.

ઉદ્યોગના સાધનો અનુસાર લીલા ફટાકડા તરફ સંક્રમણ એકંદરે સરળ છે, કારણ કે તેમાં પહેલાથી અસ્તિત્વમાં રહેલા ફોર્મ્યુલામાં ફક્ત ઉમેરણો (એડિટિવ્સ) ઉમેરવાનો સમાવેશ થતો હતો.

લીલા ફટાકડા પરંપરાગત ફટાકડાના ઓછા ઉત્સર્જનવાળા વિકલ્પો છે, જે વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન પરિષદ, રાષ્ટ્રીય પર્યાવરણીય ઇજનેરી સંશોધન સંસ્થા દ્વારા વિકસાવવામાં આવ્યા છે. અહેવાલો સૂચવે છે કે આ લીલા ફટાકડા પરંપરાગત ફટાકડા કરતાં ત્રીસથી ચાલીસ ટકા ઓછા પાર્ટિકલ્સ મેટર અને સલ્ફર ડાયોક્સાઇડનું ઉત્સર્જન કરે છે અને તેમ છતાં સમાન દ્રશ્ય અને ધ્વનિ અસરો જાળવી રાખે છે.

એક અહેવાલ સૂચવે છે કે લીલા ફટાકડા તરફ પ્રારંભિક સંક્રમણ ધીમું હોવા છતાં, ઉદ્યોગ હવે ફક્ત લીલા ફટાકડાના ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે અને ઉત્પાદન વધારવા માટે તૈયાર છે. જોકે, અમુક નિષ્ણાતો માને છે કે તે ગ્રીન ક્રેકર્સ કોઈ ઉકેલ નથી. નિષ્ણાતોએ સૂચવ્યું છે કે લીલા ફટાકડા વાયુ પ્રદૂષણમાં પરંપરાગત ફટાકડા કરતા તુલનાએ થોડો ઘટાડો કરે છે, પરંતુ એનાથી કોઈ ખાસ ફરક પડશે નહીં, ખાસ કરીને જો આ ફટાકડા વ્યાપકપણે ઉપલબ્ધ હોય તો સરવાળે ફટાકડા વધું ફોડવામાં આવશે તો પ્રદૂષણ વધવાનું જ છે!

સરળ ભાષામાં એમ કહી શકાય કે દારુ કરતા બિયરમાં આલ્કોહલ ભલે ઓછું હોય, પરંતુ તેનું વધુ સેવન કરવામાં આવે તો લીવર પર ખરાબ અસર થવાની જ છે! ■

અમેરિકા સાથેની ટ્રેડ ડીલ પર નજર સાથે બજાર ફેડરલના નિર્ણય અને મેક્રો ડેટાને આધારે નક્કી કરશે આગળની ચાલ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આ સપ્તાહે બજારની ચાલનો આધાર અમેરિકા પર વધુ રહેશે એમ કહી શકાય. સૌથી મહત્ત્વની બાબત ટ્રેડ ડીલ છે અને તેના પર રોકાણકારોની ચાંપતી નજર રહેશે. એક તરફ ટ્રમ્પ એવા સંકેત આપે છે કે વેપાર કરાર અંતિમ તબક્કામાં છે અને બીજી તરફ વાણિજ્ય પ્રધાન અલગ સંકેત આપી રહ્યા છે. સરવાળે એમ કહી શકાય કે, આ સપ્તાહમાં રોકાણકારો કોર્પોરેટ સેકટરના ત્રિમાસિક પરિણામ, યુએસ ફેડરલ રિઝર્વના વ્યાજ દરના નિર્ણય અને બજારની દિશા માટે મેક્રોઇકોનોમિક ડેટા પર નજર રાખશે.

આ અઠવાડિયું મેક્રો-હેવી રહેશે, જેમાં રોકાણકારો યુએસ જીડીપી, યુએસ ફેડરલ રિઝર્વ, યુરોપિયન સેન્ટ્રલ બેંક અને બેંક ઓફ જાપાનના વ્યાજ દરના નિર્ણયો, ચીનના ઉત્પાદન પીએમઆઇ અને ભારતના ઔદ્યોગિક ઉત્પાદન ડેટા સહિતના મુખ્ય ડેટા પર નજીકથી નજર રાખશે.

નાણાકીય વર્ષ ૨૦૨૬ના બીજા ક્વાર્ટરના પરિણામોની મોસમ ચાલુ છે અને તે બજારની દિશા આપવાનું ચાલુ રાખશે. આ સપ્તાહે ઘણી મોટી કંપનીઓ તેમના નાણાકીય અહેવાલો જાહેર કરશે. રોકાણકારો પહેલા કોટક મહિન્દ્રા બેંકના પરિણામો પર પ્રતિક્રિયા આપશે, ત્યારબાદ આઇઓસી, ટીવીએસ મોટર કંપની, લાર્સન એન્ડ ટુબ્રો, હિન્દુસ્તાન પેટ્રોલિયમ, આઇટીસી, સિપ્લા, ડાબર, મારુતિ અને એસીસી તરફથી અપડેટ્સ આવશે.

મેક્રોઇકોનોમિક મોરચે, ૨૮ ઓક્ટોબરે જાહેર થનારા ભારતના સપ્ટેમ્બર મહિનાના ઔદ્યોગિક ઉત્પાદન ડેટા પર ઔદ્યોગિક સુધારાના સંકેતો માટે ઝીણવટભરી નજર રાખવામાં આવશે. વૈશ્વિક સ્તરે, ધ્યાન ૨૯ ઓક્ટોબરે યુએસ ફેડરલ રિઝર્વના નીતિગત નિર્ણય પર કેન્દ્રિત થશે, જે વૈશ્વિક પ્રવાહિતા વલણો અને રિસ્ક સેન્ટિમેન્ટને પ્રભાવિત કરી શકે છે.

આ ઉપરાંત બજારના સહભાગીઓ સઅમેરિકા અને ચીનના રાષ્ટ્રપતિની સુનિશ્ચિત બેઠકની આસપાસની ઘટનાઓ પર નજર રાખશે. માર્કેટના વિશ્લેષકો એવી આશા સેવી રહ્યા છે કે આ બેઠક ગ્લોબલ તંગદિલીને હળવી કરવામાં મદદરૂપ બની શકે છે અને ગ્લોબલ માર્કેટ પર તેની પોઝિટિવ અસર બતાવી શકે છે. વિદેશી રોકાણકારોની ટ્રેડિંગ પ્રવૃત્તિ અને બ્રેન્ટ ક્રૂડ ઓઇલની હિલચાલ પર પણ રોકાણકારો દ્વારા ચાંપતી નજર રાખવામાં આવશે. સ્થાનિક મોરચે, ભારત-યુએસ વેપાર વાટાઘાટોમાં પ્રગતિ આ અઠવાડિયામાં રોકાણકારો માટે મુખ્ય ઘટવના બની રહેશે. ભારત અને અમેરિકા કથિતરૂપે દ્વિપક્ષીય વેપાર સોદાને અંતિમ સ્વરૂપ આપવાની ખૂબ નજીક હોવા છતાં વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પીયૂષ ગોયલે ભારપૂર્વક જણાવ્યું હતું કે નવી દિલ્હી ઉતાવળમાં અથવા માથા પર બંદૂક સાથેના કોઈ પણ સોદો કરશે નહીં.

અમેરિકા સાથે ભારતના વ્યાપાર સોદા અંગેની અનિશ્ચિતતા અને રશિયન ઓઇલ પર અમેરિકાએ લાગેલા પ્રતિબંધને કારણે સર્જાનારી સમસ્યા અને આર્થિક અસરોની અટકળો વચ્ચે વેચવાલીનું દબાણ વધવાથી સપ્તાહના છેલ્લા સત્રમાં છ દિવસની આગેકૂચને બ્રેક લાગી હતી અને નિફ્ટી ૨૫,૮૦૦ની નીચે સરકી ગયો હતો. પાછલા છ સત્રમાં સેન્સેક્સ અને નિફ્ટીમાં ત્રણેક ટકા ઉછાળો જોવા મળ્યો છે અને મંગળવારે બંને બેન્ચમાર્ક તેમની બાવન સપ્તાહની ઊંચી સપાટીને સ્પર્શ્યા હતા. વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પિયુષ ગોયલે અમેરિકા સાથેના વ્યાપાર સોદા માટે ભારતને ઉતાવળ ના હોવાના સંકેત આપ્યા બાદ બજારનું સેન્ટિમેન્ટ વધુ કથળ્યું હતું.

પ્રાઇમરી માર્કેટમાં ફરી ધમાલ શરૂ થઇ ગઇ છે. એમટીઆર અને ઇસ્ટર્ન જેવી બ્રાન્ડ ધરાવતી ઓર્કેલા ઇન્ડિયા રૂ. ૧૦,૦૦૦ કરોડના ટાર્ગેટ વેલ્યુએશન સાથે ૨૯ ઓક્ટોબરે રૂ. ૧૬૬૭ કરોડનો આઇપીઓ લાવી રહી છે. લેન્સકાર્ટના આઇપીઓ પહેલા ડીમાર્ટના રાધાકૃષ્ન દામાણીએ તેમાં રૂ. ૯૦ કરોડનું રોકાણ કર્યું છે. મિડવેસ્ટના શેર શુક્રવારે તેના રૂ. ૧૦૬૫ના ઇશ્યુ ભાવ સામે ૯.૩૯ ટકાના પ્રીમિયમ સાથે રૂ. ૧૧૬૫.૧૦ના ભાવે લિસ્ટેડ થયા હતા.

આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ એએમસી, લેન્સકાર્ટ, ફોનપે, ગ્રોવ, ફિઝિક્સવાલાહ, મીશો, પાઈન લેબ્સ અને ઝેપ્ટો સહિત ૫૦૦ મિલિયન ડોલરથી વધુના અનેક જાહેર ભરણાં પાઇપલાઇનમાં હોવાથી, ઇન્વેસ્ટર્સ બેન્ક્સને નવા વર્ષમાં પણ બખ્ખાં થવાની ધારણાં છે. આ બેન્કરોએ ઓક્ટોબરના પ્રથમ પખવાડિયામાં માત્ર સાત ભરણાંની ફી પેટે અંદાજે રૂ. ૬૦૦ કરોડની કમાણી કરી છે.

કોર્પોરેટ હલચલમાં ઇન્ફોસિસે ૨૨ ઓક્ટોબરના રોજ જારી કરાયેલ એક્સચેન્જ ફાઇલિંગ અનુસાર તેના પ્રમોટર્સ અને પ્રમોટર ગ્રુપે રૂ. ૧૮,૦૦૦ કરોડના બાયબેકમાં સહભાગી ન થવાનો ઇરાદો જાહેર કર્યો છે. ટાટા મોટર્સે તેના ડિમર્જરની પ્રક્રિયા પૂરી કરી દીધી દીધી હોવાથી તેના શેર હવે ટાટા મોટર્સ પેસેન્જર્સ વ્હીકલ્સને નામે ટ્રેડ થઇ રહ્યા છે. એલએન્ડટીને હિન્દાલ્કો પાસેથી ઓડિશામાં એલ્યુમિનિયમ સેલ્ટર સેટ અપ કરવા અને ટાટા સ્ટીલ પાસેથી કોક ઓવન બેટરી બનાવવા માટે ઓર્ડર મળ્યા છે. પ્રીમીઅર એનર્જીએ કેસલોરે હસ્તગત કરી છે. હીરો મોટો કોર્પે યુકે માર્કેટમાં પ્રવેશ કર્યો છે.

કોર્પોરેટ પરિણામમાં આદિત્ય બિરલા સનલાઇફ એએમસીનો નફો ઘટીને રૂ. ૨૪૧.૩૦ કરોડ રહ્યો છે. એસબીઆઇ લાઇફનો બીજી ક્વાર્ટરનો ચોખ્ખો નફો ૬.૬૦ ટકાના ઘટાડા સાથે રૂ. ૪૯૪ કરોડ નોંધાયો હતો. આઇટીસી હોટલે બીજા ક્વાર્ટરમાં ૭૪ ટકાના વધારા સાથે રૂ. ૧૩૩ કરોડનો નફો નોંધાવ્યો છે. ડો. રેડ્ડીઝ લેબનો બીજા ક્વાર્ટરનો નફો ૧૪ ટકા વધીને રૂ. ૧૪૩૭ કરોડ નોંધાયો છે.

આઇટીસી હોટલનો બીજા ક્વાર્ટરનો નફો ૭૪ ટકા વધીને રૂ. ૧૩૩ કરોડ નોંધાયો છે. ટોરન્ટ ફાર્મા રૂ. ૧૪,૦૦૦ કરોડનો બોન્ડ ઇશ્યૂ લાવી રહી છે. કોલગેટે બીજા ક્વાર્ટરના પરિણામમાં રૂ. ૩૨૭.૫૦ કરોડનો નફો નોંધાવ્યો છે, જે વર્ષ અગાઉના સમાન ગાળાના રૂ. ૩૯૫ કરોડ સામે ૧૭ ટકાનો ઘટાડો નોંધાવ્યો છે. એચયુએલે શેરદીઠ રૂ. ૧૯ના વચગાળાના ડિવિડંડની જાહેરાત કરી છે. ■

ભારતના છમાસિક ક્રૂડ ઑઈલ આયાત ખર્ચમાં ૧૫ ટકાનો ઘટાડો

મુંબઇઃ ભારતના છમાસિક ક્રૂડ ઓઇલ આયાત ખર્ચમાં ૧૫ ટકાનો ઘટાડો નોંધાયો છે અને તેને કારણે અર્થતંત્રને સારી એવી રાહત મળી છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ઓછા ભાવને કારણે, ભારતનું ક્રૂડ ઓઇલ આયાત બિલ ૨૦૨૫-૨૦૨૬ના પ્રથમ છ મહિનામાં (એપ્રિલ-સપ્ટેમ્બર) ૧૪.૭ ટકા ઘટીને ૬૦.૭ અબજ ડોલરની સપાટીએ રહ્યું હતું.

પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલ (પીપીએસી)એ જાહેર કરેલી સત્તાવાર આંકડાકીય માહિતી અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૫ના પ્રથમ છ મહિનામાં દેશનું ક્રૂડ ઓઇલ આયાત બિલ ૭૧.૨૦ અબજ ડોલરની સપાટીએ રહ્યું હતું. દરમિયાન ત્રણ મહિનાની મંદી પછી, રશિયાથી થતી આયાત ઓક્ટોબરના પ્રથમ ૧૫ દિવસમાં ફરી વધીને ૧.૮ મિલિયન બેરલ પ્રતિ દિવસ થઈ ગઈ છે.

ઓર્ગેનાઇઝેશન ઓફ પેટ્રોલિયમ એક્સપોર્ટિંગ કન્ટ્રીઝ એન્ડ એસોસિએટ્સ (ઓપેક) દ્વારા પુરવઠામાં વધારો થઇ રહ્યો હોવાથી, આ વર્ષે આંતરરાષ્ટ્રીય બજારમાં વધુ પડતો પુરવઠો ઠલવાયો હોવાને કારણે ભાવમાં ઘટાડો થવાથી ક્રૂડ ઓઇલ આયાત બિલમાં ભારતને લાભ મળ્યો છે.

ભારતીય બાસ્કેટ ક્રૂડનો ભાવ સપ્ટેમ્બર દરમિયાન સરેરાશ ૬૯.૬૧ ડોલર પ્રતિ બેરલ (બીબીએલ) રહ્યો છે, જે ગયા વર્ષે ૭૩.૬૯ડોલર પ્રતિ બેરલ રહ્યો હતો. આયાત વોલ્યુમ મોટાભાગે યથાવત રહ્યું હોવા છતાં, નાણાકીય વર્ષ ૨૦૨૬ના પહેલા છ મહિનામાં ભારતનું ક્રૂડ ઓઇલનું બિલ ઘટ્યું છે.

સપ્ટેમ્બર ૨૦૨૫માં પૂરા થયેલા છ મહિનામાં દેશની ક્રૂડ ઓઇલ આયાત નજીવી વધીને ૧૨૧.૨ મિલિયન ટન (એમટી) થઈ, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં ૧૨૦.૭ મિલિયન ટનના સ્તરે હતી. એપ્રિલ-સપ્ટેમ્બર દરમિયાન ભારત તેની સ્થાનિક જરૂરિયાતોના ૮૮.૪ ટકા હિસ્સા માટે ક્રૂડ ઓઇલ આયાત પર નિર્ભર હતું.

નાણાકીય વર્ષ ૨૦૨૬ના પહેલા છ મહિનામાં ભારતનું લિક્વિફાઇડ નેચરલ ગેસ (એલએનજી) આયાત બિલ પણ વાર્ષિક ધોરણે ૧૦.૫ ટકા ઘટીને ૬.૮ અબજ ડોલર થયું છે. કાચા તેલથી વિપરીત, ગેસ બિલમાં ઘટાડો મુખ્યત્વે સ્થાનિક માગમાં ઘટાડો થવાને કારણે હતો, કારણ કે આ સમયગાળા દરમિયાન કુદરતી ગેસનો વપરાશ ઘટીને ૩૪,૨૬૫ મિલિયન સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર થયો હતો.■

યુરોપની ટૅરિફ સ્ટીલ ઉત્પાદકો માટે બેવડા ફટકાનું કારણ બનશે!

નવી દિલ્હીઃ યુરોપિયન યુનિયન (ઈયુ) દ્વારા ક્વોટા ઘટાડવા અને ક્વોટાથી વધુ જથ્થા પર પચાસ ટકા ડયુટી લાદવાનો પ્રસ્તાવ ૨૦૨૬માં ભારતીય સ્ટીલ ઉત્પાદકો માટે બેવડા ફટકાનું કારણ બની શકે છે. યુરોપિયન કમિશને વધારાની વૈશ્વિક ક્ષમતાના સંદર્ભમાં ઈયુના સ્ટીલ ઉદ્યોગને સુરક્ષિત રાખવા માટે એક પ્રસ્તાવ રજૂ કર્યો હતો.

આ યોજના હેઠળ, ડયુટી-ફ્રી આયાત દર વર્ષે ૧૮.૩ મિલિયન ટન સુધી ઘટાડી દેવામાં આવશે, જે ૨૦૨૪ના સ્તરથી ૪૭ ટકાનો ઘટાડો છે. વધુમાં, ક્વોટાની બહારની આયાત પર ટેરિફ બમણાથી ૫૦ ટકા કરવામાં આવશે.

જો યુરોપિયન સંસદ અને કાઉન્સિલ અંતિમ નિયમન પર સંમત થશે, તો આ દરખાસ્ત જૂન ૨૦૨૬માં સમાપ્ત થતા સ્ટીલ સેફગાર્ડ માપદંડને બદલશે. જો મંજૂર થાય, તો જાન્યુઆરી ૨૦૨૬માં અમલમાં આવનાર કાર્બન બોર્ડર એડજસ્ટમેન્ટ મિકેનિઝમ સાથે જોડવામાં આવે, તો ભારતમાંથી ઈયુમાં પ્રવેશતું સ્ટીલ ઓછું સ્પર્ધાત્મક બનશે.

ઈયુ ભારતની સ્ટીલ નિકાસ માટેનું સૌથી મોટું બજાર છે, જે કુલ નિકાસના આશરે ૪૫ ટકા હિસ્સો ધરાવે છે. ક્રિસીલ ઇન્ટેલિજન્સે જણાવ્યું હતું કે ઈયુએ ૨૦૨૪માં ૨૭.૪ મિલિયન ટન ફિનિશ્ડ સ્ટીલની આયાત કરી હતી, જેમાંથી ભારતનો હિસ્સો ૧૨ ટકા હતો.

આમાંથી, ફ્લેટ સ્ટીલ ઉત્પાદનોનો હિસ્સો ૯૭ ટકા હતો. ઈયુના નવા ટેરિફ શાસનમાં ૧૮.૩ મિલિયન ટનની ડયુટી-મુક્ત આયાતની મંજૂરી આપવાની અપેક્ષા છે, જેમાંથી ફ્લેટ સ્ટીલ ૧૨.૮ મિલિયન ટન હશે. આ ૨૦૨૪ ની આયાતથી ૪૦ ટકાનો ઘટાડો દર્શાવે છે. આના પરિણામે ભારતના ક્વોટામાં અનુરૂ

પાલઘરનાં ગામડાઓમાં શંકાસ્પદ ડ્રોન દેખાતાં રહેવાસીઓમાં ભય

કોઈ પણ હિલચાલ નજરે પડે તો તાત્કાલિક સંપર્ક સાધવા પોલીસની અપીલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પાલઘર જિલ્લાના સાતપાટી નજીકનાં કેટલાંક ગામડાઓમાં રાતે ડ્રોન ઊડતાં નજરે પડ્યાં હોવાની માહિતીથી રહેવાસીઓમાં ભય ફેલાઈ ગયો હતો. પ્રાથમિક તપાસમાં પોલીસને હજુ કંઈ હાથ લાગ્યું નથી, પરંતુ શંકાસ્પદ હિલચાલ નજરે પડે તો તાત્કાલિક સંપર્ક સાધવાની અપીલ પોલીસે કરી હતી.

સાતપાટી પોલીસ સ્ટેશનની હદમાં મુરબે, સાતપાટી, નાંદગાંવ, ખારેકુરણ તેમ જ આસપાસનાં ગામડાંમાં શુક્રવારની રાતે અમુક ડ્રોન ઊડતાં નજરે પડ્યાં હતાં. શંકાસ્પદ રીતે ઊડતાં ડ્રોન જોયાનો દાવો રહેવાસીઓએ કર્યો હતો.

પહલગામમાં આતંકવાદી હુમલાના વળતા જવાબમાં ભારતે પાકિસ્તાનની હદમાં આતંકવાદી ઠેકાણાં પર હુમલો કર્યો હતો. તે સમયે ભારત-પાકિસ્તાન વચ્ચે સર્જાયેલી યુદ્ધ જેવી સ્થિતિમાં હુમલા માટે ડ્રોનનો મોટા પાયે ઉપયોગ કરાયો હતો. એ સિવાય રાજ્યમાં પોલીસની પરવાનગી વિના ડ્રોન ઉડાવવા પર પ્રતિબંધ છે.

પાલઘરનાં ગામડાંમાં એકાએક ડ્રોન ઊડતાં નજરે પડ્યાની માહિતીથી

(જુઓ પાનું ૪) ▶▶

અન્નકૂટ દર્શન... 'મુંબઈની આઈ' તરીકે ઓળખાતી મુંબાદેવી મંદિરે રવિવારે લાભપાંચમના દિવસે અન્નકૂટ યોજાયો હતો. (અમય ખરાડે)

કાંદિવલીમાં શંકર લેનની ઈમારતમાં આગ

ત્રણ બાળક સહિત સંપૂર્ણ કોઠારી પરિવારનો આબાદ બચાવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કાંદિવલી (પશ્ચિમ)માં શંકર લેનમાં ગ્રાઉન્ડ પ્લસ ૧૬ માળની અગ્રવાલ રેસિડન્સી બિલ્ડિંગના બીજા માળા પર રવિવારે વહેલી સવારના લાગેલીમાં આગમાં એક જ પરિવારના ત્રણ બાળકો સહિત આઠને બચાવી લેવામાં આવ્યા હતા.

મુંબઈમાં એક અઠવાડિયાની અંદર ભીષણ આગનો બીજો બનાવ બન્યો હતો. ગુરુવારે જોગેશ્વરીના જેએનએસ બિઝનેસ સેન્ટર લાગેલી આગમાં ૨૮ લોકોને બચાવી લીધા હોવાનો બનાવ હજી તાજો છે ત્યારે રવિવારે વહેલી સવારના કાંદિવલીના રહેણાંક ઈમારતમાં લાગેલી આગમાં એક જ પરિવારના આઠ લોકોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં ફાયરબ્રિગેડને સફળતા મળી હતી.

રવિવારે ગ્રાઉન્ડ પ્લસ ૧૬ માળની રહેણાંક ઈમારતના બીજા માળા પર આવેલા

(જુઓ પાનું ૪) ▶▶

ઑનલાઈન ગેમમાં પાંચ લાખ રૂપિયા હારેલા 'શિવભક્ત'નું ઘૃણાસ્પદ કૃત્ય

રોષ ઉતારવા શિવલિંગ પરના કળશમાં માંસના ટુકડા નાખી મંદિર અભડાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઑનલાઈન ગેમમાં પાંચ લાખ રૂપિયા હારેલા માથાફરેલ 'શિવભક્તે' ભગવાન પર રોષ ઉતારવા ઘૃણાસ્પદ કૃત્ય આચર્યું હોવાની ઘટના પાલઘર જિલ્લાના ઉમરોલી ખાતે બની હતી. ગરીબી દૂર કરવામાં ભગવાને મદદ કરી ન હોવાથી શિવલિંગ પરના કળશમાં માંસના ટુકડા નાખી ધાર્મિક ભાવના દુભાવનારા યુવાનની પોલીસે ધરપકડ કરી હતી.

કળશમાં ચિકનના ટુકડા નાખવામાં આવ્યાની પોલીસ ફરિયાદ નોંધાતાં જ પાલઘર પોલીસ અને લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે તપાસ હાથ ધરી હતી. ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી આરોપી સાગર પાટીલ (૨૯)ને રવિવારે તાબામાં લેવાયો હતો. ધરપકડ કરાયેલા પાટીલને કોર્ટે બે દિવસની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર ઘટના ૧૬ ઑક્ટોબરની સવારે ૧૧થી સાંજે ૫.૩૦ વાગ્યા દરમિયાન બની હતી. પાલઘર-બોઈસર રોડ પર ઉમરોલી નજીકના મહાદેવ મંદિરમાં શિવલિંગ પરના કળશમાંથી ચિકનના ટુકડા મળી આવ્યા હતા. કહેવાય છે કે કળશમાં પાણી ભરવા ગયેલા એક વેપારીની નજર માંસના ટુકડા પર પડતાં મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો.

આ પ્રકરણે પાલઘર પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૯૮ હેઠળ એફઆઈઆર નોંધ્યો હતો. ધાર્મિક ભાવના દુભાવનારા આ હીન કૃત્યની ક્રાઈમ બ્રાન્ચે સમાંતર તપાસ હાથ ધરી હતી. મનોર તાલુકાના દહિસર ગાંવમાં રહેતા પાટીલને તાબામાં લઈ પૂછપરછ કરવામાં આવતાં તેણે ગુનો કબૂલ્યો હોવાનો દાવો પોલીસે કર્યો હતો. પૂછપરછમાં આરોપીએ

(જુઓ પાનું ૪) ▶▶

મહિલા ડૉક્ટરની આત્મહત્યાના કેસમાં પોલીસ સબ-ઈન્સ્પેક્ટરની ધરપકડ

પુણે/સાતારાઃ સાતારા જિલ્લામાં સરકારી હૉસ્પિટલની મહિલા ડૉક્ટરની આત્મહત્યાના ચકચારી કેસમાં પોલીસે શનિવારે સબ-ઈન્સ્પેક્ટર ગોપાલ બદાનેની ધરપકડ કરી હતી.

જિલ્લા સુપરિન્ટેન્ડેન્ટ ઑફ પોલીસ તુષાર દોશીએ જણાવ્યું હતું કે બદાનેએ શનિવારની સાંજે સાતારાના ફલટણ ગ્રામીણ પોલીસ સ્ટેશનમાં આત્મસમર્પણ કર્યા પછી તેની ધરપકડ કરવામાં આવી હતી.

આ કેસમાં શનિવારની સવારે જ ફલટણ પોલીસ સ્ટેશનની ટીમે મકાનમાલિકના સૉફ્ટવેર એન્જિનિયર પુત્ર પ્રશાંત બનકરની પણ ધરપકડ કરી હતી. મહિલા ડૉક્ટરે આત્મહત્યા પૂર્વે તેની હથેળીમાં બદાને સહિત બનકરનું પણ નામ લખીને આક્ષેપ કર્યો હતો.

મહિલા ડૉક્ટરને માનસિક ત્રાસ આપીને આત્મહત્યા માટે ઉશ્કેરવાનો બનકર પર આરોપ છે. શનિવારે તેને સાતારા ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં હાજર કરાયો હતો. અદાલતે તેને ચાર દિવસની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

મરાઠવાડાના બીડ જિલ્લાની ડૉક્ટર સાતારા જિલ્લાની સરકારી હૉસ્પિટલમાં નોકરી કરતી

(જુઓ પાનું ૪) ▶▶

દેવેન્દ્ર ફડણવીસના રાજીનામાની માગણી

સાતારાના ફલટણની તાલુકા હોસ્પિટલમાં કાર્યરત મહિલા ડોક્ટરની આત્મહત્યાની ઘટના બાદ વિપક્ષ દ્વારા સત્તાધારી પક્ષો અને રાજ્યના ગૃહ પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પર જોરદાર ટીકા કરવામાં આવી રહી છે.

આ દરમિયાન કોંગ્રેસના સાંસદ પ્રણિતી શિંદેએ રવિવારે મૃતક મહિલા ડોક્ટરના પરિવારજનોની મુલાકાત લઈ તેમના ખબર-અંતર પૂછ્યા હતા અને તેમને સાંત્વના આપી હતી.

સાંસદ પ્રણિતી શિંદેએ આ સમયે રાજ્યના મુખ્ય પ્રધાન તેમજ ગૃહપ્રધાન દેવેન્દ્ર ફડણવીસની ટીકા કરી હતી, અને તેમના રાજીનામાની પણ માગણી કરી હતી. પ્રણિતી શિંદેએ કહ્યું કે, રાજ્યના ગૃહપ્રધાન અને મુખ્ય પ્રધાન વારંવાર ફરિયાદ કરવા છતાં મહિલાઓને સુરક્ષા આપવાને બદલે મહિલા

(જુઓ પાનું ૪) ▶▶

'અમારી બહેનને ન્યાય અપાવ્યા વિના જંપીશું નહીં'

મુંબઈઃ સાતારાના ફલટણ હોસ્પિટલમાં મહિલા ડોક્ટરના આત્મહત્યા કેસમાં શિવસેના (ઠાકરે)ના નેતા અંબાદાસ દાનવેએ ભાજપના નેતા અને ભૂતપૂર્વ સાંસદ રણજિત નિંબાલકરનું નામ લીધું હતું. દાનવે અને અન્ય વિરોધીઓએ કહ્યું હતું કે આત્મહત્યા કરતા પહેલા મૃતક યુવતીના પત્રમાં સાતારાના સાંસદનું નામ હતું. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રવિવારે આ અંગે ટિપ્પણી કરી હતી.

દેવેન્દ્ર ફડણવીસ સતારા જિલ્લાના ફલટણની મુલાકાતે હતા. તેમણે દાવો કર્યો હતો કે કેટલાક લોકોએ તેમની મુલાકાત રદ કરાવવાનો પ્રયાસ કર્યો હતો. અંબાદાસ દાનવેએ રવિવારે સવારે એક્સ પર પોસ્ટ કરી હતી, જેમાં કહ્યું હતું કે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ મહિલા ડોક્ટર આત્મહત્યા કેસમાં

(જુઓ પાનું ૪) ▶▶

આ આત્મહત્યા નથી, પણ હત્યા છેઃ રાહુલ ગાંધી

લોકસભામાં વિરોધ પક્ષના નેતા અને સાંસદ રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને એક મહિલા ડોક્ટરની આત્મહત્યાના કેસ પર પ્રતિક્રિયા આપી છે અને ગંભીર આરોપો લગાવ્યા છે, 'આ આત્મહત્યા નથી, પણ સંસ્થાકીય હત્યા છે.' એમ જણાવતા તેમણે મહારાષ્ટ્રમાં ભાજપ સરકારના અમાનવીય અને નિર્દય કાર્યવાહીની પણ ટીકા કરી હતી. બળાત્કાર અને ઉત્પીડનથી કંટાળીને મહારાષ્ટ્રના સાતારાના ફલટનની ડોક્ટરની આત્મહત્યા કોઈપણ સભ્ય સમાજ માટે આઘાતજનક છે. બીજાનું દુઃખ ઓછું કરવાની ઇચ્છા ધરાવતી એક ડોક્ટર ભ્રષ્ટ સત્તા અને સત્તા પર બેસેલા ગુનેગારો દ્વારા ઉત્પીડનનો ભોગ બની. જેમને ગુનેગારોથી

(જુઓ પાનું ૪) ▶▶

તોફાની પવનોને કારણે સેંકડો માછીમારી બોટ પરત ફરી

મુંબઈ નજીક એક બોટ ડૂબી, પણ ખલાસીઓ બચી ગયા

ઉરણઃ રવિવારે અચાનક સર્જાયેલા તોફાની પવનને કારણે, ત્રણ દિવસ પહેલા ઊંડા દરિયામાં માછીમારી માટે ગયેલી બોટો અધવચ્ચેથી પાછી ફરી છે. દરમિયાન મુંબઈથી થોડા અંતરે આવેલા ઉરણ વિસ્તારમાં એક માછીમારી બોટ ડૂબી ગઈ હતી. જોકે તેના ક્રૂને બચાવી લેવામાં આવ્યા છે. આ સિઝનમાં આ નવમી વખત વાવાઝોડાને કારણે માછીમારોને જબરદસ્ત આર્થિક નુકસાન થયું છે. દરિયો તોફાની બનતાં જોખમી સિગ્નલ દર્શાવવવામાં આવ્યુ હતું. આ કારણે માછીમારી માટે રવાના થયેલી બોટોને પાછા ફરવું પડ્યું હતું. આ ફેરી માટે બરફનો ખર્ચ કરનાર ૨૫૦થી વધુ બોટોએ કરંજા બંદરે અને ૧૮૦થી વધુ બોટોએ કોકણના વિવિધ બંદરો પર આશરો લીધો હતો. આ તોફાની પવનને

(જુઓ પાનું ૪) ▶▶

ક્યારે લેશે વિદાય?... દિવાળીનું વેકેશન ચાલી રહ્યું છે ત્યારે રવિવારે બજારોમાં, પર્યટનસ્થળોએ ભીડ જામી હતી, પરંતુ વરસાદને કારણે લોકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. (અમય ખરાડે)

૩૦ ઑક્ટોબર સુધી વરસાદની ચેતવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ, થાણે, નવી મુંબઈ સહિતના મુંબઈ મેટ્રોપોલિટન રિજન વિસ્તારમાં રવિવાર બપોરથી ઝરમર રહેલા વરસાદે સાંજ સુધીમાં જોશભેર ત્રાટક્યો હતો. મુંબઈના અનેક વિસ્તારોમાં પવન ફૂંકાવાની સાથે જમુશળધાર વરસાદ પડ્યો હતો. ભારતીય હવામાન વિભાગે ૨૬થી ૩૦ ઑક્ટોબર સુધી મુંબઈ, કોંકણ સહિતના રાજ્યના મોટાભાગના વિસ્તારમાં પવન ફૂંકાવાની સાથે જ હળવાથી મધ્યમ સ્વરૂપના વરસાદની ચેતવણી આપી

(જુઓ પાનું ૪) ▶▶

આજે અમિત શાહ મુંબઈની મુલાકાતે

મુંબઇઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અને ભાજપના દિગ્ગજ નેતા અમિત શાહ મુંબઇ આવવાના છે અને ભાજપના નવા પ્રદેશ કાર્યાલયનું ભૂમિપૂજન કરશે. તાજેતરના અહેવાલો અનુસાર, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સોમવાર, ૨૭ ઑક્ટોબરે મુંબઇ આવવાના છે. એક મહિનામાં આ તેમની બીજી મુંબઈ મુલાકાત છે. સત્તાવાર રીતે તેઓ મેરિટાઇમ બોર્ડના એક કાર્યક્રમમાં હાજરી આપવા માટે મુંબઇ આવી રહ્યા છે, પરંતુ આધારભૂત સાધનો પાસેથી મળતી માહિતી અનુસાર આ મુલાકાત દરમિયાન તેઓ ભાજપની નવી પ્રદેશ કચેરીનું ભૂમિપૂજન કરશે. તેઓ ઑગસ્ટ ૨૦૨૫ના અંતમાં બે દિવસની મુલાકાત માટે મુંબઇમાં પણ હતા.

જોકે આગામી મુલાકાત માટે ચોક્કસ સમયપત્રક જાહેર કરવામાં આવ્યો નથી, પરંતુ મુંબઇની તેમની અગાઉની યાત્રાઓમાં ઘણીવાર રાજકીય અને સાંસ્કૃતિક કાર્યક્રમોનો સમાવેશ થાય છે. ભૂતકાળની મુલાકાતોના આધારે, સંભવિત પ્રવાસ કાર્યક્રમમાં સામેલ હોઇ શકે છે. આગામી રાજ્ય વિધાનસભા ચૂંટણીઓ પહેલા રણનીતિ બનાવવા માટે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને મહાયુતિ ગઠબંધનના અન્ય નેતાઓ સહિત રાજ્ય નેતૃત્વ સાથે બેઠકો કરશે એવી શકયતા જણાઇ રહી છે. ■

નાલાસોપારામાં ડ્રગ્સ બનાવવાના કારખાના પર પોલીસની કાર્યવાહીઃ પાંચની ધરપકડ

૧૩.૪૪ કરોડ રૂપિયાનું એમડી અને કાચો માલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ડ્રગ્સ વિરોધી કાર્યવાહી દરમિયાન મુંબઈ પોલીસના ઝોન-૬ના અધિકારીઓની સ્પેશિયલ ટીમે નાલાસોપારામાં ધમધતા ડ્રગ્સ બનાવવાના કારખાના પર કાર્યવાહી કરી હતી. આ કેસમાં પોલીસે પાંચ આરોપીની ધરપકડ કરી સાત કિલો મેફેડ્રોન ડ્રગ્સ (એમડી) અને કાચો માલ મળી અંદાજે ૧૩.૪૪ કરોડ રૂપિયાની મતા હસ્તગત કરી હતી.

પકડાયેલા આરોપીઓની ઓળખ સોહેલ અબ્દુલ રૌફ ખાન (૩૬), મેહતાબ શેરઅલી ખાન (૨૯), ઈકબાલ બિલાલ શેખ (૩૩), મોહસીન કય્યુમ સૈયદ (૪૦) અને અયુબઅલી અબુબકર સિદ્દીકી (૨૩) તરીકે થઈ હતી. પોલીસ કસ્ટડીમાં રહેલા આરોપીઓની પોલીસ વધુ પૂછપરછ કરી રહી છે.

ઝોન-૬ના ડેપ્યુટી પોલીસ કમિશનર સમીર શેખે જણાવ્યું હતું કે ઘાટકોપરના છેડા નગર પરિસરમાં એક શખસ એમડી વેચવાને ઇરાદે આવવાનો હોવાની માહિતી પાંચમી ઑક્ટોબરે મળી હતી. માહિતીને આધારે પોલીસે શખસને તાબામાં લઈ તેની પાસેથી ૫૮ ગ્રામ એમડી જપ્ત કર્યું હતું. પૂછપરછમાં તેણે આપેલી માહિતી પરથી વધુ ત્રણ આરોપીને મુંબઈ અને મીરા રોડથી પકડી પાડવામાં આવ્યા હતા.

ધરપકડ કરાયેલા આરોપીઓએ પનવેલમાં રહેતા મુખ્ય આરોપી અયુબઅલી સિદ્દીકી પાસે ડ્રગ્સ પ્રાપ્ત કર્યું હોવાની જાણકારી આપી હતી. પોલીસે છટકું ગોઠવી સિદ્દીકીને અંધેરી પરિસરમાંથી તાબામાં લીધો હતો. સિદ્દીકીએ જ નાલાસોપારાના પેલ્હાર માં ખૈરપાડા ખાતેના કારખાનાની માહિતી આપી હતી. માહિતીને આધારે

(જુઓ પાનું ૪) ▶▶



કલ્યાણ શહેરમાં મંગળવારે નવ કલાક પાણી પુરવઠો બંધ

કલ્યાણઃ કલ્યાણ અને કલ્યાણ નજીકના ગ્રામીણ વિસ્તારોનો પાણી પુરવઠો મંગળવારે સવારે નવ થી સાંજે છ વાગ્યા સુધી બંધ રાખવામાં આવશે. આ કારણે કલ્યાણ પૂર્વ અને પશ્ચિમ, તેમજ કલ્યાણ શહેરની નજીકના ગ્રામીણ વિસ્તારો જેવા કે વડવલી, શહાડ, ટિટવાળા, માંડા વિસ્તારોમાં મંગળવારે કલ્યાણ ડોમ્બિવલી મહાનગરપાલિકા દ્વારા પાણી પુરવઠો બંધ રખાશે.

બારવે અને મોહિલી ખાતેના પમ્પિંગ અને જળ શુદ્ધિકરણ કેન્દ્રોમાં ઉલ્હાસ નદીમાંથી પાણી ઉપાડવામાં આવે છે. આ પાણી ઉપાડતી વખતે નદીના પટમાંથી વહીને આવતો પાંદડા-કચરો, ડુંગર-ખીણમાંથી વહીને આવતી માટી નદીના પટમાંથી મહાનગરપાલિકાની મોહિલી, બારવે ખાતેની પાણી ઉપાડવાની મશીનરીમાં અટકી જાય છે. જો આ મશીનરીને સમયસર સાફ કરવામાં ન આવે તો પમ્પિંગ સ્ટેશન નજીકની મશીનરી ખરાબ થઈ જાય છે.

છેલ્લા પાંચ મહિનામાં મહાનગરપાલિકાએ મશીનરીમાં આઠથી દસ વખત પાણી પુરવઠો બંધ રાખીને ફસાયેલા કચરાની સફાઈ કરી છે. હવે છેલ્લા એક મહિનાના સમયગાળામાં વહીને આવેલો કચરો માર્ગમાંથી કાઢવાની જરૂરિયાત ઊભી થઈ છે. તેથી મહાનગરપાલિકાએ આ કામ આવતા મંગળવારે કરવાનું આયોજન કર્યું છે. આ યાંત્રિક કાર્ય પૂર્ણ કરવામાં નવ કલાક લાગશે, એમ મહાનગરપાલિકાના પાણી પુરવઠા વિભાગના ઇજનેરે જણાવ્યું હતું.

કલ્યાણ પૂર્વના કોળસેવાડી, ચિંચપાડા, કૈલાસનગર, વાલધુની, વિજયનગર, નેતિવલી, ચક્કીનાકા, પત્રીપુલ, લોકગ્રામ,

(જુઓ પાનું ૪) ▶▶

હેડફોન લગાવી રીલ બનાવવાના ઉત્સાહમાં બે યુવક ટ્રેન નીચે કચડાયા

રેલવે ટ્રેક પર જોખમી રીતે રીલ બનાવવા જતાં ધસમસતી ટ્રેન બન્ને યુવક પર ફરી વળી

જળગાંવઃ જળગાંવ જિલ્લાના પથરાડ ગામ નજીક બનેલી આંચકાજનક ઘટનામાં રીલ બનાવવાના પ્રયાસમાં બે યુવકે જીવ ગુમાવ્યા હતા. સુરત-ભુસાવળ માર્ગ પરની રેલવે ટ્રેક પર કાનમાં હેડફોન લગાવીને જોખમી રીતે રીલ બનાવી રહેલા બન્ને યુવક પરથી એક્સપ્રેસ ટ્રેન ફરી વળી હતી.

પાળધી પોલીસના જણાવ્યા મુજબ આ કરુણ ઘટના રવિવારની સવારે ૧૧ વાગ્યાની આસપાસ બની હતી. ઘટનામાં મૃત્યુ પામેલા

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**